# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 98 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 April 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૬ એપ્રિલ ૨૦૨૫, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીક એન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


પહલગામ આતંકવાદી હુમલો

## સાતમાંથી એક ત્રાસવાદી ઠાર

### ઍન્કાઉન્ટરમાં લશ્કરે તૈયબાનો અલ્તાફ લાલી મરાયો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ સુરક્ષા દળે ત્રણ દિવસની અથાક મહેનત બાદ બાંદીપોરા ઍન્કાઉન્ટરમાં લશ્કરે તૈયબા (એલઈટી)ના ટોચના કમાન્ડર અલ્તાફ લાલીને ઠાર માર્યો હતો. સુરક્ષા દળનો દાવો છે કે અલ્તાફ પણ પહલગામ આતંકવાદી હુમલાનો હિસ્સો હતો. સેનાના જવાનોએ શુક્રવારે દક્ષિણ કાશ્મીરના ત્રાલ અને બિજબિહાડા વિસ્તારમાં લશ્કરે તૈયબાના બે આતંકવાદીના ઘરનો નાશ કર્યો હતો.

સુરક્ષા અધિકારીઓનું કહેવું છે કે તપાસ અભિયાન દરમિયાન આ ઘરમાં રાખેલા વિસ્ફોટકોમાં જાતે (જુઓ પાનું ૨) ▶▶






પાક સંરક્ષણ પ્રધાનની કબૂલાત

## ‘અમે આતંકવાદને પોષ્યો, ભંડોળ પૂરું પાડ્યું’

લંડનઃ દાયકાઓ સુધી અમે આતંકવાદને પ્રોત્સાહન, તાલીમ અને ભંડોળ પૂરું પાડવાનું પશ્ચિમના દેશોનું ગંદુ કામ કર્યું છે એવી કબૂલાત પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કરી હતી અને કહ્યું હતું કે આ ભૂલની સજા પાકિસ્તાન ભોગવી રહ્યું છે.

૨૮ નિર્દોષ નાગરિકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલા અંગે પાકિસ્તાનના વલણ અને પ્રતિક્રિયા અંગે ન્યૂઝ પ્રેઝન્ટર યાલદા હાકીમે આસિફને સવાલ કર્યો હતો કે શું તમે કબૂલ કરો છો કે (જુઓ પાનું ૨) ▶▶

## અમિત શાહની રાજ્યના મુખ્ય પ્રધાનોને તાકીદ

### કોઈ પાકિસ્તાની નાગરિક ૨૭મી એપ્રિલ પછી ભારતમાં ન રહે તેની ખાતરી કરો

નવી દિલ્હીઃ પહલગામ નરસંહાર બાદ પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકની અંદર ભારત છોડી જવાનું ગુરુવારે જણાવ્યા બાદ ગૃહ પ્રધાન અમિત શાહે કોઈ પાકિસ્તાની નિર્ધારિત સમયમર્યાદા કરતાં વધુ સમય ભારતમાં ન રહે તેની ખાતરી કરવાનું તમામ રાજ્યના મુખ્ય પ્રધાનને શુક્રવારે જણાવી દીધું હતું. ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલા બાદનો આ સૌથી ઘૃણાસ્પદ હુમલો હતો.

૨૮ નિર્દોષ નાગરિકો (મોટાભાગના પર્યટકો)નો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશ વચ્ચે તણાવપૂર્ણ પરિસ્થિતિ નિર્માણ પામ્યા બાદ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા વિઝા ૨૭ એપ્રિલથી રદ કરવાની ભારતે ગુરુવારે જાહેરાત કરી હતી અને પાકિસ્તાનમાં રહેતા ભારતીયોને પણ વહેલામાં વહેલી તકે ભારત પાછા આવી જવાની સલાહ આપી હતી. અમિત શાહે તમામ રાજ્યના મુખ્ય પ્રધાનને વ્યક્તિગત (જુઓ પાનું ૨) ▶▶


















## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુઓની એકતા અને મરદાના મિજાજ આતંકવાદનો ખાતમો કરી શકે

**પહલગામમાં** થયેલા આતંકવાદી હુમલાને પગલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આ હુમલાનો જવાબ આપવા ને ભવિષ્યમાં આ પ્રકારનાં હુમલા રોકવા શું કરવું તેનું મનોમંથન શરૂ કર્યું છે. તેના ભાગરૂપે પાકિસ્તાન સામે પ્રતિબંધાત્મક પગલાંની જાહેરાત કરાઈ ને સર્વપક્ષીય બેઠક પણ બોલાવાઈ. આ બેઠકમાં તમામ વિપક્ષોએ એક અવાજે સરકાર જે પણ પગલાં લે તેને ટેકો જાહેર કરીને પહલગામ હુમલા સામે દેશ એક છે ને મોદી સરકારને પડખે છે એવો સ્ટ્રોંગ મેસેજ આપ્યો. એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસીએ હુમલાના વિરોધમાં શુક્રવારની નમાજમાં તમામ મુસ્લિમો કાળી પટ્ટી પહેરીને હુમલાનો વિરોધ કરે ને આક્રોશ ઠાલવે એવી અપીલ કરી તેનું પણ વ્યાપક રીતે પાલન થયું.

મોદી સરકાર દેશની એકતા બતાવવા પ્રયત્નો કરી રહી છે એ જરૂરી છે. આતંકવાદ માત્ર સરકારની સમસ્યા નથી પણ આખા દેશની સમસ્યા છે તેથી આતંકવાદ સામેની લડાઈમાં આખો દેશ સરકારને પડખે હોવો જ જોઈએ. સદનસીબે દેશમાં અત્યારે એ જ પ્રકારનો માહોલ પેદા થઈ ગયો છે ત્યારે કેટલાંક નાસમજ ને નાદાન પરિબળો જુદી જ વાત કરી રહ્યા છે. આ પરિબળો ભારતમાં મુસ્લિમોના આર્થિક બહિષ્કાર કરવાની હાકલના મેસેજ વાયરલ કરી રહ્યા છે.

અત્યારે દેશભરનાં લોકોમાં દેશપ્રેમની ભાવના પેદા થયેલી છે અને લોકોના મનમાં આક્રોશ છે તેથી મોટા ભાગનાં લોકોને આ વિચાર ગમે પણ છે. આ પ્રકારના મેસેજ મોટા પ્રમાણમાં ફોરવર્ડ થઈ રહ્યા છે તેના પરથી જ લાગે કે, આ વિચાર એક મોટા વર્ગને આકર્ષી રહ્યો છે પણ આ મુદ્દે લોકોએ શાંત ચિત્તે વિચારવાની જરૂર છે. અત્યારે આપણી સમસ્યા આતંકવાદ સામે કઈ રીતે લડવું એ છે. મોદી સરકારે પણ એ વાત પર ભાર મૂક્યો છે કે, આતંકવાદ સામે આખો દેશ એક થઈને ઊભો રહે એ જરૂરી છે ત્યારે આ પ્રકારના મેસેજ ફરતા ના થાય એ જરૂરી છે. આ પ્રકારના મેસેજ ફરતા થાય તેના કારણે એવી છાપ ઊભી થાય છે કે, ભારતમાં મુસલમાનોને ટાર્ગેટ કરાઈ રહ્યા છે, તેમની સામે ઉશ્કેરણી થઈ રહી છે.

આ છાપના કારણે સમસ્યા મોદી સરકાર માટે જ ઊભી થવાની છે કેમ કે આંતરરાષ્ટ્રીય સ્તરે જે પણ સવાલો ઉભા થશે તેના જવાબ કેન્દ્ર સરકારે આપવા પડશે, જે લોકો મેસેજ ફરતા કરે છે તેમણે જવાબ નથી આપવાના. આ પ્રકારના મેસેજના કારણે તણાવ ઊભો થાય કે અશાંતિ ઊભી થાય એ પણ દેશના હિતમાં નથી ને સરકાર માટે પણ સારું નથી. અત્યારે કેન્દ્ર સરકારનું એક માત્ર લક્ષ્ય આતંકવાદને પોષતા પાકિસ્તાનને કઈ રીતે જવાબ આપવો એ છે ત્યારે કેન્દ્ર સરકાર તેનું કામ અસરકારક રીતે કરી શકે એ દેશના દરેક નાગરિકની પ્રાયોરિટી હોવી જોઈએ. તેના બદલે આ તો કેન્દ્ર સરકાર માટે જ નવી સમસ્યાઓ ઊભી કરાઈ રહી છે.

બીજું એ કે, કાશ્મીરમાં થયેલો હુમલો મુસ્લિમ સમુદાયનાં લોકોએ કર્યો છે તેથી તેમને એકલા પાડી દેવા જોઈએ એ વિચારધારા જ ખોટી છે. આ વિચારધારા કોની છે? ભાજપની કે હિંદુવાદીઓની છે? સરકારની છે? બિલકુલ નહીં. આ વિચારધારા કોઈને સૂઝેલા તુક્કામાંથી ઉદ્‌ભવી છે ને આવા તુક્કાને ના પોષાય. વાસ્તવમાં આ પ્રકારની વાતો કરીને લોકો પાકિસ્તાન સહિતના ભારતમાં અરાજકતા ફેલાવવા માગતાં લોકોના હાથા બની રહ્યા છે.

પાકિસ્તાન સહિતનાં ભારત વિરોધી પરિબળો ભારતમાં ધર્મના નામે લોકો લડે ને સામસામે આવી જાય, એકબીજાને મારવા-કાપવા પર ઉતરી આવે એવું જ તો ઈચ્છે છે. ભારતમાં ધર્મના નામે ઝઘડા થાય, રમખાણો થાય, મુસ્લિમોને ટાર્ગેટ કરાય ને એ બહાને દુનિયાભરમાં ભારતની બદનામી થાય એ જ તેમનો ગેમ પ્લાન છે.

આતંકવાદીઓ લોકોને આવી ધર્મ પૂછે ને મુસ્લિમ નથી એવાં લોકોને ઉડાવી દે એ આ ગેમ પ્લાનનો હિસ્સો છે. આ પ્રકારની હરકતો પહેલાંથી લખાયેલી સ્ક્રીપ્ટનો હિસ્સો છે પણ આ સ્ક્રીપ્ટ આ દેશના મુસલમાનોએ નથી લખી. આ હુમલો પણ આ દેશના મુસલમાનોએ નથી કરાવ્યો પણ પાકિસ્તાનમાં બેઠેલા લોકોએ કરાવ્યો છે.

આ સ્ક્રીપ્ટ પાકિસ્તાનના કટ્ટરવાદી અને ભારતની પ્રગતિથી ઈર્ષ્યા કરતા ધર્માંધ લોકોએ લખી છે. ભારત સામે સીધા યુદ્ધમાં જીતી શકાય તેમ નથી તેથી આ રીતે લોકોને સામસામે લડાવીને ભારતમાં હિંસા અને અરાજકતા ફેલાવવાનો બદઈરાદો ધરાવતાં લોકોએ લખી છે. હિંદુઓએ આ સ્ક્રીપ્ટનો ભાગ ના બનવું જોઈએ અને આ સ્ક્રીપ્ટ પ્રમાણે ના વર્તવું જોઈએ. આતંકવાદીઓને મદદ કરે છે એવા દેશદ્રોહીઓને કે દેશના ગદ્દારોને ટાર્ગેટ કરાય તેમાં કશું ખોટું નથી પણ મુઠ્ઠીભર લોકોના કારણે એક સમાજ પર આતંકવાદીનું લેબલ લગાવી દેવું યોગ્ય નથી.

બીજું એ પણ સમજવાની જરૂર છે કે, વાસ્તવિક રીતે પણ મુસ્લિમોનો આર્થિક બહિષ્કાર શક્ય નથી. મુસ્લિમોની હોટલમાં ના ખાવું કે તેમની દુકાનમાંથી વસ્તુ ના લેવી એવા મેસેજનો મારો ચાલી રહ્યો છે પણ મુસ્લિમો આ દેશના હિંદુઓ કે બીજાં લોકો સાથે માત્ર રેસ્ટોરન્ટ પૂરતા કે દુકાનો પૂરતા જોડાયેલા નથી. નાનાં નાનાં કારીગર વર્કથી માંડીને મેડિકલ સુધીના બધાં ક્ષેત્રમાં મુસ્લિમો છે. તેમનો કઈ રીતે બહિષ્કાર કરી શકાય? જે લોકો મુસ્લિમોનો આર્થિક બહિષ્કાર કરવો જોઈએ એવી વાતો કરે છે તેમણે એ પણ સમજવું જોઈએ કે, આપણે વાપરીએ છીએ પેટ્રોલ-ડીઝલ માટેનું મોટા ભાગનું ક્રૂડ ઓઈલ મુસ્લિમ રાષ્ટ્રોમાંથી જ આવે છે. આપણે પેટ્રોલ-ડીઝલનો વપરાશ બંધ કરી શકીએ ? ને અહીં મુસ્લિમોના આર્થિક બહિષ્કાર સામે મુસ્લિમ રાષ્ટ્રો આપણને ક્રૂડ આપવાનું બંધ કરે તો શું થાય? શાંતિથી વિચારજો ને એક વાત સમજજો કે કોઈ પણ ધાર્મિક સમુદાય માત્ર પોતાના દમ પર ના ટકી શકે. ઈઝરાયલ જેવો કટ્ટર મુસ્લિમ વિરોધી દેશ પણ મુસ્લિમ રાષ્ટ્રો સાથે સંબંધો રાખે જ છે.

હિંદુઓએ સૌથી મોટી વાત તો એ સમજવાની જરૂર છે કે, મુસ્લિમોનો આર્થિક બહિષ્કાર કરવાથી કાશ્મીરમાં પાકિસ્તાન આતંકવાદ બંધ કરી દેવાનું નથી. કાશ્મીરમાં આતંકવાદ બંધ કરાવવો હોય તો હિંદુઓએ એક થવું પડે ને એક થઈને લડવું પડે. મુસ્લિમોના આર્થિક બહિષ્કારમાં મર્દાનગી નથી. મર્દાનગી કાશ્મીરમાં જઈને આતંકવાદીઓ સામે લડવામાં છે. હિંદુઓએ કાશ્મીરી પંડિતોને પાછા કાશ્મીરમાં વસાવવા જોઈએ, તેમની સાથે જઈને રહેવું જોઈએ, આતંકવાદીઓનો મુકાબલો કરવો જોઈએ, કાશ્મીરને સુરક્ષિત બનાવવું જોઈએ.

ભારતમાંથી ૧૦ લાખ હિંદુઓ પંડિતોની સાથે જઈને કાશ્મીર ખીણમાં રહેવા જાય તો આપોઆપ આતંકવાદીઓ ફફડી જાય. સરકાર હિંદુઓને વસાવવા તૈયાર છે, શસ્ત્રો આપવા તૈયાર છે પણ જરૂર હિંદુઓમાંથી ૧૦ લાખ મરદ મિજાજના માણસોની છે. હવે કલમ ૩૭૦ નથી ત્યારે દેશનો ગમે તે હિંદુ કાશ્મીરમાં જઈને વસી શકે ને દેશ માટે લડી શકે. ગોળીનો જવાબ ગોળીથી મળવા માંડશે પછી કોઈ આતંકવાદીની તાકાત નથી કે આવીને હુમલો કરી શકે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, શનિવાર, તા. ૨૬-૪-૨૦૨૫, શિવરાત્રિ, ભદ્રા

- ભારતીય દિનાંક ૬, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૬-૨૬ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ૨૭-૩૮ (તા. ૨૭) પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮ સુધી (તા. ૨૭), પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૫૭, રાત્રે ક. ૨૨-૫૩
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૮ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - ત્રયોદશી. ચતુર્દશી ક્ષયતિથિ છે. શિવરાત્રિ, ભદ્રા સવારે ક. ૦૮-૨૭થી સાંજે ક. ૧૮-૪૧. પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવરાત્રિ ઉપવાસ, રાત્રિ જાગરણ, બ્રાહ્મણ દ્વારા શિવ-પાર્વતી પરિવાર પૂજા, ધ્રુવ દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સત્યનારાયણ કથા વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી હનુમાન ચાલીસા, શ્રી સુંદરકાંડ પાઠ વાંચન, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચાના કામકાજ, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, બી વાવવું, ખેતીવાડી,
- આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ સહાનુભૂતિવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

**પહલગામ હુમલો**

# સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ ઍન્ટોનિયો ગટેરેસે ભારત-પાકને સંયમ જાળવવાની કરી વિનંતી

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે નિર્માણ પામેલી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલા સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ ઍન્ટોનિયો ગટેરેસે

ભારત-પાકને સંયમ જાળવવાની અને પરિસ્થિતિ વધુ ન વકરે તેની ખાતરી કરવાની વિનંતી કરી હતી.

ગટેરેસના પ્રવક્તા સ્ટિફન ડૂજારિકે કહ્યું હતું કે બાવીસ એપ્રિલે ૨૮ નિર્દોષ નાગરિકોનો ભોગ લેનારાં જમ્મુ-કાશ્મીરના પહલગામમાં કરવામાં આવેલા ઘૃણાસ્પદ આતંકવાદી હુમલાને અમે વખોડીએ છીએ.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશ વચ્ચે તણાવ વધી રહ્યો છે ત્યારે શું ગટેરેસે ભારત અને પાકિસ્તાન સરકાર સાથે એ મુદ્દે વાતચીત કરી છે? એ પ્રકારના પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા સ્ટિફને કહ્યું હતું કે ગટેરેસેની બંનેમાંથી કોઈ દેશની સરકાર સાથે સીધી વાતચીત નથી થઈ, પરંતુ એટલું ચોક્કસપણે કહી શકાય એમ છે કે તેઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને ભારે ચિંતામાં છે.

ગટેરેસે બંને દેશને સંયમ જાળવવાની તેમ જ પરિસ્થિતિ વધુ ન વકરે તેની ખાતરી કરવાની અને સમસ્યાનો શાંતિપર્ણ વાટાઘાટ મારફતે ઉકેલ લાવવાની અપીલ કરી છે.

પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરાર રદ કરવાના ભારતના નિર્ણય અંગે સ્ટિફને કહ્યું હતું કે મને લાગે છે કે આ મામલે અમેરિકા પણ બંને દેશને સંયમ જાળવવાની અને પરિસ્થિતિ વધુ ન વકરે તેની ખાતરી કરવાની તેમ જ સમસ્યાનો શાંતિપૂર્ણ વાટાઘાટ મારફતે ઉકેલ લાવવાની અપીલ કરશે.

અગાઉ આ અઠવાડિયે ગટેરેસે પહલગામ આતંકવાદી હુમલાને ભારપૂર્વક વખોડી કાઢ્યો હતો અને અસરગ્રસ્ત પરિવાર પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. નાગરિકો પર કરવામાં આવેલો હુમલો કોઈ પણ સંજોગોમાં અસ્વીકાર્ય હોવાનું તેમણે કહ્યું હતું.

દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાના ૭૯મા સત્રના પ્રમુખ ફિલેમોન યાન્ગે ઘટના અંગે શોક વ્યક્ત કરી અસરગ્રસ્તોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ દર્શાવી હતી. નાગરિકો પરનો હુમલો કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી અને તેને ન્યાયી ન ઠેરવી શકાય, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## કાશ્મીરના હુમલાને અનેક દેશના રાજદ્વારીઓએ પણ વખોડ્યો

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ અહીં ભારતે યોજેલા એક કાર્યક્રમમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના અનેક દેશના રાજદ્વારીઓએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર હુમલો કરનારા ત્રાસવાદીઓ સામે ફિટકાર વરસાવ્યો હતો.

અહીં આવેલા ભારતના કાયમી દૂતાવાસ દ્વારા 'એમ્પાવરિંગ ધ ડિજિટલ સિટીઝન ઑફ ધ ફ્યુચરઃ ટૉવર્ડ્સ ઍન ઇન્ટિગ્રેટેડ ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાન્ટ્રક્ચર' અંગે યોજાયેલા ખાસ કાર્યક્રમમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના વિવિધ દેશના રાજદૂતોએ આ હુમલાને વખોડી કાઢ્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાના ૭૯મા સત્રના પ્રમુખ ફિલેમન યાંગે જણાવ્યું હતું કે અમે બધા જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં ત્રાસવાદીઓએ કરેલા હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવાર અને અન્ય સગાના દુઃખમાં સહભાગી છીએ.

યાંગે જણાવ્યું હતું કે સામાન્ય નાગરિકોને લક્ષ્ય બનાવીને કરાતા હુમલાને કોઇ પણ સંજોગમાં ચલાવી ન લેવાય.

ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અને ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઇન્ફોર્મેશન ટૅક્નૉલૉજી મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે આ ત્રાસવાદી હુમલામાં અનેક નિર્દોષ લોકોના જાન ગુમાવ્યા છે. અમારા દુઃખમાં સહભાગી થનારા બધાના આભારી છીએ.

સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે જણાવ્યું હતું કે અમે મુશ્કેલ પરિસ્થિતિમાં ભારતને સાથ-સહકાર આપનારા મિત્ર-રાષ્ટ્રો અને ભાગીદારોનો આભાર માનીએ છીએ. ત્રાસવાદીઓના આ કૃત્યને કોઇ પણ સંજોગમાં ચલાવી નહિ લઇએ. બ્રાઝિલના નાયબ કાયમી પ્રતિનિધિ નોર્બેર્ટો મોરેટીએ જણાવ્યું હતું કે અમારો દેશ કપરા સમયમાં ભારતની સાથે છે. અમે ત્રાસવાદીઓના કૃત્યને વખોડી કાઢીએ છીએ. (એજન્સી) ■

## અમિત શાહે સિંધુ જળ કરાર સંબંધે ઉચ્ચ સ્તરની બેઠક યોજી

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સિંધુ જળ કરાર સ્થગિત કરવાના ભારતના નિર્ણયને લગતા ભાવિ પગલાં અંગે ચર્ચા કરવા શુક્રવારે ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી.

કેન્દ્રના જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલ અને વિવિધ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

અગાઉ, ભારતે ૧૯૬૦ના સિંધુ જળ કરાર તાત્કાલિક સ્થગિત કરવાના પોતાના નિર્ણયની પાકિસ્તાનને પણ જાણ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે પાકિસ્તાને આ કરારની શરતોનો ભંગ કર્યો છે.

ભારતના જળસ્રોત વિભાગના સચિવ દેવાશિષ મુખરજીએ પાકિસ્તાનના જળસ્રોત વિભાગના સચિવ સૈયદ અલી મુર્તઝાને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદ ફેલાવીને કરારની જોગવાઇનો ભંગ કર્યો છે અને તેથી ભારતે કરારનો અમલ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.ભારતે સિંધુ જળ કરારનો અમલ સ્થગિત કરવાના નિર્ણયના સંબંધમાં જાહેરનામું પણ બહાર પાડ્યું હતું.

દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઉમર અબદુલ્લાએ જણાવ્યું હતું કે અમે ક્યારેય સિંધુ જળ કરારના પક્ષમાં નહોતા. આ કરાર રાજ્યના લોકોના હિતમાં નહોતો. અગાઉ, પાકિસ્તાને જણાવ્યું હતું કે પાકિસ્તાનના હકનું પાણી અટકાવવાના પગલાંને 'યુદ્ધ સમાન' ગણવામાં આવશે. (એજન્સી) ■

## 'સંસદે પસાર કરેલો ખરડો કાયદો બને ત્યાર બાદ તેનો અમલ રોકવાની સત્તા અદાલત પાસે નથી'

નવી દિલ્હીઃ કેન્દ્રે સર્વોચ્ચ અદાલતમાં શુક્રવારે સુધારિત વક્ફ કાયદાનો બચાવ કરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ અદાલત વક્ફ કાયદાના અમલને સંપૂર્ણ કે આંશિક રીતે અટકાવી ન શકે. સંસદે બંધારણ મુજબ પસાર કરેલો ખરડો કાયદો બને, તે પછી તેનો અમલ રોકવાની અદાલત પાસે સત્તા નથી. કેન્દ્રે સુધારિત વક્ફ કાયદાની યોગ્યતાને પડકારતી અરજીઓને કાઢી નાખવા સર્વોચ્ચ અદાલતને વિનંતિ કરી હતી અને તેના સંબંધમાં ૧,૩૩૨ પાનાંનું પ્રાથમિક સોગંદનામું નોંધાવ્યું હતું.

તેણે જણાવ્યું હતું કે આ કાયદાની વિરુદ્ધ કિન્નાખોરીના ઇરાદાથી ખોટી વાત ફેલાવાય છે. અદાલત જો કાયદાનો અમલ સંપૂર્ણ કે આંશિક અમલ રોકતો ચુકાદો આપે, તો અયોગ્ય ગણાય અને તેના ભવિષ્યમાં ગંભીર પરિણામ આવી શકે છે.

કેન્દ્રે આ કાયદાની જોગવાઇનો અમલ રોકવા કોઇ આદેશ નહિ આપવા મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાને વિનંતિ કરી હતી.

કેન્દ્રે દલીલ કરી હતી કે વક્ફની મિલકતમાં ૨૦૧૩થી અત્યાર સુધીમાં ૧૧૬ ટકાનો વધારો થયો છે, જે ઘણી આંચકાદાયક બાબત ગણાય.

સુધારિત વક્ફ કાયદાને લીધે કેન્દ્રની વક્ફ કાઉન્સિલ અને રાજ્યના વક્ફ બોર્ડમાં મુસલમાનોની સંખ્યા ઘટી જશે અને તેઓ આ સમિતિઓમાં લઘુમતીમાં મુકાઇ જશે, એવી અફવાને કેન્દ્રે પાયાવિહોણી ગણાવી હતી.

કેન્દ્રે જણાવ્યું હતું કે દેશમાંની વક્ફની જમીનમાં ૨૦૧૩ બાદ ૨૦,૯૨,૦૭૨.૫૩૬ એકરનો વધારો થયો હતો, જે ચિંતાજનક ગણાય. કેન્દ્રની વક્ફ કાઉન્સિલમાં કુલ ૨૨ સભ્યમાંથી માત્ર ચાર જ બિન-મુસલમાન સભ્ય રખાયા છે. વક્ફ કાયદાને લીધે મુસલમાનોના મૂળભૂત અધિકારોને કોઇ નુકસાન નથી થતું. (એજન્સી) ■

## ત્રાસવાદીઓ સામેની કાર્યવાહીમાં અમેરિકા ભારતની પડખેઃ વૉશિંગ્ટન

ન્યૂ યૉર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ત્રાસવાદીઓ સામેની કાર્યવાહીમાં અમેરિકા ભારતની સાથે છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદી હુમલામાં સંડોવાયેલા ત્રાસવાદીઓ, તેઓના સૂત્રધારો અને તેઓને સહાય કરનારા લોકોની સામે કડક પગલાં લેવાં જોઇએ. અમેરિકાના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા ટેમી બ્રુસે ગુરુવારે જણાવ્યું હતું કે પ્રમુખ (ડોનલ્ડ) ટ્રમ્પ અને વિદેશ પ્રધાન (માર્કો) રુબિયોએ ત્રાસવાદ સામેની લડતમાં ભારતને દરેક પ્રકારની સહાય કરવાની બાંયધરી આપી છે. શું અમેરિકા પાકિસ્તાનને આ હુમલા માટે જવાબદાર ગણે છે? અને શું વૉશિંગ્ટન ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી હળવી કરવા માટે કોઇ પગલાં લઇ રહ્યું છે? એવા સવાલના જવાબમાં ટેમી બ્રુસે જણાવ્યું હતું કે આ સવાલનો હાલમાં જવાબ આપી નહિ શકાય. તેમણે જણાવ્યું હતું કે હું તમને માત્ર એટલું જ કહી શકીશ કે એશિયાના આ બે દેશ વચ્ચેના સંબંધ ઝડપથી વણસી રહ્યા છે અને અમે તેના પર સતત નજર રાખીએ છીએ. આમ છતાં, જમ્મુ અને કાશ્મીરના દરજ્જા કે સ્થિતિ અંગે હાલમાં કોઇ નિવેદન કરવા નથી માગતા. શું ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાનની વચ્ચે મધ્યસ્થી કરવાની કોઇ ઑફર કરી છે? એવા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે મેં તમને અગાઉ કહ્યું હતું તેમ અમે હાલમાં આ મુદ્દે કંઇ જણાવી નહિ શકીએ. (એજન્સી) ■

## મેયરની ચૂંટણીમાં ભાજપનો વિજય

### રાજા ઈકબાલ સિંહ દિલ્હીના નવા મેયર

નવી દિલ્હીઃ બે વર્ષ બાદ શુક્રવારે ભાજપ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)માં સત્તા પર પાછો આવતાં ભાજપના રાજા ઈકબાલ સિંહ દિલ્હીના નવા મેયર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે નાયબ મેયર તરીકે ભાજપના જ જયભગવાન યાદવ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. 'આપ'ના ઉમેદવારે પોતાની ઉમેદવારી છેલ્લી ઘડીએ પાછી ખેંચતા યાદવને ફાયદો થયો હતો.

ઈકબાલે કૉંગ્રેસના ઉમેદવાર મનદીપ સિંહને પરાજય આપ્યો હતો. આમ આદમી પાર્ટીએ મેયરની ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

રાજા ઈકબાલ એમસીડીમાં વિપક્ષના નેતા હતા અને અગાઉ તેમણે નોર્થ એમસીડીમાં મેયર તરીકે સેવા આપી હતી. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### અમે આતંકવાદને

પાકિસ્તાનનો ઈતિહાસ આતંકવાદી સંગઠનોને પ્રોત્સાહન, તાલીમ અને ભંડોળ પૂરું પાડવાનો રહ્યો છે?

આસિફે કહ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકાથી અમે અમેરિકા સહિતના પશ્ચિમના દેશો માટે આ ગંદુ કામ કરતા હતા અને તમે જાણો જ છો કે તેમાં બ્રિટનનો પણ સમાવેશ થાય છે. એ અમારી ભૂલ છે અને તેને કારણે અમારે ઘણું સહન કરવું પડ્યું છે. આ કારણે જ તમે અમને આવા સવાલ કરી રહ્યા છો.

જો અમે સોવિયેત યુનિયન વિરુદ્ધના અને ત્યાર પછી ૯/૧૧ બાદના યુદ્ધમાં ન જોડાયા હોત તો પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ આટલો ખરાબ ન હોત, એમ તેમણે કહ્યું હતું.

આ પ્રદેશમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવવાનું મહાસત્તાઓ માટે એકદમ સરળ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ૮૦ના દાયકામાં જ્યારે અમે અમેરિકાના પક્ષે રહીને સોવિયત યુનિયન વિરુદ્ધ લડતા હતા ત્યારે આ જ આતંકવાદીઓની મદદથી તેઓ જીતતા હતા અને વૉશિંગ્ટનમાં તેમની સાથે બેસીને ભોજન કરતા હતા.

ત્યાર બાદ ૯/૧૧નો હુમલો આવ્યો અને પરિસ્થિતિનું પુનરાવર્તન થયું એમ જણાવતાં આસિફે કહ્યું હતું કે મને લાગે છે કે તે સમયે અમારી સરકારે ભૂલ કરી હતી. પાકિસ્તાનનો કાયમ પ્રોક્સી તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. પહલગામ હુમલાને મામલે પાકિસ્તાન અને પ્રતિબંધિત આતંકવાદી જૂથ લશ્કરે તૈયબા તરફ આંગળી ચીંધાઈ રહી છે, પરંતુ પાકિસ્તાનમાં લશ્કરે તૈયબા અસ્તિત્વ જ ધરાવતું નથી, એમ તેમણે કહ્યું હતું.

જો પિતૃ સંસ્થા જ અસ્તિત્વ ધરાવતી ન હોય તો તેને સંલગ્ન અન્ય સંસ્થાઓ અસ્તિત્વમાં કઈ રીતે આવી શકે, એમ આસિફે કહ્યું હતું.

પહલગામ હુમલાને પગલે પાકિસ્તાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે એવો ડર તમને સતાવે છે એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે.

ભારત જેવાં પગલાં લેશે તેને અનુરૂપ પાકિસ્તાન જવાબ આપશે, એમ તેમણે કહ્યું હતું. જો ભારત તરફથી ઑલ આઉટ ઍટેક કે એ પ્રકારનું પગલું લેવામાં આવશે તો સ્વાભાવિક રીતે પાકિસ્તાન પણ ઑલ આઉટ વૉર જાહેર કરશે, એ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### અમિત શાહ

રીતે ફોન કરી કોઈ પાકિસ્તાની નાગરિક નિર્ધારિત સમયમર્યાદા કરતાં વધુ સમય ભારતમાં ન રહે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

તેમના વિસ્તારમાં રહેતા પાકિસ્તાની નાગરિકોને ઓળખી કાઢી તેમને પાકિસ્તાન મોકલી આપવાની ખાતરી કરવાનું અમિત શાહે તમામ રાજ્યના મુખ્ય પ્રધાનને જણાવ્યું હતું. હિંદુ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા લાંબા સમયના વિઝાને આ બાબત લાગુ નહીં પડે અને તે માન્ય ગણાશે, એમ તેમણે કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા સાથે પાકિસ્તાનની કડી પ્રકાશમાં આવ્યા બાદ ભારતે પાકિસ્તાની નાગરિકોના વિઝા તત્કાળ અસરથી રદ કરવાની બુધવારે જાહેરાત કરી હતી.

આ ઉપરાંત સરકારે જાહેરાત કરી હતી કે પાકિસ્તાની નાગરિકને સાર્ક વિઝા એક્ઝમ્પશન સ્કીમ (એસવીઈએસ) અંતર્ગત પણ ભારતમાં પ્રવાસની પરવાનગી આપવામાં નહીં આવે.

એસવીઈએસ અંતર્ગત વિઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી જવાની સરકારે બુધવારે જાહેરાત કરી હતી.

હુમલાના દોષીઓને શોધી કાઢવા પૃથ્વીના અંતિમ છેડા સુધી તેમનો પીછો કરવામાં આવશે એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક કહ્યું હતું કે આતંકવાદીઓને તેમ જ તેમને ટેકો આપનારાંઓને કડકમાં કડક સજા કરવામાં આવશે. આતંકવાદ ભારતનું મનોબળ નહીં તોડી શકે, એમ તેમણે કહ્યું હતું. ગુરુવારે યોજાયેલી સર્વપક્ષી બેઠકમાં તમામ પક્ષોએ આતંકવાદ વિરુદ્ધ સરકાર દ્વારા કરવામાં આવનારી કોઈ પણ કાર્યવાહીને સંપૂર્ણ ટેકો આપવાની બાંયધરી આપી હતી. (એજન્સી) ■

### સાતમાંથી એક

જ વિસ્ફોટ થયો હતો. ૨૮ નિર્દોષ લોકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલામાં સંડોવાયેલા લશ્કરે તૈયબાના આતંકવાદીઓને શોધી કાઢવા છેલ્લાં ત્રણ દિવસથી આ અભિયાન ચાલી રહ્યું છે.

શુક્રવારે સવારે આતંકવાદીઓ આ વિસ્તારમાં સંતાયેલા હોવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત રીતે આ કાર્યવાહી આરંભી હતી. આતંકવાદીઓ સાથે સંપર્ક સાધ્યા બાદ ગોળીબાર શરૂ થયો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર પીછો કરવામાં આવેલા આતંકવાદીઓમાંથી એક પ્રારંભિક ગોળીબારમાં જ ઘાયલ થયો હતો. આ ઍન્કાઉન્ટર દરમિયાન જ બે વરિષ્ઠ અધિકારી પણ ઘાયલ થયા હતા.

સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર પહલગામ હુમલામાં તેમની કથિત ભૂમિકા પ્રકાશમાં આવ્યા બાદ પુલવામા જિલ્લાના ત્રાલમાં આસિફ શેખ અને અનંતનાગના બિજભેરામાં આદિલ થોકરના ઘરનો વિસ્ફોટ કરીને નાશ કરવામાં આવ્યો હતો.

આતંકવાદીઓ સંતાયા હોવાની શંકાને પગલે ઉધમપુર જિલ્લામાં પણ સુરક્ષા દળે સર્ચ ઑપરેશન હાથ ધર્યું છે. આ ઉપરાંત કિશ્તવાડ, કઠુઆ, રાજૌરી અને પૂંચમાં પણ સુરક્ષા દળને ગોઠવી દેવામાં આવ્યું છે.

નાસી છૂટેલા આતંકવાદીઓને પકડી પાડવા સેના, પોલીસ અને સીઆરપીએફ દ્વારા ડુડૂ-બસંતગઢમાં સર્ચ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

કિશ્તવાડના છારુ, રાજૌરીના ત્રિયાઠ, કઠુઆના લખનપુર અને પૂંચના લસાનાના આસપાસના વિસ્તારમાં પણ સર્ચ ઑપરેશન ચાલુ છે. ■

## કાશ્મીરથી મહારાષ્ટ્રીયનોને પાછા લાવવાનું કામ...

# ‘અમે કર્યું, અમે કર્યું’ની ભાજપ-શિવસેનાની હોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહલગામ આતંકવાદી હુમલાથી મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે શ્રેયવાદની લડાઈ ચાલુ થઈ ગઈ છે, દરેક પક્ષના નેતા પોતાના પક્ષના સભ્યો સાથે મળીને ફસાયેલા પ્રવાસીઓના બચાવ અને રાહત કાર્ય માટે સંકલન કરી રહ્યા છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને ભાજપના ટોચના નેતા દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે શ્રીનગરથી રાજ્યના ફસાયેલા મુસાફરોને પરત લાવવા માટે બે ફ્લાઇટની વ્યવસ્થા કરી હતી. તે જ સમયે, નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદે બુધવારે રાત્રે ખાનગી જેટમાં શ્રીનગર પહોંચ્યા હતા, તેમણે અલગથી ત્રણ ફ્લાઇટની વ્યવસ્થા કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન દ્વારા ગોઠવાયેલી એક ફ્લાઇટ ગુરુવારે બપોરે ૬૫ મુસાફરો સાથે શહેરમાં ઉતરી હતી, જ્યારે મુખ્ય પ્રધાન કાર્યાલયે ગુરુવારે બપોરે ૮૩ મુસાફરોની યાદી જારી કરી હતી.

બંને નેતાઓએ ફસાયેલા લોકોને મદદ કરવા અને પાછા લાવવા માટે કામગીરી માટે પોતાના પક્ષના નેતાઓનો સમૂહ તહેનાત કર્યો હતો, જેમાં ફડણવીસ અને શિંદે ફસાયેલા મુસાફરોને ઘરે પાછા ફરવાની વ્યવસ્થા કરવા માટે વિવિધ કેન્દ્રીય પ્રધાનો સાથે સંકલન કરી રહ્યા હતા. કોંગ્રેસે મહાયુતિ પર પ્રહાર કરતા કહ્યું છે કે જ્યારે દેશે આતંકવાદ સામે એક થવું જોઈએ ત્યારે ચડસાચડસીના વલણનું પ્રદર્શન દુર્ભાગ્યપૂર્ણ છે. મંગળવાર રાત્રે, ફડણવીસે તેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટ એક્સ પર પોસ્ટ કરી હતી કે સરકાર જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્કમાં છે. તેમણે ત્યારબાદ મૃતકો અને ઘાયલોના નામ વિશે વિગતો પોસ્ટ કરી હતી.

બુધવારે ફડણવીસના નજીકના સહાયક અને ભાજપના આપત્તિ વ્યવસ્થાપન પ્રધાન ગિરીશ મહાજનને શ્રીનગર મોકલવામાં આવ્યા હતા. મુંબઈ અને પુણેમાં સંકલનની જવાબદારી, જ્યાં પીડિતોના પાર્થિવ શરીર સાથેની ફ્લાઇટ્સ ઉતરી હતી, તે ભાજપના પ્રધાનોને સોંપવામાં આવી હતી. આશિષ શેલાર અને મંગલપ્રભાત લોઢાને સંકલન માટે મુંબઈ એરપોર્ટ જવાનું કહેવામાં આવ્યું હતું, જ્યારે ભાજપના પ્રધાન માધુરી મિસાળને પુણે એરપોર્ટ મોકલવામાં આવ્યા હતા. આ દરમિયાન, મુખ્ય પ્રધાને મૃતકોના પરિવારના સભ્યો સાથે વ્યક્તિગત રીતે વાત કરી હતી. ■

## મહાયુતિમાં નથી શ્રેય લેવાની હોડઃ બાવનકુળે

મહાયુતિમાં ત્રણેય પક્ષોના નેતાઓ સાથે મળીને કામ કરી રહ્યા છે, એમ જણાવતાં બાવનકુળેએ એવો કટાક્ષ કર્યો હતો કે વિરોધીઓ આનાથી દુઃખી થઈ રહ્યા હશે.

પહેલગામમમાં કાશ્મીરમાં પ્રવાસ પર ગયેલા પ્રવાસીઓ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશ આઘાતમાં છે. મહારાષ્ટ્રના પ્રવાસીઓને ખાસ ફ્લાઇટ દ્વારા મુંબઈ લાવવામાં આવી રહ્યા છે. મુખ્ય પ્રધાન ફડણવીસે તાત્કાલિક ગિરીશ મહાજનને કાશ્મીર મોકલ્યા, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ તેમનું અનુકરણ કર્યું. બંનેએ અલગ અલગ પ્રવાસીઓની મુલાકાત લીધી. ગભરાયેલા પ્રવાસીઓને ધરપત આપવાનો પ્રયાસ કર્યો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાત્કાલિક ગિરીશ મહાજનને રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન પ્રધાન તરીકે કાશ્મીર મોકલ્યા. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ શ્રીનગરની મુલાકાત લીધી અને પર્યટકો સાથે મુલાકાત કરી હતી. તેઓ શિવસેના પક્ષના નેતા તરીકે ગયા. આમાં રાજકારણ ક્યાં આવ્યું? એવો સવાલ બાવનકુળેએ પૂછ્યો હતો. ■

# ધર્મ પૂછીને ગોળી મરાઈ એ અહેવાલની ખરાઈ વિશે અજાણઃ શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે શુક્રવારે કહ્યું હતું કે, જ્યારે કેન્દ્ર કાશ્મીરમાં આતંકવાદનો અંત આવ્યો હોવાનો દાવો કરી રહ્યું હતું, ત્યારે પહલગામમાં આતંકવાદી હુમલો સુરક્ષામાં રહેલી ખામીઓ દર્શાવે છે અને ઉમેર્યું હતું કે સુધારાત્મક પગલાં તાત્કાલિક લેવાની જરૂર છે.

પહલગામમા પર્યટકોને તેમનો ધર્મ પૂછીને ગોળીએ દેવાયેલા એવા અહેવાલોની ખરાઈ વિશે પોતાને જાણ નથી એમ શરદ પવારે કહ્યું હતું. જોકે, દેવેન્દ્ર ફડણવીસને આ વિશે પુછાયું ત્યારે તેમણે કહ્યું હતું કે, મેં મૃતકોના પરિવારને સાંભળ્યા છે અને પવારે પણ તેમની કેફિયત સાંભળવી જોઈએ.

પુણેમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, તેમણે કહ્યું કે પહલગામ જેવા ‘સુરક્ષિત સ્થળ’ પર થયેલા હુમલાને ધ્યાનમાં રાખીને કાશ્મીરમાં આતંકવાદ ખતમ થઈ ગયો છે એવો દાવો કરતી વખતે સાવધાની રાખવાની જરૂર છે.

પવારે એમ પણ કહ્યું કે આતંકવાદી હુમલો દેશ વિરુદ્ધ હોવાથી, કોઈએ પણ આ મુદ્દાનું રાજકારણ ન કરવું જોઈએ. બાવીસમી એપ્રિલે પહલગામ નજીક બૈસરનમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો, જેમાં મોટાભાગના પર્યટકો હતા, મૃત્યુ પામ્યા હતા.

આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી ભારત વિરુદ્ધ છે અને જ્યારે દેશ વિરુદ્ધ કોઈ પ્રવૃત્તિ થાય છે, ત્યારે તેનું રાજકારણ કરવાની કોઈ જગ્યા હોવી જોઈએ નહીં, એમ શરદ પવારે જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાની ચર્ચા કરવા માટે સર્વપક્ષી બેઠક બોલાવી હતી.

‘અમારા તરફથી સાંસદ સુપ્રિયા સુળેએ બેઠકમાં હાજરી આપી હતી. મને ખુશી છે કે તમામ પક્ષોએ સરકારને સહકાર આપવાનું વલણ અપનાવ્યું છે. જે પણ નિર્ણય લેવામાં આવે, અમે સરકારની સાથે છીએ અને સરકારે આ બાબતમાં વધુ ગંભીરતાથી તપાસ કરવી જોઈએ,’ એમ તેમણે કહ્યું હતું.

‘સરકાર દાવો કરતી રહે છે કે તેમણે કાશ્મીરમાં આતંકવાદનો નાશ કર્યો છે અને હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જો આ (ખીણમાં આતંકવાદનો અંત) થઈ રહ્યો છે તો મને આનંદ છે, પરંતુ તાજેતરના આતંકવાદી હુમલાથી જાણવા મળે છે કે તેમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ છે અને આ ખામીઓને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. તે મોરચે પણ અમે અમારો સહયોગ વધારીશું,’ એમ પવારે કહ્યું હતું. જ્યારે પૂછવામાં આવ્યું કે ગુપ્તચર નિષ્ફળતાને કારણે આતંકવાદી હુમલો થયો છે, ત્યારે ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાને કહ્યું કે તે ‘સ્પષ્ટ’ જણાઈ રહ્યું છે. ■


APPOINTMENTS

**સામાજિક સહાયક સાથી**

રોજિંદા જીવનની પ્રવૃત્તિઓમાં ૪૩ વર્ષની સૌમ્ય, સર્જનાત્મક યુવતીને ટેકો આપવા માટે શિક્ષિત, દયાળુ, ફિટ, ઉત્સાહી મહિલા સાથીની શોધ.

**આદર્શ ગુણોઃ**
- પ્રતિષ્ઠિત, પરિપક્વ, ઉત્તમ કૌટુંબિક પૃષ્ઠભૂમિ અને કોઈ ખરાબ ટેવો નહીં. પ્રમાણિક વ્યક્તિ.
- દયાળુ, ભાવનાત્મક રીતે મજબૂત.
- ઉત્સાહી અને જવાબદાર.
- ખુશખુશાલ, ધીરજવાન.
- રોજિંદા દિનચર્યામાં આરામદાયક સહાય, જેમ કે એપોઈન્ટમેન્ટનું સંચાલન કરવું, ફોનનો જવાબ આપવો, ખરીદી સહાય, મંદિરો, મૂવિઝ, આર્ટ ગેલેરી વગેરે જેવી બહાર ફરવા જવું.

સ્થળ : દક્ષિણ મુંબઈ, ઘર આધારિત.
વયમર્યાદા : ૪૫ વર્ષ સુધી
સમય : બ. ૧.૦૦ ક. થી - સાં. ૭.૦૦ ક. સુધી, સોમવાર - શુક્રવાર - નિગોશેબલ કલાકો. (અગાઉની ચર્ચા દ્વારા કેટલાક સપ્તાહાંત).
ભાષાઓ : હિન્દી અને અંગ્રેજી.
પગાર : આકર્ષક, ક્ષમતાઓ અને યોગ્યતાઓના આધારે.
પ્રતિબદ્ધતા : લાંબા ગાળા માટે પસંદગી.

Strong References required | Email: preeyalhb@hotmail.com


## શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેની કરી ટીકા

# ‘આવા સમયે ઉદ્ધવ ઠાકરે પરિવાર યુરોપમાં ઠંડી માણી રહ્યો છે’

મુંબઈઃ શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી)ની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. અત્યારે ઠાકરે અને તેમનો પરિવાર દેશની બહાર ગયો છે. ‘જ્યારે વડા પ્રધાન વિદેશયાત્રા અડધી પડતી મૂકીને પાછા આવી ગયા. અમિત શાહ પહલગામ દોડી ગયા. એકનાથ શિંદે રાહત કાર્ય માટે શ્રીનગર પહોંચી ગયા છે. પરંતુ ઠાકરે પરિવારે શું કર્યું? તેઓ યુરોપમાં ઠંડી હવા માણી રહ્યા છે. કાશ્મીરમાં ફસાયેલા આપણા લોકો માટે તેમણે એક બાટલી પાણી પણ મોકલ્યું છે? એવો સવાલ શિવસેનાના સંસદસભ્ય નરેશ મ્હસ્કેએ કર્યો હતો.

તેમણે એમ પણ કહ્યું હતું કે ઈર્શાલ કિલ્લાની હોનારત હોય, કોલ્હાપુર અને કેરળના પૂર હોય કે પછી અત્યારની શ્રીનગરની સ્થિતિ હોય, એકનાથ શિંદે કાયમ લોકોની સાથે રહ્યા છે. તેઓ બાળ ઠાકરેના વારસાને આગળ ચલાવી રહ્યા છે, એમ મ્હસ્કેએ કહ્યું હતું. ■

# પર્યટકોના તારણહાર બનનાર મૃતક આદિલના પરિવારને શિંદેની સહાય

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પહલગામ આતંકવાદી હુમલા દરમિયાન પ્રવાસીઓનું રક્ષણ કરતી વખતે પોતાના જીવનું બલિદાન આપીને હીરો તરીકે પ્રશંસા પામેલા ટટ્ટુ ચાલક સૈયદ આદિલ હુસૈન શાહના પરિવારને પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે.

પોતાના પરિવારના એકમાત્ર કમાનારા આદિલ શાહ દક્ષિણ કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓને ઘોડા પર સવારી કરાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા, જ્યાં બાવીસમી એપ્રિલના રોજ આતંકવાદીઓ દ્વારા હિન્દુ પર્યટકોની હત્યા કરવામાં આવી હતી.

અહેવાલો દર્શાવે છે કે ૨૦ વર્ષના યુવકે ઘોડા પર મુસાફરી કરી રહેલા એક પ્રવાસીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો અને રાઇફલ પકડીને આતંકવાદીઓમાંથી એકને નિઃશસ્ત્ર કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

જોકે, આ પ્રક્રિયામાં આતંકવાદીઓ દ્વારા તેને પણ ગોળી મારી દેવામાં આવી હતી.

પહલગામના પર્વતીય પ્રદેશમાં પર્યટકોને લઈ જતો આદિલ આ ભયાનક હુમલામાં મૃત્યુ પામેલો એકમાત્ર સ્થાનિક નાગરિક હતો.

આદિલના હિંમતભર્યા કાર્યથી ખૂબ જ પ્રભાવિત થઈને નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ યુવાન નાયકના પરિવારને વ્યક્તિગત સ્તરે નાણાકીય સહાય આપવાનું નક્કી કર્યું હતું, એમ થાણે સ્થિત તેમના કાર્યાલય દ્વારા શુક્રવારે જણાવવામાં આવ્યું હતું. ■

# હિન્દુઓ ક્યારેય આવું નહીં કરેઃ પહલગામ આતંકવાદી હુમલા પર મોહન ભાગવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, આતંકવાદી હુમલા પછી રાષ્ટ્રમાં જે ગુસ્સાની લહેર ફેલાઈ હતી તે જાતિ, ધર્મ, સંપ્રદાય, પંથ, પ્રદેશ કે પક્ષ દ્વારા ભેદભાવ રાખતી નહોતી.

પહલગામ હુમલા પછી સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું હતું કે ‘લોકોને તેમના ધર્મ વિશે પૂછીને મારી નાખવામાં આવ્યા હતા. હિન્દુઓ ક્યારેય આવું નહીં કરે.’

‘પોતાના વિશ્વાસનું ખોટું અર્થઘટન કરનારા ત્રાસવાદીઓ આવા ભયાનક કૃત્યો કરે છે, પરંતુ એક હિન્દુ ક્યારેય એવું નહીં કરે. રાવણને મારી નાખવો એ જ ધાર્મિકતા લાવવાનો એકમાત્ર રસ્તો હતો અને કેટલાક તત્વોને આવો પાઠ શીખવવાની જરૂર છે,’ એમ ભાગવતે મુંબઈમાં એક કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું.

તેમના મતે, હાલની લડાઈ ‘ધર્મ’ (ન્યાયીપણું) અને ‘અધર્મ’ વચ્ચે છે. ‘દરેક વ્યક્તિ દુઃખી છે, આપણા હૃદયમાં ગુસ્સો છે જેવો હોવો જોઈએ, કારણ કે રાક્ષસોનો નાશ કરવા માટે, અપાર શક્તિ જરૂરી છે, પરંતુ કેટલાક લોકો આ વાત સમજવા તૈયાર નથી અને હવે તેમનામાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન આવી શકે નહીં. રાવણ ભગવાન શિવનો ભક્ત હતો, વેદ જાણતો હતો, એક સારા વ્યક્તિ બનવા માટે જરૂરી બધું જ હતું, પરંતુ તેણે જે મન અને બુદ્ધિ અપનાવી હતી તે બદલવા માટે તૈયાર નહોતી. રાવણ મૃત્યુ પામીને પુનર્જન્મ પામે ત્યાં સુધી બદલાયો ન હોત, એટલા માટે રામે રાવણને બદલવા માટે તેને મારી નાખ્યો,’ એમ આરએસએસના વડાએ કહ્યું હતું. ■

# પહલગામ હુમલોઃ લાતુરમાં બંધ

લાતુરઃ કાશ્મીરના પહેલગામમમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાના વિરોધમાં શુક્રવારે લાતુરમાં દુકાનો અને અન્ય વ્યાપારી સંસ્થાઓ બંધ રહી હતી. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. વિવિધ રાજકીય પક્ષો અને નાગરિકોના જૂથો દ્વારા આ ’બંધ’નું એલાન કરવામાં આવ્યું હતું.

ગંજગોલાઈ, ગાંધી ચોક, શિવાજી મહારાજ ચોક, રાજીવ ગાંધી ચોક, માર્કેટ કમિટી વિસ્તાર, નવા રેણાપુર નાકા અને નાંદેડ નાકામાં દુકાનો અને વેપારી સંસ્થાઓ બંધ રહી હતી. હોસ્પિટલો, મેડિકલ સ્ટોર્સ, ડેરી આઉટલેટ્સ અને બ્લડ બેંકો જેવી આવશ્યક સેવાઓને બંધમાંથી મુક્તિ આપવામાં આવી હતી, એમ એક આયોજકે જણાવ્યું હતું. અગાઉ, શહેરમાં પીડિતો સાથે એકતા વ્યક્ત કરવા માટે મોટરસાયકલ રેલી તેમજ ’મશાલ’ (ટોર્ચ) રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પાર્લેમાં તોડી પડાયેલા દેરાસરની બાજુની હોટલને અનધિકૃત બાંધકામ માટે પાલિકાની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરની બાજુમાં આવેલી ખાનગી હોટલને અનધિકૃત બાંધકામ માટે મુંબઈ મહાનગર પાલિકાએ મહારાષ્ટ્ર રિજનલ ટાઉન પ્લાનિંગ એક્ટ (એમઆરટીપી), ૧૯૬૬ની કલમ ૫૩(૧) હેઠળ નોટિસ ફટકારી છે.

દિગમ્બર જૈન દેરાસરને પાલિકાના કે-પૂર્વ વોર્ડ દ્વારા ગેરકાયદે હોવાનું કહીને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના તોડી પાડવાના અઠવાડિયા બાદ હોટેલ સામે કાર્યવાહી કરવામાં આવી છે. નોટિસ આપવા અગાઉ પાલિકાના અધિકારી દ્વારા હોટલ પરિસરનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ દેરાસરની બાજુમાં રહેલા હોટેલમાં અનધિકૃત બાંધકામ માટે એમઆરટીપી, ૧૯૬૬ની કલમ ૫૩(૧) હેઠળ નોટિસ ફટકારવામાં આવી છે. હોટલને નોટિસ આપવાના અઠવાડિયા અગાઉ તોડી પાડવામાં આવેલા દેરાસરના ટ્રસ્ટને પણ આ કલમ હેઠળ જ નોટિસ ફટકારવામાં આવી હતી. પાલિકાના કાયદા મુજબ નોટિસ મળ્યા બાદ તેમને ૩૦ દિવસનો સમય જવાબ માટે આપવામાં આવે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ જે હોટલને નોટિસ આપવામાં આવી છે, તે ૧૯૭૭થી ચાલી રહી છે. સમય જતા હોટેલના માલિકે તેમના અમુક માળખાકીય ફેરફારો કર્યા હતા. તેણે કરેલા ફેરફારની સરખામણીમાં પાલિકાના ડેવલપમેન્ટ પ્લાનિંગ વિભાગ પાસે મંજૂર પ્લાન સાથે કરવામાં આવ્યા બાદ તેમને નોટિસ મોકલવામાં આવી છે, જેનો જવાબ તેમણે ૩૦ દિવસમાં આપવાનો રહેશે.

હોટેલને નોટિસ આપવાના પાલિકાના આ પગલાને જૈન દેરાસરના ટ્રસ્ટીગણ દ્વારા વધાવી લેવામાં આવ્યું હતું અને દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અમે તો લાંબા સમયથી આ હોટલ સામે ગેરકાયદે બાંધકામની ફરિયાદ કરી રહ્યા હતા પણ અમારી વાત કાને ધરવામાં આવી નહોતી. છેવટે પાલિકાને જ્ઞાન થયું અને તેમણે ઈન્સ્પેકશન બાદ તેમને નોટિસ ફટકારી છે અને હવે નિયમ મુજબ તેમની સામે પણ પગલાં લેશે એવી અમને આશા છે. આ દરમ્યાન ગુરુવારે લઘુમતી પંચે સુનાવણી દરમ્યાન જૈન દેરાસરને તોડી પાડવાની કાર્યવાહી કરનારા સામે એન્ટિ કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ નોંધવાનો અને પોલીસને ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો.

# ભારત માટે વૈશ્વિક કન્ટેન્ટ સુપરપાવર બનવાની સુવર્ણ તક!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્લ્ડ ઑડિયો-વિઝ્યુઅલ અને મનોરંજન ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ વર્લ્ડ ઑડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્સ) ૨૦૨૫ માંડ અઠવાડિયું દૂર છે. પહેલીથી ચોથી મે, ૨૦૨૫ દરમિયાન મુંબઈના બીકેસી સ્થિત જિયો કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર આ ભવ્ય સમિટ ભારતને વૈશ્વિક 'કન્ટેન્ટ સુપરપાવર' તરીકે સ્થાપિત કરવાની સુવર્ણ તક હશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ ભારત સર્જનાત્મક અર્થતંત્રમાં આગેવાની લઈ રહ્યું છે અને હંમેશની જેમ મુંબઈ સર્જનાત્મક અર્થતંત્રનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. વેવ્સ ૨૦૨૫ માત્ર એક સમિટ નથી, પરંતુ એક પરિવર્તનશીલ ક્ષણ છે જે ભારતની સર્જનાત્મક શક્તિ, વૈશ્વિક રોકાણ અને નીતિ પરિવર્તનને ઉત્પ્રેરિત કરશે. તમામ ક્ષેત્રોના નિષ્ણાતો એવી અપેક્ષા રાખે છે કે, ભારત વૈશ્વિક સામગ્રી ક્ષેત્ર પર પોતાની છાપ ઉપસાવવા માટે આનો ઉપયોગ કરશે. ભારતમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગ રોજગાર સર્જનની દ્રષ્ટિએ ઝડપથી વિકસતો અને મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. ભારતે છેલ્લા દાયકામાં ઓટીટી, એનિમેશન, ગેમિંગ, વીએફએક્સ, ફિલ્મ, સંગીત અને ડિજિટલ મીડિયા ક્ષેત્રે રેકોર્ડ પ્રગતિ કરી છે. ફિક્કીના અહેવાલ મુજબ, ભારતીય મનોરંજન ઉદ્યોગનું મૂલ્ય ૨૦૨૪માં ૨૮ બિલિયનને વટાવી ગયું હતું અને ૨૦૨૫ સુધીમાં ૩૪ બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે.

આ પૃષ્ઠભૂમિમાં વેવ્સ ૨૦૨૫ ફક્ત ચર્ચાઓ માટેનું પ્લેટફોર્મ નહીં, પરંતુ ભારતના સર્જનાત્મક ઉદ્યોગોને વિશ્વભરના રોકાણ, સહયોગ અને નવીનતા સાથે જોડતા સેતુ તરીકે પણ કામ કરશે.ભારતમાં હાલમાં વાર્ષિક ૨૦૦૦ થી વધુ ફિલ્મોનું નિર્માણ થાય છે, જેમાં ૨૦થી વધુ પ્રાદેશિક ભાષાઓનો સમાવેશ થાય છે. ઓસ્કાર, કાન્સ, વર્લ્ડ ઇકોનોમિક ફોરમ, દાવોસની જેમ દર વર્ષે વેવ્સનું પણ આયોજન કરવામાં આવશે. આ પરિષદ દર વર્ષે યોજાશે, જે તેને કાયમી સ્વરૂપ આપશે. આ માટે એક સમર્પિત ટીમ આખા વર્ષ દરમિયાન કાર્યરત રહેશે.

છેલ્લા પાનાનું ચાલુ

## પુણેમાંના ૧૧૧

નાગરિકો વિશેની માહિતી પાસપોર્ટ ઓફિસ સહિત સંબંધિત વિભાગો પાસેથી મેળવવામાં આવી હતી. અત્યાર સુધી પુણે જિલ્લામાં ૧૧૧ પાકિસ્તાની નાગરિકની ઓળખ કરવામાં આવી છે. તેઓ દરેકને જણાવી દેવામાં આવ્યું છે કે ૨૭મી એપ્રિલ સુધી તેમને દેશ છોડી દેવો પડશે, એમ પુણેના ડિસ્ટ્રિક્ટ કલેક્ટર જિતેન્દ્ર દુડીએ પત્રકારોને જણાવ્યું હતું.

પર્યટન, તબીબી સારવાર સહિત વિવિધ કારણો માટે વિઝા આપવામાં આવ્યા હતા. જેઓને મેડિકલ વિઝા આપવામાં આવ્યા છે તેમને વધુ બે દિવસ એટલે કે ૨૯મી એપ્રિલ સુધીનો સમય આપવામાં આવ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ દરમિયાન છત્રપતિ સંભાજીનગરમાં પોલીસે જણાવ્યું હતું કે શહેરમાં ૫૭ પાકિસ્તાની નાગરિકને લાંબાગાળાના વિઝા (લોન્ગ ટર્મ વિઝા-એલટીવી) આપવામાં આવ્યા છે. કલેક્ટર કાર્યાલય વધુ આદેશની રાહ જોઇ રહ્યું છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)

## આવી બેશરમી

શિંદેના મૃત્યુ અંગે તપાસ કરી રહેલી સીઆઇને પણ બે દિવસમાં લક્ષ્મી ગૌતમને સંબંધિત દસ્તાવેજ સોંપવાનો નિર્દેશ કર્યો હતો.

શુક્રવારની સુનાવણી દરમિયાન જાણ થઇ કે પોતાના આદેશનું પાલન થયું નથી ત્યારે કોર્ટે મહારાષ્ટ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી.

'અમને આઘાત લાગ્યો છે. અમારા આદેશનું બેશરમ રીતે ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. હાઇ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનું પાલન રાજ્ય સરકાર કેવી રીતે ન કરી શકે? આજે ને આજે કેસના પેપર ટ્રાન્સફર નહીં કરવામાં આવે તો કોર્ટના આદેશના અનાદરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે', એમ હાઇ કોર્ટે કહ્યું હતું.

સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે નવમી એપ્રિલે હાઇ કોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે અને તેના પર પાંચમી મેના સુનાવણી થવાની શક્યતા છે. ત્યારે કોર્ટે કહ્યું હતું કે જો સુપ્રીમ કોર્ટ તેના આદેશ પર સ્ટે નહીં મૂકે તો રાજ્ય સરકાર તેના આદેશનું પાલન કરવા બંધાયેલી રહેશે.

## કામરાની ધરપકડ

સંબંધિત ગંભીર અને મોટા મુદ્દાઓ પર વિચારવાની જરૂર છે. ખાર પોલીસ સ્ટેશનમાં કોમેડિયન સામે નોંધાવવામાં આવેલા કેસની તપાસ પર સંપૂર્ણ રીતે સ્ટે મૂકવાને મંજૂરી આપવાનું યોગ્ય નથી, એમ હાઇ કોર્ટે કહ્યું હતું.

આ કેસની તપાસ ચાલુ રાખી શકાય છે, પરંતુ અરજદારની ધરપકડ કરવાનું જરૂરી નથી, એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

જો પોલીસ અરજી પેન્ડિંગ હોય ત્યારે ચાર્જશીટ દાખલ કરે છે તો કોર્ટ તેની નોંધ લેશે નહીં. કામરાનું નિવેદન ચેન્નઇમાં નોંધાવી શકાયું હોય, કારણ કે તેના વિવાદાસ્પદ શો બાદ તેને મુંબઈમાંથી ધમકી મળી રહી હતી. તે હાલમાં તમિળનાડુમાં રહે છે, એમ કોર્ટે નોંધ્યું હતું.

પોલીસે કામરાને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૩૫(૩) હેઠળ નોટિસ ફટકારી છે અને આ કલમ હેઠળ વ્યક્તિની ધરપકડ કરવાની જરૂર હોતી નથી. જો પોલીસને તેનું નિવેદન જ નોંધવું હોય તો એ પ્રમાણેની નોટિસ ફટકારવી જોઇએ.

તેથી જે નોટિસ આપવામાં આવી છે તેના હેઠળ કામરાની ધરપકડની જરૂર નથી, પરંતુ તેની સામેની પોલીસ તપાસ ચાલુ રાખી શકાય છે, એમ કોર્ટે કહ્યું હતું.

કામરાએ જુબાની નોંધાવવા માટેની તૈયારી દેખાડી છે. પોલીસને જો તેનું નિવેદન નોંધવું જ હોય તો અગાઉ નોટિસ આપીને ચેન્નઇમાં જુબાની નોંધાવી શકે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઇ)

## ૪૮ કલાક પછી

જવા કહ્યું છે. આ સંદર્ભમાં, મહારાષ્ટ્રમાં આવા નાગરિકોની યાદી તૈયાર કરવામાં આવી છે. અમે નજર રાખી રહ્યા છીએ, બધા પોલીસ સ્ટેશનોને પણ જાણ કરવામાં આવી છે. તેઓ તાત્કાલિક દેશ છોડી જાય તેની ખાતરી કરવા માટે સંપૂર્ણ દેખરેખ રાખવામાં આવશે, અને જે કોઈ વિલંબ કરશે તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

કોઈપણ સંજોગોમાં જે પાકિસ્તાની નાગરિકનો વિઝા રદ કરવામાં આવ્યો છે તે ભારતમાં કે મહારાષ્ટ્રમાં રહેશે નહીં. અમે આ બાબતે સંપૂર્ણ કાળજી લઈ રહ્યા છીએ, એમ ફડણવીસે કહ્યું હતું.

પાકિસ્તાનના નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરવાના કેન્દ્ર સરકારના નિર્ણય બાદ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે રાજ્યમાં વધુ સમય રોકાતા પાકિસ્તાની નાગરિકો સામે કડક કાર્યવાહીની જાહેરાત કરી.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે તમામ જિલ્લા પોલીસ એકમોને કડક દેખરેખ રાખવા અને નવા નિર્દેશનું પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. 'અમે તેના પર ચાંપતી નજર રાખીશું અને તેમને બહાર મોકલીશું. જેઓ મુદત કરતાં વધુ સમય રોકાશે તેઓને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે,' એમ તેમણે કહ્યું હતું.

'મેં કેન્દ્રીય ગૃહમંત્રી સાથે વિગતવાર વાત કરી છે અને તેમના માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

## અંધેરીના ગોખલે પુલને

કામ, બંને બાજુએ ચઢાણ અને ઉતરાણનો રોડ તથા સી.ડી.બરફીવાલા પુલને જોડનારા કનેકટર કામનો સમાવેશ થાય છે. એન.એસ. ફટકે રોડ પરના તેલી ગલી બ્રિજ અને ગોખલે બ્રિજના વચ્ચેના ભાગનું કોંક્રીટના કામનું ક્યુરિંગ શુક્રવારે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના પૂરું થયું હતં. પુલનું મુખ્ય બાંધકામ પૂરું થયા બાદ છેલ્લા તબક્કાના નાનાં-મોટાં કામ ચાલી રહ્યાં છે, જેમાં ક્રેશ બેરિયર, નોઈઝ બેરિયર, રેલિંગને કલર, થર્મોપ્લાસ્ટર, કેટ આઈઝ, ઈલેક્ટ્રિસિટીના થાંબલા, સાઈનેજ જેવા કામ અંતિમ તબક્કામાં છે. ટ્રાફિક પોલીસ સાથે પાલિકાના અધિકારીઓ સાથે તાજેતરમાં જ ઈન્સ્પેકશન કર્યું હતું. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી તમામ કામ કામ પુરાં થયા બાદ ટ્રાફિક પોલીસ સાથે સમન્વય સાધીને ગોખલે બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાનું અભિજિત બાંગરે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જેવીપીડી અંતર્ગત ફલાયઓવરના પૂર્વ દિશા તરફના અપ્રોચ રોડનું કામ હાલ ચાલી રહ્યું છે. બરફીવાલા પુલ જયાં ઉતરે છે તે ઠેકાણે સ્લીપ રોડ થોડો સાંકડો છે તેથી એપ્રોચ રોડનું કામ થયા બાદ ટ્રાફિક માટે ખુલ્લો મુકાશે જેથી કરીને નવેસરથી ચાલુ થનારા બરફીવાલા પુલની દક્ષિણ તરફનો ઉતાર તરફનો ટ્રાફિક ચાલુ થશે. જુહુ ગલી જંકશનથી જેવીપીડી કામ ચાલુ રહેશે પણ તે ઠેકાણે બરફીવાલા પુલથી જનારા વાહનો માટે પૂરતો પહોળો રસ્તો ઉપલબ્ધ કરી આપવામાં આવવાનો છે.

વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારા રેલવે ઓવર બ્રિજ બાબતે અભિજિત બાંગરે જણાવ્યું હતું કે પુલની કુલ પહોળાઈ ૧૨ મીટર અને લંબાઈ ૬૧૫ મીટરની છે, તેમાંથી ૫૬૫ મીટરનું કામ પાલિકાએ પૂરું કરી નાંખ્યું છે. આ પુલ પર નાખવામાં આવનારા ગર્ડર લગભગ પચીસ મેટ્રિક ટન વજનના છે અને તેની લંબાઈ ૨૫થી ૩૦ મીટરની છે. પુલના ગર્ડર ત્રણ તબક્કામાં નાખવામાં આવશે. દરેક તબક્કામાં છ એમ કુલ ત્રણ તબક્કામાં ૧૮ ગર્ડર નાખવામાં આવશે. પુલના કુલ ૧૯ થાંભલામાંથી પૂર્વમાં ૧૨ તો પશ્ચિમમાં સાત થાંભાલા ઊભા થઈ ગયા છે. આ પુલનું લગભગ ૯૫ ટકા કામ થઈ ગયું છે, જેમાં પૂર્વમાં રેલવેની હદનું કામ અને પશ્ચિમ બાજુમાં ચઢાણ અને ઉતરાણનાં કામનો સમાવેશ થાય છે. પુલનું પૂર્વમાં રેલવેની હદનું કામ પૂરું થઈ ગયું છે. પશ્ચિમમાં સેન્ટ જોસેફ સ્કૂલ પાસે વળાંક છે, તે ઠેકાણે પુલના ત્રણ સ્પાન પર કામ બાકી છે. તેના પર ડેક સ્લેબ નાખવામાં આવ્યો છે. આ કામ ટેક્નિકલી પડકારજનક છે. સ્કૂલ અને રેલવે સ્ટેશન નજીક હોવાથી સંભાળીને કામ કરવું પડી રહ્યું છે. છતાં ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં કામ પૂરું કરીને ચોમાસા પહેલા તેને ખુલ્લો મૂકવામાં આવશે. વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારા આ પુલને કારણે ઈસ્ટર્ન એક્સપ્રેસથી પવઈ જવામાં સમય અને ઈંધણની બચત થશે. ઘાટકોપર, વિક્રોલી અને કાંજુરમાર્ગ રેલવે સ્ટેશનથી પાંચ કિલોમીટરના પરિસરને આ પુલનો ફાયદો થશે.

## આ વર્ષે ગણેશોત્સવમાં

કરી આપવાની છે. તેમ જ મૂર્તિ ઘડવા માટે લાગનારી પર્યાવરણને અનુરૂપ શાડૂ માટી પણ મૂર્તિકારોને મફતમાં આપવાની છે. તેની સામે મૂર્તિકારાઓ પણ પાલિકાને સહકાર્ય કરવાનું રહેશે એવી સૂચના શુક્રવારે પરેલમાં મૂર્તિકારો સાથેની બેઠક દરમ્યાન પાલિકા પ્રશાસને આપી હતી.

પાલિકાના ઝોન-બેના ડેપ્યુટી કમિશનર અને ગણેશોત્સવ સમન્વયક પ્રશાંત સપકાળેએ જણાવ્યું હતું કે કોર્ટના આદેશ મુજબ જ ગણેશોત્સવની ઊજવણી કરવાની રહેશે. પીઓપીની મૂર્તિને મંજૂરી આપવામાં આવશે નહીં અને તેનું વિસર્જન પણ મુંબઈમાં કરવા દેવામાં આવશે નહીં. મૂર્તિકારોએ વન વિન્ડો યોજના હેઠળ તમામ મંજૂરીઓ આપવામાં આવશે પણ તેમણે શાડૂ માટીની મૂર્તિ બનાવવાની રહેશે.

વધુમાં પ્રશાંત સપકાળેએ જણાવ્યું હતું કે મુંબઈમાં મોટાભાગની પીઓપીની મૂર્તિ કોંકણ જિલ્લાના પેણમાંથી આવે છે. તેથી પાલિકાએ કોંકણ વિભાગના કમિશનરને પત્ર લખીને કોંકણ મહેસૂલ વિભાગના જિલ્લામાં પર્યાવરણપૂરક મૂર્તિ બનાવવા માટે મૂર્તિકારોને પ્રોત્સાહન આપવા માટે અને તેમને શાડૂની મૂર્તિ પૂરી પાડવા માટે અપીલ કરી છે, કારણકે મુંબઈમાં ગણેશભક્તોના ઘરે આવતી મોટાભાગની મૂર્તિ પેણમાંથી આવતી હોય છે અને ત્યાંના મૂર્તિકારોને પાલિકા મફતમાં માટી ઉપલબ્ધ કરી આપી શકે નહીં. તેથી તે માટે ત્યાંના પ્રશાસને જ પગલાં લેવાનાં રહેશે.

## દીકરાઓના ડ્રગ્સના

ચોથા માળે રહેતો હતો અને એ જ સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર તેની ઑફિસ આવેલી છે.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ઑફિસમાં જઈ રહ્યો હોવાનું પત્નીને કહી ચિચકર સવારે ૬.૩૦ વાગ્યે ઘરેથી નીકળ્યો હતો. ખાસ્સો સમય વીત્યા છતાં ચિચકર ઘરે પાછો ન ફરતાં પત્નીને આશ્ચર્ય થયું હતું. પતિને જોવા માટે તે ઑફિસે પહોંચી ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી.

ઑફિસમાં ચિચકર લોહીના ખાબોચિયામાં પડ્યો હતો અને પિસ્તોલ પર તેની પાસે પડી હતી. ડરી ગયેલી પત્નીએ તાત્કાલિક તેના ભાઈને જાણ કરી હતી. ભાઈએ પોલીસને ઘટનાની જાણ કરતાં એનઆઈઆઈ સાગરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બેભાન ચિચકરને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી મળેલી પિસ્તોલ અને ઑફિસનું કમ્પ્યુટર તપાસ માટે તાબામાં લીધું હતું. ચિચકરે આત્મહત્યા માટે જે પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો તે તેની લાઈસન્સવાળી પિસ્તોલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર પોલીસને ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી આવી હતી, જે ચિચકરે માતાને ઉદ્દેશીને લખી હતી. સુસાઈડ નોટમાં એનસીબી અને બેલાપુર પોલીસ દ્વારા પૂછપરછ માટે વારંવાર પાઠવવામાં આવતા સમન્સથી બિલ્ડર માનસિક તાણમાં હોવાનો ઉલ્લેખ કરાયો છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ચિચકરના પરિવારજનોએ દાવો કર્યો હતો કે બે પુત્ર નવીન અને ધીરજની ડ્રગ્સ સિન્ડિકેટમાં સંડોવણી સામે આવ્યા પછી એનસીબી દ્વારા પૂછપરછ માટે મોકલાયેલા સમન્સને કારણે છેલ્લા એકાદ મહિનાથી ચિચકર માનસિક તાણમાં હતો. એનસીબીના મુંબઈ ઝોનલ યુનિટે ગયા મહિને ડ્રગ કાર્ટેલનો પર્દાફાશ કર્યો હતો. ચિચકરનો મોટો પુત્ર નવીનમાં વધુ અભ્યાસ માટે લંડન ગયો હતો. ત્યાં ડ્રગ્સ સિન્ડિકેટના સંપર્કમાં આવ્યો હોવાનું કહેવાય છે. એનસીબીએ પર્દાફાશ કરેલા ડ્રગ કાર્ટેલનો મુખ્ય આરોપી નવીન હોવાનું માનવામાં આવે છે.

એનસીબીના મુંબઈ ઝોનલ યુનિટ અનુસાર ઑસ્ટ્રેલિયાથી કોકેઈન અને ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો વેચનારા આ કાર્ટેલે કરોડો રૂપિયાનું ડ્રગ્સ ભારતમાં મોકલાવ્યું હતું. ઍર કાર્ગોથી ડ્રગ્સ મુંબઈ લાવવામાં આવ્યું હતું.

કહેવાય છે કે ચિચકરનો નાનો પુત્ર ધીરજ પણ ડ્રગ્સની તસ્કરીમાં સંડોવાયેલો હોવાનું તપાસમાં જણાયું હતું. નવી મુંબઈની એન્ટિ-નાર્કોટિક્સ સેલની ટીમે તાજેતરમાં કરેલી કાર્યવાહીમાં ધીરજનું નામ સામે આવ્યું હતું.

## દરિયાઈ સીમા

કહેવામાં આવ્યું છે.

જોકે આ અખબારી યાદીમાં જ જણાવાયું છે કે પાલઘર વિભાગમાં દરિયાની સુરક્ષા માટે ચાર બોટ છે, જેમાંથી એક બોટ કાર્યરત હોવાથી તેના દ્વારા દરિયામાં નિયમિત રીતે પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. એક બોટનું સમારકામ કરવાનું હોવાથી સ્થાનિક કોન્ટ્રાક્ટરને ઑર્ડર આપવામાં આવ્યો છે. એ બોટનું સમારકામ ચાલી રહ્યું છે. બાકીની બે બોટનું આધુનિકીકરણ કરવા સરકારી આદેશથી ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે. એ બોટનું આધુનિકીકરણું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

અત્યારે પાલઘર જિલ્લાના માછીમારો સાથે સમન્વય સાધી પોલીસ દરિયાકિનારા પરની ગતિવિધિ નજર રાખી રહી છે અને પેટ્રોલિંગ કરી રહી છે. સુરક્ષા માટે બે ડ્રોનની પણ મદદ લેવાઈ રહી છે. એ સિવાય જરૂરિયાત અનુસાર ખાનગી બોટથી પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

આ જળસીમામાં સમયાંતરે કોસ્ટ ગાર્ડ, મત્સ્ય વિભાગ, મહારાષ્ટ્ર મેરીટાઈમ બોર્ડ અને કસ્ટમ દ્વારા પેટ્રોલિંગ થઈ રહ્યું છે. લૅન્ડિંગ પૉઈન્ટ, કોસ્ટલ પોસ્ટ જેવાં મહત્ત્વનાં સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. પાલઘર વિભાગમાંની બધી સુરક્ષા યંત્રણાને સતર્ક રહેવા સંબંધેના મેસેજ મોકલવામાં આવ્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

પાલઘર જિલ્લાના કોઈ પણ દરિયાકિનારે શંકાસ્પદ હિલચાલ કે શકમંદ નજરે પડે તો તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમ અથવા સ્થાનિક પોલીસ સ્ટેશનને માહિતી આપવાની અપીલ નાગરિકોને કરવામાં આવી છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ મલાડ સ્વ. મોહનલાલ નીમચંદ શેઠના સુપુત્ર નલિનભાઇ (ઉં. વ. ૯૦) તા. ૨૪-૪-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામ્યા છે. મજેવડી નિવાસી સ્વ. પોપટલાલ લાધાભાઇ પારેખના જમાઇ. સૌ. વર્ષાબેનના પતિ. રાજેશ, તુષાર, નેહાના પિતાશ્રી. સોના સ્વાતિ, શૈલેષભાઇ ગાઠાણીના સસરા. કરણ, કાજલ, ક્રીના, હિમા, જિનાયાના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના રંજનબેન મણીલાલ ગાલા (ઉં. વ. ૭૭) તા. ૨૩.૪.૨૫ના અરિહંતશરણ પામ્યા છે. મણીલાલ ડુંગરશીના ધર્મપત્ની. ઉમરબાઈ ડુંગરશી કાંઈયાના પુત્રવધૂ. ધીરેન, મનીષા, કુંતલના માતુશ્રી. ગુંદાલાના કુંવરબાઈ નાનજી વીરજી લાપસીયાના સુપુત્રી. મુરજીભાઈ, બાબુભાઈ, છસરા સાકરબેન દામજી હંસરાજ, નવીનાર અમૃતબેન ધનજી તેજશી, સં.પ. વિમળાબાઈ મ.સ., મીતાબાઈ મ.સ.ના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. જનતા જનરલ સ્ટોર્સ : ફણસવાડી, મુંબઈ-૨.

કોટડા (રોહા) ના સુશીલાબેન મોહનલાલ ગાલા (ઉં. વ. ૭૦) તા. ૨૩/૪/૨૫ના અવસાન પામ્યા છે. સ્વ.હિરબાઈ વેલજીના પુત્રવધૂ. સ્વ.મોહનલાલના ધર્મપત્ની. મહેન્દ્ર, કલ્પના, સેજલ(ગુલાબ), જીજ્ઞાના માતા. શેરડીના વાલબાઈ નાગજી હિરાના સુપુત્રી. લહેરચંદ, મુલચંદ,વેજબાઈ આણંદજી, બાડાના મણિબાઈ (મંજુલા) માવજીના બેન. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુ નિશર હોલ દાદર(વે), ટા. ૨થી ૩:૩૦ નિ. : મહેન્દ્ર ગાલા, ૧લી શેરી, કોટડા (રોહા), તા. નખત્રાણા (કચ્છ) - ૩૭૦૦૩૦.

ફરાદીના માતુશ્રી ભાનુબેન જાદવજી રવજી દેઢિયા (ઉં. વ. ૮૯) તા. ૨૩/૪/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હાંસબાઇ રવજીના પુત્રવધૂ. જાદવજીના ધર્મપત્ની. સુરેશના માતાજી. બીદડાના માતુશ્રી દેવકાબેન રામજીના સુપુત્રી. ભાણજી, કલ્યાણજી, ફરાદીના પુરબાઇ ટોકરશી, ભારાપરના મોંઘીબેન જેઠાલાલ, કોડાયના રાણબાઇ વીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિવાસ : યશ સુરેશ દેઢિયા, ૩૦૧, દોશી ભવન, હરિહર લાઇફસ્કેપ્સની બાજુમાં, ખેતવાડી ત્રીજી ગલ્લી, મુંબઇ.

બાડાના વિજય ભાણજી છાડવા (ઉં. વ. ૯૦) ૧૯.૪ના અમદાવાદમાં અવસાન પામ્યા છે. મુરીબાઈ ભાણજીના પુત્ર. નયનાબેનના પતિ. નિલેશ, મનીષના પિતા. પ્રેમજી, રામજી, નાનજી, વસનજી, કુંવરજી, કાંતિ, દિલીપ, રતનબેન લાલજી, કુંદરોડી ગુણવંતી ડો. હસમુખ, રાયણ ઈન્દુબેન લક્ષ્મીચંદના ભાઈ. લાયજા પુરબાઈ નાગજી નરશીના જમાઈ. પ્રાઃ શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લધુભાઈ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. વિજય છાડવા : ૨૨૫/ સી/૧૬, રંગારી બિ., ડિલાઈલ રોડ, મું-૧૩.

નાની ખાખર ના પ્રભાવતી ખુશાલચંદ મારૂ (ઉં. વ. ૮૩) તા. ૨૪/૪ના અવસાન પામેલ છે. સુંદરમા શામજીના પુત્રવધુ. ખુશાલચંદના પત્ની. રીટા, અતુલ, રૂપા, છાયાના માતુશ્રી. કપાયા (ભુજપુર) લક્ષ્મીમા મેઘજી કેનિયાના પુત્રી. તલકશીના બેન. પ્રા. સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વે.). ટા. ૪ થી ૫.૩૦ ઠે. અતુલ મારૂ, ૪, શ્રી નિવાસ, ઝવેર રોડ, મુલુંડ-વે., ૮૦.

ભુજપુરના વિરેન્દ્ર જેઠા મારૂ (ઉં. વ. ૮૧) તા. ૨૩-૪-૨૫ના અવસાન પામ્યા છે ભાણબાઈ જેઠા ચનાના સુપુત્ર. નિર્મળાના પતિ. સમીર, બીના, નેહાના પિતા. મણિલાલ, દિવાળી કલાવતીના ભાઈ. કાંડાગરા લક્ષ્મીબેન કુંવરજી વિજપાર ગાલાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિઃ સમીર વિરેન્દ્ર મારૂ, ૭૦૧, હેરીટેજ હાઉઝ, આઝાદ રોડ નં.૨ અંધેરી (ઈસ્ટ).

## બેસ્ટના ડેપોમાં

જોઈએ. મરાઠી ફિલ્મો માટે પાંચ બસ ડેપોમાં થિયેટર બાંધવા તેમ જ વ્યાવસાયિક અને રહેણાંક જગ્યા તૈયાર કરીને બેસ્ટના ડેપો મહેસૂલી આવક ઊભી કરી શકે છે.

દરવર્ષે મુંબઈ મહાનગરપાલિકા બેસ્ટ ઉપક્રમના ખર્ચાને પહોંચી વળવા માટે સહાય કરે છે એમ પણ તેમણે કહ્યું હતું.

## મંત્રાલયમાં

તહેસીલ, જમીન રેકોર્ડ કચેરીઓ, રજિસ્ટ્રાર કચેરીઓ, મંડળ અને તલાટી કચેરીઓના વર્તમાન કાર્યપ્રવાહ અને જોબ ચાર્ટનું સંકલન કરવું, પ્રસ્તાવિત પોસ્ટ માળખું નક્કી કરવું, પ્રમાણભૂત જોબ ચાર્ટ તૈયાર કરવા અને સંબંધિત 'મુખ્ય પ્રદર્શન સૂચકાંકો' તૈયાર કરવા, જે શાસન પ્રણાલીની ગુણવત્તાને અસરકારક રીતે પ્રતિબિંબિત કરે. આ ઉપરાંત, આ સમિતિ દરેક કર્મચારી, શાખા અને કાર્યાલય માટે કેપીઆઈ નક્કી કરવા, માહિતીના અસરકારક સંગ્રહ અને 'રીઅલ ટાઇમ ડેશબોર્ડ્સ'ના પ્રકાશન માટે એઆઈ સિસ્ટમ્સની રચના કરવા અને 'મુખ્ય પ્રદર્શન સૂચકાંકો'ની સમીક્ષા માટે નીતિ નક્કી કરવા પર કામ કરશે.

## કોમન ટિકિટિંગ

આપશે. ટિકિટ ખરીદવાના વિકલ્પની પસંદગી કર્યા પછી એપ્લિકેશન જાહેર પરિવહનના ઉપલબ્ધ માધ્યમો માટે આઇકન્સ દર્શાવશે. આ આઇકન - ચિહ્નમાં ભારતીય રેલવે માટે યુટીએસ એપ્લિકેશન, સંબંધિત મેટ્રો કોરિડોર માટેની એપ્લિકેશનો, બેસ્ટ બસો માટે ચલો એપ્લિકેશન વગેરેનો સમાવેશ હશે. વપરાશકર્તાઓએ ચડવા - ઉતરવાના સ્થાન અને મુસાફરીના વર્ગને પસંદ કરવો પડશે. આ માહિતીના આધારે ભાડું દર્શાવવામાં આવશે અને વપરાશકર્તાઓ ઇ-વોલેટ અથવા યુપીઆઈ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને ટિકિટ બુક કરી શકશે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**સુરતી વિશા લાડ વણિક**

રોહિણી વિઠ્ઠલદાસ બાસ્તાવાળા (ઉં. વ. ૯૨) તા. ૨૪-૪-૨૫ના વૈકુંઠ પધાર્યા છે. તે સ્વ. વિઠ્ઠલદાસ મણીલાલ બાસ્તાવાલા પત્ની. પ્રણવ, ઉર્વી સુનીલ લાકડાવાલાના માતા અને દક્ષા પ્રણવ બાસ્તાવાલા અને સુનિલ ધનસુખલાલ લાકડાવાલાના સાસુ. અને કિશા અને કૃત્વી બાસ્તાવાળા, કૃતિ અને નેહા લાકડાવાલાના દાદી. રમેશ, કિસન, ભરત, અશોકના મોટી બહેન. પ્રાર્થનાસભા તા. ૨૬-૪-૨૫ શનિવારે સાંજે ૫થી ૭. ઠે. એમવીએન હોલ ખાતે, વિદ્યાર્થીની શાળા, ખાર એજયુકેશન સોસાયટી, એસ.વી. રોડ, ખાર પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર (પશ્ચિમ).

**કચ્છ વાગડ લોહાણા**

કચ્છ વાગડ મૂળ ગામ ઉમૈયા હાલ મુલુંડ સ્વ. મણીબેન સ્વરૂપચંદ સેજપાલના સુપુત્ર કાંતિલાલ સેજપાલ (ઉં. વ. ૭૯) તે ગં. સ્વ. જયાબેનના પતિ. અનિલ ભાઇલાલભાઇ ઠક્કર (આણંદ)ના બનેવી. દિપ્તેશ (બિટ્ટુ) અને વિક્કીના પિતા. સ્વ. જેઠાલાલભાઇ અને ચંદ્રિકાબેન જીવરાજભાઇ ઠક્કરના ભાઇ. અમિષા અને મિત્તલના સસરા તા. ૨૩-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૪-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. પરમેશ્વરી સેન્ટર, આશાનગર, મુલુંડ (વેસ્ટ), ગવણીપાડા મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

મૂળ ગામ વેરાવળ હાલ ચારકોપ કાંદિવલી સ્વ. હરીશભાઈ મોદી (ઉં. વ. ૭૦) તે સ્વ. સુશીલાબેન જયંતીલાલ મોદીના પુત્ર. સ્વ. વિમળાબેન હરિલાલ ઠાકરના જમાઈ. પૂર્ણાબેનના પતિ. હાર્દિક-દિશાના પિતા. સ્વ. ભાનુબેન ચીમનલાલ મહેતા, સ્વ. પ્રહલાદભાઈ, નયન (રેણુ) રોહિતભાઈ શાહ, માયા હિમાંશુ ઠાકર, કામિની નરેશભાઈ રાઠોડના ભાઈ. ગુરુવાર તા.૨૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૭/ ૪/૨૫ના ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વિ. રોડ, કાંદિવલી વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

લોઢવાવાળા હાલ કેશોદ, સ્વ. જગદીશ કાલિદાસ શાહ (ઉં. વ. ૭૦) તે કિરણબેનના પતિ. મેહુલ તથા ગ્રીષ્માના પિતા. પ્રતીક તથા બીનાના સસરા. મહેન્દ્ર, ભરત, જશવંતીબેન, અનસૂયાબેન, જ્યોત્સનાબેન, નયનાના ભાઈ. સુત્રાપાડાવાળા ગુલાબબેન ઠાકરશીના જમાઈ. તે ૧૭/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામઃ ભાદ્રોડ હાલ મુંબઈ, સ્વ.ગંગાબાઈ કોળી તે સ્વ.વાલજીભાઈ કોળીના ધર્મપત્ની, સ્વ. પાલુબાઈ અને સ્વ. રાજાભાઈ વાઘના સુપુત્રી. સ્વ. લક્ષ્મીબાઈ અને સ્વ રામજીભાઈ કોળીના પુત્રવધૂ. હરીશભાઈ ભુપતભાઈ અશોકભાઈ મંજુલાબેન અંજુબેનના માતૃશ્રી. પાલુબાઈ હર્ષદા કંચનબાઇના સાસુ તા. ૨૩/ ૦૪/૨૫ બુધવારે રામચરણ પામ્યા છે. તેમના બારમાની વિધિ તા. ૨૭/૦૪/૨૫ રવિવારે ૫ વાગે. નિવાસ્થાન એ૪ હા.સો. સંતશ્રી વીરમેઘમાયા માર્ગ તુલસીવાડી મુંબઈ ૩૪.

**મેઘવાળ**

ભીખાભાઈ તુલસીભાઈ હેડંબા (ઉં. વ. ૯૧) સોમવાર તા.૨૧-૪-૨૫ના રામશરણ પામ્યા છે. સ્વ. ડાહીબેનના પતિ. લીલાબેન, નિર્મળાબેન, પ્રકાશ અને વસંતના પિતા. તુલસીભાઈ પાલાભાઈ અલગોતર, અરવિંદભાઈ ખોડીદાસ ગોહિલ, ઉષાબેન, કાજલબેન, સ્વ. ગીતાબેનના સસરા. રશ્મિ, વિશાલ, શમા, મઝહર, હિના, મયુર અને સ્વ. હર્ષના દાદા. સ્વ. રાજુબેન અને સ્વ. નાજાભાઈ જોગદીયાના જમાઈ. બારમું-કારજ વિધી રવિવાર તા.૨૭-૪-૨૫ના ૫: કલાકે. તારાંગિણી સોસાયટી, નિવાસસ્થાન, અંધેરી વેસ્ટ. રામદેવજી મહારાજનો સંખ્યા ઢાળ પાટ. સાંજે ૭ કલાકે રાખવામાં આવ્યો છે. કમલાદેવી જૈન હાઈસ્કુલ હોલ, આર. ટી. ઓ. લેન, અંધેરી પશ્ચિમ.

**મચ્છુ કઠિયા સઇ સુતાર જ્ઞાતિ**

મૂળ ગામ ઉપલેટા હાલ બોરીવલી વિનોદભાઇ પીઠડીયા (ઉં. વ. ૭૧) તા. ૨૩-૪-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સવજી રામજી પીઠડીયા અને ગં. સ્વ. રડીયાતબેનના પુત્ર. સ્વ. ડાયાભાઇ, સ્વ. વસંતભાઇ તથા સ્વ. રમેશભાઇના નાનાભાઇ. પ્રફુલ, ચંદ્રકાન્તના મોટાભાઇ. રાજેશ, રુપેશ, વિમલના કાકા. પ્રાર્થનાસભા તા. ૨૬-૪-૨૫ શનિવાર સાંજે ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ સિનેમા સામે, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

સ્વ. રંજનબેન મહેતા (ઉં. વ. ૭૯) તે સ્વ. મનહરલાલ મથુરાદાસ મહેતા ડેડાણવાળા હાલ કાંદિવલીના ધર્મપત્ની તા. ૨૫-૪-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે અ. સૌ. શિલ્પા, સંજય, અ. સૌ. અલ્પા કેતન, ગં. સ્વ. મનિષા હેમંતકુમાર સંઘવી, અ. સૌ. દિપ્તી અનુપકુમારના માતુશ્રી. અ. સૌ. ખુશ્બુ કરણ, પ્રાચી નિયંતકુમાર ઠાકર, ચિરાગ, વિનીત, સિધ્વી, અંક્તિ, કિશનના દાદી. તે ઉષા નવીનચંદ્ર સંઘવી, સુધા ઘનશ્યામ સંઘવી, ગં. સ્વ. મંજુલા પ્રવીણચંદ્ર મહેતા, સ્વ. નયના સૂર્યકાન્ત મહેતા, સ્વ. ભારતીબેન હેમંત ગાંધીના ભાભી. તે સ્વ. પ્રભુદાસ પરમાણંદદાસ હકાણી દામનગરવાળાના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૭-૪-૨૫ રવિવારના ૫થી ૭. ઠે. બાલાઆશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

પુણે પોર્શે કાર કેસ

## જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના હકાલપટ્ટી કરાયેલા બે સભ્યની હાઇ કોર્ટમાં ધા

પુણેઃ પુણે પોર્શે કાર ક્રેશ કેસમાં સગીર આરોપીને જામીન આપવા માટે હકાલપટ્ટી કરાયેલા જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ (જેજેબી)ના બે સભ્યએ પોતાની બરતરફી સામે હાઇ કોર્ટમાં ધા નાખી હતી. હાઇ કોર્ટે આ અંગે રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો હતો.

ગયા વર્ષે ઓક્ટોબરમાં રાજ્ય સરકારે કાર્યવાહીમાં ખામી અને જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ સત્તાનો દુરુપયોગ ગણાવીને જેજેબીના સભ્યો એલ. એન. દનાવડે અને કવિતા થોરાતની સેવામાંથી હકાલપટ્ટી કરી હતી. મહિલા અને બાળ વિકાસ (ડબ્લ્યુસીડી) વિભાગ દ્વારા કરાયેલી તપાસમાં જુવેનાઇલના જામીન મંજૂર કરતી વખતે નિયમોનું પાલન ન થયું તથા ગેરરીતિ આચરવામાં આવી હોવાનું જણાવી ઉક્ત બન્ને અધિકારીને દોષી ઠરાવવામાં આવ્યા હતા. દનાવડે અને થોરાતે સરકારના આ નિર્ણય સામે હાઇ કોર્ટમાં ધા નાખી હતી તથા પોતાની બરતરફીને ગેરકાયદે ગણાવી હતી. ૨૩મી એપ્રિલે હાઇ કોર્ટે ડબ્લ્યુસીડી વિભાગને નોટિસ ફટકારીને ૧૮મી જૂન સુધી સુનાવણી મુલતવી રાખી હતી. થોરાતે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે જૂનમાં સરકારે કારણદર્શક નોટિસ ફટકારી હતી અને તેનો જવાબ પણ આપ્યો હતો. ત્યાર બાદ તપાસ હાથ ધરાઇ અને તેની હકાલપટ્ટી કરવામાં આવી. તેમ છતાં તપાસના અહેવાલની નકલ જ થોરાતને આપવામાં આવી નહોતી, એવો દાવો પણ અરજીમાં કરાયો હતો. (પીટીઆઇ) ■

## ગુજરાતીની હત્યાના કેસમાં આરોપી ૨૬ વર્ષે યુપીથી ઝડપાયો

થાણેઃ ભિવંડીમાં પાવરલૂમ ફેક્ટરીના ગુજરાતી માલિકની હત્યાના કેસમાં ફરાર આરોપીને પોલીસે ૨૬ વર્ષ બાદ ઉત્તર પ્રદેશથી ઝડપી પાડ્યો હતો. થાણે શહેર પોલીસે ઉત્તર પ્રદેશની સ્થાનિક પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી બાવીસ એપ્રિલે સિદ્ધાર્થનગર વિસ્તારમાંથી પકડી પાડેલા આરોપીની ઓળખ વિનોદકુમાર શ્યામલાલ ગુપ્તા તરીકે થઇ હતી. વિનોદકુમાર ગુપ્તા દુમરિયાગંજ ખાતેના પરસાહેતિમ (તર્કુલવા) ગામમાં દવાની દુકાન ચલાવતો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ભિવંડીમાં પાવરલૂમ ફેક્ટરીના માલિક જીગર મહેન્દ્ર મહેતાની ૨૯ મે, ૧૯૯૯ના રોજ અપહરણ બાદ હત્યા કરવામાં આવી હતી. આ ગુનામાં ગુપ્તા સંડોવાયેલો હતો. આ પ્રકરણે ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૩૬૩ (અપહરણ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

એફઆઇઆર અનુસાર જીગર મહેતાની ફેક્ટરીનો વીજપુરવઠો જાણી જોઇને કાપી નાખવામાં આવ્યો અને આરોપી ગુપ્તા, સહ-અરોપી રાજુ મહેતા ઉર્ફે બિશનસિંહ લક્ષ્મણસિંહ સાવત (હજી ફરાર છે) તથા કમલેશ રામલખન ઉપાધ્યાય મોડી રાતે જીગર મહેતાને લલચાવીને તેની ફેક્ટરીમાં લઇ આવ્યા હતા. આરોપી કમલેશની ૧૯૯૯માં ધરપકડ કરાઇ હતી.

દરમિયાન ત્રણેય જણે જીગર મહેતાની મારપીટ કરી હતી અને બેભાન કરવા માટે તેને ઇન્જેક્શન માર્યું હતું. આરોપીઓએ જીગર મહેતાની સોનાની ચેન, વીંટી અને રોકડ લૂંટી લીધાં બાદ તેનું ગળું ચીરી નાખ્યું હતું. તેમણે જીગર મહેતાનો મૃતદેહ ઠાકુરપાડા-સરાવલી ખાતે ફેંકી દીધો હતો. જીગર મહેતાની હત્યા કર્યા બાદ આરોપીઓએ મુંબઈમાં પબ્લિક ફોન બૂથ પરથી કૉલ કર્યો હતો અને ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. સિનિયર ઇન્સ્પેક્ટર સંજય શિંદેએ જણાવ્યું હતું કે ગુનો આચર્યા બાદ આરોપી ફરાર થઇ ગયો હતો અને પોલીસ તેની સતત શોધ ચલાવી રહી હતી. આરોપી ગુપ્તા મોબાઇલ ફોન વાપરતો નહોતો અને સતત પોતાનું લોકેશન બદલતો રહેતો હતો. જાન્યુઆરી, ૨૦૨૫માં તે પોતાના વતન પાછો ફર્યો હતો. (પીટીઆઇ)■

# મહિલાનો વેશ પણ પુરુષનો અવાજઃ ઘાટકોપરમાં હિપ્નોટાઇઝ કરી ગુજરાતીના રોકડ-ઘરેણાં પડાવ્યાં

### સોસાયટીમાં વૉચમૅન અને સીસીટીવી કૅમેરા ન હોવાથી આરોપીની ઓળખ મેળવવા પોલીસનાં ફાંફાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર પૂર્વના ઓડિયન મૉલની સામે આવેલી સોસાયટીમાં બનેલી ઘટના પછી ગૃહિણીઓએ ખાસ ચેતવાની જરૂર છે. આ સોસાયટીમાં માસ્ક પહેરીને આવેલી એક મહિલાએ ગુજરાતી ગૃહિણીને હિપ્નોટાઈઝ કરી ૪.૪ લાખની રોકડ અને સોનાનાં ઘરેણાં પડાવ્યાં હતાં. વળી, આ સોસાયટીમાં વૉચમૅન અને સીસીટીવી કૅમેરા ન હોવાથી આરોપીની ઓળખ મેળવવું પોલીસ માટે મુશ્કેલ બન્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પીડિતાના જણાવ્યા અનુસાર આરોપી મહિલાના વેશમાં હતી, પણ તેનો અવાજ પુરુષ જેવો હતો.


(જયપ્રકાશ કેળકર)

પરેશ વ્યાસ તેમના બિલ્ડિંગની સામે.

ઘાટકોપરની કાંચન-ગંગા સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા પરેશ હિંમતલાલ વ્યાસ (૫૦)ના ઘરમાં શુક્રવારની સવારે આ ઘટના બની હતી. સાડી પહેરી અને મોં પર માસ્ક લગાવીને આવેલી મહિલા પરેશભાઈની પત્ની સ્વીટી (૪૬)ને હિપ્નોટાઈઝ કરી રોકડ અને સોનાના દાગીના મળી અંદાજે સાડાછ લાખ રૂપિયાની મતા પડાવી રફુચક્કર થઈ ગઈ હતી. થાણેમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ધરાવતા પરેશભાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સવારે સાડાસાતથી આઠ વાગ્યા દરમિયાન આ ઘટના બની હતી. પત્ની સ્વીટી ઘરનાં કામોમાં વ્યસ્ત હતી ત્યારે એક મહિલાએ ડૉરબેલ વગાડી હતી. મોઢા પર માસ્ક પહેરીને આવેલી મહિલાએ સ્વીટીને વાતોમાં ભોળવી હતી. વાત વાતમાં પોતાની તરફ જોવાનું કહીને મહિલાએ સ્વીટીને હિપ્નોટાઈઝ કરી હતી. ત્યાર બાદ સ્વીટી મહિલાની વાતને અનુસરતી રહી હતી. ઘરમાં રાખવામાં આવેલી ઑફિસના કામની રોકડ અને સ્વીટીએ પહેરેલા દાગીના પડાવી મહિલા ફરાર થઈ ગઈ હતી. આ બાબતે પરેશભાઈએ પંતનગર પોલીસને જાણ કરી હતી. ફરિયાદને આધારે પોલીસ તપાસ કરી રહી છે. પંતનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અજિત ગોંધિયાળીએ જણાવ્યું હતું કે ઘટના અંગે ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી. સોસાયટીમાં વૉચમૅન નથી અને સીસીટીવી કૅમેરા પણ લગાવવામાં આવ્યા નથી. ફરિયાદી અને સાક્ષીઓએ આપેલા વર્ણનને આધારે મહિલાની ઓળખ મેળવવા પોલીસની ટીમ સોસાયટી આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. સોસાયટીમાં રહેતી એક વ્યક્તિએ જણાવ્યું હતું કે ૪-૫ દિવસ પહેલાં પણ આવી જ ઘટના સોસાયટીના પહેલે માળે બની હતી, જેમાં રહેવાસીએ દસ હજારની રોકડ ગુમાવી હતી. ■

## દાઉદનો ભાઇ ઇકબાલ ખંડણી કેસમાં દોષ-મુક્ત

મુંબઈઃ એમસીઓસીએની વિશેષ અદાલતે શુક્રવારે ખંડણી કેસમાં ભાગેડુ ગેંગસ્ટર દાઉદ ઇબ્રાહિમના ભાઇ ઇકબાલ કાસકરે ખંડણી કેસમાંથી મુક્ત કર્યો હતો. કાસકર સામે કડક એવા મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) અને ઈન્ડિયન પીનલ કોડની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટે તેને આ કેસના દરેક આરોપોમાંથી મુક્ત કર્યો હતો, પરંતુ આદેશની નકલ ઉપલબ્ધ ન હોવાને કારણે તેનું કારણ જાણી શકાયું નહોતું. કાસકરનો આ ખંડણી કેસમાં ભલે છૂટકારો થયો હોય, પરંતુ તેની હાલમાં જેલમાંથી મુક્તિ થશે નહીં, કારણ કે તેની સામેનો મની લૉન્ડરિંગનો કેસ પેન્ડિંગ છે અને તે હાલમાં થાણેની જેલમાં છે. ૨૦૧૫માં થાણેના એક રિયલ ડેવલપર પાસેથી કાસ્કરે ૩૦ લાખ રૂપિયા અને ચાર ફ્લેટ માગ્યા હોવાનું પોલીસનું કહેવું છે. તેને ખંડણીના ૩૦ લાખ રૂપિયા પણ મળ્યા હતા તથા તેના આ કેસના સહઆરોપીના નામે એક ફ્લેટ પણ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

## દિલ્હીના ફ્રૉડ કૉલ સેન્ટર પર મુંબઈ પોલીસની રેઈડ

### સિનિયર સિટિઝનને ઠગનારા ત્રણ ઝડપાયાઃ ૧૩૨ ગુનામાં વપરાયેલા ૧૦૫ મોબાઈલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૭૦ વર્ષના સિનિયર સિટિઝનને વગર વ્યાજે લોન અપાવવાને નામે ૧.૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે વેસ્ટ રિજન સાયબર પોલીસે દિલ્હીથી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. દિલ્હીના કૉલ સેન્ટરમાં રેઇડ પાડીને પકડવામાં આવેલા આરોપીઓ પાસેથી ૧૦૫ મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા, જેનો ઉપયોગ દેશભરમાં ૧૩૨ સાયબર ગુના આચરવા માટે થયો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ શેહઝાદ લાલ મોહંમદ ખાન ઉર્ફે રહેમાન (૩૦), અનુજ ઉત્તમસિંહ રાવત ઉર્ફે અનિલકુમાર યાદવ (૩૦) અને મોહંમદ આમિર હુસેન (૩૪) તરીકે થઇ હતી. આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ૨૮ ઑક્ટોબર, ૨૦૨૩થી ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. ફરિયાદી સિનિયર સિટિઝનને આરોપીઓએ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ દિલ્હીની ફાઇનાન્સ કંપનીના કર્મચારી તરીકે આપી હતી. તેમણે ફરિયાદીને કંપનીમાંથી વગર વ્યાજે લોન અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરવા માટે ફાઇનાન્સ કંપની તથા ખાનગી બૅંકનો લોગો તથા સ્ટેમ્પ ધરાવતા બોગસ ઇલેક્ટ્રોનિક દસ્તાવેજો તૈયાર કરીને મોકલ્યા હતા અને બાદમાં વિવિધ કારણો બતાવી ફરિયાદીને અલગ-અલગ બૅંક ખાતાંમાં ૧.૧૪ કરોડ રૂપિયા જમા કરવા માટે ફરજ પાડી હતી. ■

## સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું બાંધકામ અંતિમ તબક્કામાં

મુંબઈઃ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લાના રાજકોટ કિલ્લા ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું બાંધકામ અંતિમ તબક્કામાં છે એમ એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

ડિસેમ્બર ૨૦૨૩માં કિલ્લા પર બેસાડવામાં આવેલી પ્રતિમા ગયા વર્ષે ૨૬ ઓગસ્ટના દિવસે ધરાશાયી થઈ હતી. આ મામલે વિપક્ષ દ્વારા મહારાષ્ટ્ર સરકારની તીવ્ર ટીકા કરવામાં આવી હતી. બાંધકામમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને આ દુર્ઘટના પ્રખ્યાત શૂરવીર રાજાનું અપમાન છે એવી રજૂઆત કરવામાં આવી હતી.

માલવણના રાજ્યના જાહેર બાંધકામ વિભાગના અધિકારી અજિત પાટીલે જણાવ્યું હતું કે 'કામકાજ તબક્કામાં છે. અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. બાંધકામ શરૂ કરતા પહેલાં આ પ્રતિમાનું ઓસ્ટ્રેલિયન કંપની દ્વારા વિન્ડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધીમાં અંદાજે ૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. બાંધકામ જમીનથી ૯૩ ફૂટ ઊંચું હશે. જેમાં ૧૦ ફૂટની કુંભી હશે અને બાકીનું બાંધકામ પ્રતિમાનું હશે.■

## માલેગાંવમાં ઇડીએ પાડ્યા દરોડા

મુંબઈઃ મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા ભારતીય ઓળખ માટે કથિત રીતે બનાવટી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો જારી કરવાના કેસની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટે શુક્રવારે માલેગાંવમાં નવ સ્થળોએ દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યના વિવિધ ભાગોમાં નોંધાયેલી ૧૬ એફઆઈઆર પર આધારિત એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફર્મેશન રિપોર્ટ નોંધ્યા બાદ ઇડી એ કાર્યવાહી કરી હતી.

દરોડા માલેગાંવ સુધી સીમિત હતા અને સરકારી અધિકારીઓ અને ખાનગી વ્યક્તિઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. ■

સુરતી વિશાલાડ વણિક



શ્રીમતી રોહિણીબેન વિઠ્ઠલદાસ બાસ્તાવાળા

૦૯.૧૨.૧૯૩૪ - ૨૪.૦૪.૨૦૨૫

-: સદૈવ હૃદયમાં વસનારા :-

| | |
|---|---|
| પુત્ર અને પુત્રી | : પ્રણવ અને ઉર્વી |
| પુત્રવધુ અને જમાઇ | : દક્ષા પ્રણવ બાસ્તાવાળા અને સુનિલભાઇ લાકડાવાળા |
| પૌત્રી | : ક્રિશા - ક્રિત્વી બાસ્તાવાળા, કૃતિ - નેહા લાકડાવાળા |

-: પ્રાર્થના સભા:-


શનિવાર ૨૬ એપ્રિલ ૨૦૨૫, સાંજે : ૫ થી ૭

સ્થળ : MVN હોલ, પ્યુપીલ સ્કૂલ, ખાર એજ્યુકેશન સોસાયટી, એસ.વી. રોડ, ખાર પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર (વેસ્ટ), મુંબઈ - ૫૨.

બાસ્તાવાળા અને લાકડાવાળા પરિવાર ના

જય શ્રીમનનારાયણ - જય શ્રી કૃષ્ણ
























# ગુજરાતમાં વાર્ષિક પાંચ થી ૧૦ ટકા વધારાના જંત્રી દરના અમલની સરકારની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર જંત્રીના મામલે ખૂબ જ દ્રઢતાપૂર્વક આગળ વધી રહી છે. હાલના સૂચિત જંત્રીના દરોમાં ૭૦ થી ૭૫ ટકાનો ઘટાડો થાય તેવા સંકેત મળી રહ્યા છે અને આગામી દિવસોમાં મહારાષ્ટ્ર પેટર્નથી વાર્ષિક ૫ થી ૧૦ ટકા સુધી લેટ રેટ જંત્રીના દરમાં વધારો થાય તેવા સંકેત મળી રહ્યા છે આ સુધારો એટલે કે ગુજરાત સ્થાપના દિવસથી કરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે.

તત્કાલીન મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલે ૧૮-૪-૨૦૧૧માં નવી જંત્રીનો અમલ શરૂ કર્યો હતો. ત્યારબાદ ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા જંત્રીને લઈને મહત્વના ફેરફારો શરૂ કરવામાં આવ્યા છે, ગુજરાત રાજ્યના મહેસૂલ પ્રધાન તરીકે મુખ્ય પ્રધાન ભપેન્દ્રભાઈ પટેલ ખૂબ જ મહત્ત્વના નિર્ણયો લઈ રહ્યા છે. નવી જંત્રીના દરો ૨૦૨૩માં નક્કી કરાયા તે બમણાદરો કરતાં વધુ હોવાથી શહેરી વિસ્તારમાં પાંચથી દસ ગણા દર વધ્યા હતા તેના બદલે હવે માત્ર ૨૫ ટકાનો વધારો કરાશે. ટૂંક સમયમાં રાજ્ય સરકાર આ અંગેની સત્તાવાર જાહેરાત કરી શકે છે. મહારાષ્ટ્ર પેટર્નથી લાગુ પડનાર નવી જંત્રીને મુદ્દે મહેસૂલ વિભાગ ઝડપથી આગળ વધી રહ્યો છે.

સરકારનાં સૂત્રોના જણાવ્યા મુજબ, જ્યારે સૂચિત જંત્રીના દર ઘણી જગ્યાએ ૫થી ૧૦ ગણા કરાયા તે મુદ્દે સરકારની અપેક્ષાથી વિપરીત પ્રતિક્રિયા આવી હતી કારણ કે આટલો વધારો લોકોને અસહ્ય લાગ્યો હતો. જો કે હાલ સરકારે આ પ્રસ્તાવિત વધારામાં ફેરફાર કરવાનું નક્કી કર્યું છે. ૨૦૨૩માં કરાયેલા વધારાની સાપેક્ષે હવે માત્ર ૨૫ ટકા વધારો જ અમલી કરાશે, પરંતુ સૂચિત વધારાને બેઝ રેટ તરીકે ગણીને તેટલો દર હાંસલ કરવા માટે દર વર્ષે માત્ર નિયમિત રીતે વાર્ષિક જંત્રી દરમાં ૫થી ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. અહીં નોંધવું જરૂરી છે કે રાજ્ય સરકાર દ્વારા જંત્રીના અમલ પૂર્વે અન્ય રાજ્યોની જંત્રીનો અભ્યાસ કરવામાં આવે છે જેમાં મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન અને કર્ણાટક રાજ્યમાં વસૂલાતી જંત્રીના મોડલને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં નર્સિંગ સ્ટાફ ભરતી મામલે હાઇ કોર્ટે ભરતી પ્રક્રિયા રોકવાની માગ ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નર્સિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયાને મામલે ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને મોટી રાહત આપી હતી. હાઇકોર્ટે ભરતી પ્રક્રિયા પર કોઈ પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો, જેનાથી રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગને નોંધપાત્ર રાહત મળી હતી. આ ભરતી પ્રક્રિયા સામે ૫૦થી વધુ ઉમેદવારોએ હાઇકોર્ટમાં પડકાર ફરકાવ્યો હતો, જેમાં પરીક્ષાની આન્સર કીમાં ગેરરીતિઓ અને પ્રક્રિયાની પારદર્શિતા પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં ૪૬,૦૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો, અને આન્સર કીના વિવાદે તેમના ભવિષ્યને અનિશ્ચિતતાના ઘેરામાં મૂકી દીધું છે.

રાજ્યમાં નર્સિંગ સ્ટાફની ૧,૯૦૩ જગ્યાઓ માટે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા યોજાયેલી ભરતી પરીક્ષા બાદ આન્સર કી જાહેર થતાં વિવાદ ઊભો થયો હતો. આન્સર કીમાં તમામ પ્રશ્નોના જવાબ સતત એબીસીડીના ક્રમમાં હોવાનું જણાયું હતું, જેને પગલે ઉમેદવારોએ પરીક્ષાની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવ્યા હતા. ઉમેદવારોનો આરોપ હતો કે આવી આન્સર કીની રચના ગેરરીતિઓને પ્રોત્સાહન આપી શકે છે અને ચોક્કસ ઉમેદવારોને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ થઈ શકે છે.

૫૦થી વધુ ઉમેદવારોએ હાઇકોર્ટમાં અરજીઓ દાખલ કરીને ભરતી પ્રક્રિયા રોકવાની અને પરીક્ષાની સંપૂર્ણ તપાસની માગણી કરી હતી. તેમનું માનવું હતું કે આન્સર કીની રચના અને પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ છે, જેની તપાસ થવી જોઈએ. જોકે, હાઇકોર્ટે આ માગણીને ફગાવી દઈને ભરતી પ્રક્રિયા પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો. આ નિર્ણયથી રાજ્ય સરકારને ભરતી પ્રક્રિયા આગળ વધારવાનો માર્ગ મોકળો થયો છે, પરંતુ ઉમેદવારોની ફરિયાદો અને વિવાદનો ઉકેલ હજુ બાકી છે.

આ વિવાદના પગલે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. તપાસ બાદ જાહેર થયેલી ફાઇનલ આન્સર કીમાં પણ એબીસીડીનો જ ક્રમ જોવા મળ્યો હતો, જેનાથી ઉમેદવારોનો આક્રોશ વધ્યો. જીટીયુના રજિસ્ટ્રાર ડો. કે.એન.ખેરે આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, પેપર સેટ કરનાર ટીમે સિક્વન્સ નક્કી કરવામાં ભૂલ કરી હશે. આ સમજૂતી ઉમેદવારોને સંતોષકારક લાગી ન હતી, અને તેમણે હાઇ કોર્ટમાં ન્યાયની માગણી કરી હતી.

જીટીયુએ આરોગ્ય વિભાગને વિગતવાર રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં ઉમેદવારોના માર્ક્સ, આન્સર કી, પેપરની રચના અને અન્ય તકનિકી માહિતીનો સમાવેશ થાય છે. જોકે, આરોગ્ય વિભાગે હજુ સુધી આ ભરતીને માન્ય રાખવી કે રદ કરવી તે અંગે કોઈ નક્કર નિર્ણય લીધો નથી, જેના કારણે ઉમેદવારોમાં અસમંજસનો માહોલ છે.

# પહલગામ આતંકી હુમલા બાદ ગીર સોમનાથ પોલીસ તંત્ર એલર્ટ, દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વધારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ગંભીર નોંધ લેતા, ગીર સોમનાથ પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે. સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને પોલીસે દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે.

પોલીસ દ્વારા મૂળ દ્વારકાના મધદરિયે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. દરિયામાં અવરજવર કરતી તમામ બોટો અને માછીમારોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ પોલીસ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતનો અરબી સમુદ્ર અને પાકિસ્તાનની જળ સીમા એકબીજાની નજીક આવેલી છે. આથી, દરિયાઈ માર્ગે થતી કોઈ પણ શંકાસ્પદ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવી અત્યંત આવશ્યક છે. ગીર સોમનાથ પોલીસ આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે અને દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં ભરી રહી છે.

# ૧૧ વર્ષ બાદ ખેડૂત આઈ પોર્ટલના નવા વર્ઝનનું લોન્ચિંગઃ બાવીસ દિવસ ખુલ્લું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડૂતોની જુદી જુદી સરકારી યોજનાના લાભ લેવા માટે ૨૦૧૪માં ખેડૂત આઈ પોર્ટલ શરૂ કરાયા બાદ પછી ૧૧ વર્ષે તેમાં સુધારો કરીને નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં ખેતીવાડીની ૪૫ અને બાગાયતની ૫૦ જેટલી સરકારની જુદી જુદી યોજનાઓમાં ખેડૂતો ઘેર બેઠા ઓનલાઈન અરજી કરી શકશે.

જૂના પોર્ટલમાં ખુલતાની સાથે જ ભારે ઘસારાના કારણે કનેક્ટિવિટી ખોરવાઇ જવા સહિતના અનેક પ્રશ્નો વારંવાર ઊભા થતા હતા. આ બાબતને ધ્યાનમાં રાખીને નવા પોર્ટલમાં ખેડૂતોને રાહત મળે તેવા અનેક ફીચર ઉમેરવામાં આવ્યા છે. નવા વર્ઝન સાથેનું ખેડૂત પોર્ટલ આગામી ૨૨ દિવસ સુધી ચાલુ રહેશે અને પશુપાલન વિભાગ માટે આવું જ બીજું એક જુદું પોર્ટલ આગામી દિવસોમાં શરૂ કરાશે. આઇ ખેડૂત પોર્ટલના નવા વર્ઝન પછી તેમાં હવે આગામી દિવસોમાં મોબાઈલ એપ પણ શરૂ કરવામાં આવનારી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૧૪ થી આઇ ખેડૂત પોર્ટલ પર કુલ ૪૧ લાખ ખેડૂતોએ સરકારની જુદી જુદી કૃષિલક્ષી અને બાગાયતની યોજનાઓના લાભ લીધા છે અને સરકારે રૂપિયા ૭,૬૭૦ કરોડના લાભો ખેડૂતોને છેલ્લા ૧૧ વર્ષમાં આપ્યા છે.

સરકાર દરેક યોજના માટે પોર્ટલ ખુલ્લુ મુકે તે સાથે તેની અંતિમ તારીખ પણ જાહેર કરતી હોય છે. અરજી કરવાની મુદત પૂરી થયા પછી જિલ્લા અને તાલુકા કક્ષાએ ડ્રો કરીને મેરીટ લિસ્ટ પણ જાહેર કરવામાં આવશે. અરજી કર્યા પછી તેનું શું થયું તેની પૂછપરછ ખેડૂતોને રૂબરૂ ઓફિસમાં જઈને કરવી પડતી હતી, પરંતુ હવે આ પરિસ્થિતિનો નવા વર્ઝનમાં અંત આવી ગયો છે. અરજી કર્યા પછી ખેડૂતોને સમયાંતરે એસએમએસ મોકલીને સતત અપડેટ કરવામાં આવશે એટલું જ નહીં ખેડૂતો પોતે પણ પોતાની અરજીનું સ્ટેટસ જાતે જોઈ શકશે તેવી વ્યવસ્થા આ નવા વર્ઝનમાં કરવામાં આવી છે.

ટ્રેક્ટર ખરીદી, મોબાઈલ ફોન યોજના જેવી બાબતોમાં ખેડૂતોને અગાઉથી કંપની અને ડીલરોની પસંદગી કરવી પડતી હતી. પરંતુ નવા વર્ઝનમાં ખેડૂતો જે તે કંપનીની અને ડીલરોની ઓફર ઓનલાઇન જોઈને પસંદ કરી શકશે. મેન્યુઅલ ફોલોઅપની સિસ્ટમ સંપૂર્ણપણે બંધ કરવામાં આવી છે અને સિસ્ટમ આધારિત ફોલોઅપ થઈ શકશે. જે કઈ યોજનામાં લાભ મળ્યા પછી ખેડૂતો પોતે બિલ ડોક્યુમેન્ટ વગેરે અપલોડ પણ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

### અમદાવાદમાં ઔડાની મોટી કાર્યવાહી

# બીયુ-ફાયર એનઓસી વગરની ૭૫૦ બિલ્ડિંગને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ઔડાએ બીયુ પરમિશન, ફાયર એનઓસી વગરની ૭૫૦ બિલ્ડિંગને નોટિસ ફટકારતા હડકંપ મચી ગયો હતો. આ ઈમારતો માટેની બીયુ પરમિશન અને ફાયર એનઓસી ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. એટલું જ નહીં. આ સમયગાળા દરમ્યાન બિલ્ડિંગનો ઉપયોગ ન કરવા માટે પણ નોટિસમાં તાકીદ કરાઇ છે. આ દરમ્યાન જો બિલ્ડિંગમાં દુર્ઘટના કે અકસ્માતની ઘટના બનશે તો જે તે માલિક જવાબદાર ગણાશે તેવું પણ કહેવાયું છે.

રાજ્ય સરકારે ઊંચી ઇમારતો માટે એસઓપી ઘડી હતી જેના એક ભાગરૂપે આ ઇમારતોને આ નોટિસો ફટકારવામાં આવી છે.

જો નોટિસનો સમયગાળો પૂર્ણ થાય ત્યાં સુધીમાં બીયુ મંજૂરી અને ફાયર એનઓસી નહીં મેળવવામાં આવી હોય તો બિલ્ડિંગ સિલ કરી દેવાશે.

આ તમામ ઇમારતોને ૨૫ દિવસ અગાઉ જ નોટિસો પાઠવી દેવામાં આવી હતી, પરંતુ તેઓએ તેનો કોઇ પ્રત્યુત્તર આપ્યો નહોતો તેવું પણ જાણવા મળ્યું છે, જેને પગલે ઔડાએ હવે કડક પગલા લેવાની તૈયારી શરૂ કરી છે.

# ગુજરાતમાંથી ૪૩૮ પાકિસ્તાનીને પરત મોકલવાની કાર્યવાહી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૮ ભારતીય નાગરિકોના મૃત્યુ થયા હતા. આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવાનો આદેશ કર્યો હતો, ત્યારે રાજ્યમાં રહેતા પાકિસ્તાની નાગરિકોની હકાલપટ્ટી કરવા સરકાર પણ એક્શન મોડમાં આવી ગઈ છે. ગુજરાતમાં પણ કોઈના કોઈ કારણથી જે પાકિસ્તાની નાગરિકો આવ્યા છે તેમને પરત પાકિસ્તાન મોકલવાની કવાયત તેજ કરી દેવાઈ છે.

ગુજરાતમાં લોંગ ટર્મ વિઝાવાળા ૪૩૮, જ્યારે શોર્ટ ટર્મ વિઝાવાળા ૧૫ પાકિસ્તાની નાગરિકોની યાદી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે.

લોંગ ટર્મ વિઝા વાળા સૌથી વધુ પાકિસ્તાની નાગરિક અમદાવાદમાં ૭૭, જ્યારે કચ્છમાં ૫૩ અને સુરતમાં ૪૪ પાકિસ્તાન નાગરિક છે. તો બીજી તરફ શોર્ટવાળા સૌથી વધુ ભરૂચમાં ૮, અમદાવાદમાં ૫ અને વડોદરામાં ૨ પાકિસ્તાન નાગરિક હોવાની યાદી મળી છે. આ તમામ પાકિસ્તાની નાગરિકો પાસે ૧૪ એપ્રિલથી ૨૮ જૂન સુધીના વિઝા હતા. જેમને ગુજરાતમાંથી અટારી સરહદે મોકલી દેવાની કવાયત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારના આદેશ બાદ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ પાકિસ્તાનથી આવેલા નાગરિકોને તાત્કાલિક ધોરણે પરત મોકલવા તમામ જિલ્લાઓના કલેક્ટર અને એસપીને સૂચના આપી હતી. પાકિસ્તાની નાગરિકોને પાકિસ્તાન મોકલવાની ગુજરાતમાં તૈયારીઓ શરૂ થઈ છે. જ્યારે જે હિંદુ શરણાર્થીઓ પાકિસ્તાનથી આવ્યા છે તેમની સામે કંઈ કાર્યવાહી કરવામાં નહીં આવે.

# અમદાવાદથી દિલ્હી જવા માટે સમર સ્પેશિયલ ત્રણ ટ્રેન દોડાવાશે

### વટવા- હુબલી ટ્રેનને વધારાના સ્ટોપેજ અપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ દિલ્હી, હરિદ્વાર તરફ જતી આવતી વિશેષ ૩ જોડી ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો હતો. જેમાં મુંબઈ સેન્ટ્રલ- ખાતીપુરા સુપરફાસ્ટ ત્રિ-સાપ્તાહિક ટ્રેનને આગામી ૨૭ મે સુધી દોડાવાશે. તેમજ મુંબઈ સેન્ટ્રલ- દિલ્હી સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક ટ્રેનને ૨૮ જૂન સુધી અને સાબરમતી-હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક ટ્રેન ૩૦ જૂન સુધી દોડાવવામાં આવશે.

આ ઉપરાંત પશ્ચિમ રેલવેએ મહારાષ્ટ્ર તરફ આવતા- જતાં મુસાફરોને પડતી હાલાકીને ધ્યાનમાં લઈ આગામી ૨૭ એપ્રિલથી વટવા-હુબલી સ્પેશિયલ ટ્રેનને સતારા, કરાડ અને સાંગલી સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપી યાત્રિકોની સુવિધામાં વધારો કર્યો હોવાનું રેલવે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓને હર્ષ સંઘવીનું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે ગત ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓ દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરી હુમલો કરવામાં આવ્યો હતો અને આ હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૮ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા. અને ત્યાર બાદ ભારત સરકાર દ્વારા દેશમાં આવેલા પાકિસ્તાનીઓને દેશ છોડવાની સૂચના અપાઈ જે અંગે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ નિવેદન આપ્યું હતું. હર્ષ સંઘવીએ ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓ મામલે જાણાવ્યું હતું કે, ભારત સરકારના નિર્ણયનું પાલન કરવું એ રાજ્ય સરકારની જવાબદારી છે. તમામ જિલ્લાના અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે અને પાકિસ્તાની પીડિતોને કોઈ જાતની હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે. જેટલા લોકોને દેશ છોડવાનું અલ્ટિમેટમ છે તેમની એસઓજી અને લોકલ પોલીસ કામગીરી કરી રહી છે.

અલ્ટિમેટમ બાદ જો કોઈ પાકિસ્તાની અહીં રહેશે તો જે કરવાનું થતું હશે એ કરીશું એમાં કાઈ કહેવાનું ન હોય. વડોદરા શહેર પોલીસ પણ પાકિસ્તાની મહિલા પર ચાપતી નજર રાખી રહી છે. ભારત સરકારના નિર્ણય બાદ વડોદરા શહેર જિલ્લામાં ૧૧ પાકિસ્તાની નાગરિક વસવાટ કરતાં હોવાનું બહાર આવ્યું છે. ત્યારે વડોદરા શહેરના વાડી વિસ્તારમાં રહેતી પાકિસ્તાની મહિલાને પણ આગામી ત્રણ દિવસમાં પરત પાકિસ્તાન જવું પડશે.

# મેટ્રો ટ્રેનની સેવાઓ ગાંધીનગર સચિવાલય સુધી લંબાવાઈ

### નવા સાત સ્ટેશનો શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી, જે મુજબ આગામી તા. ૨૭ એપ્રિલ, ૨૦૨૫ થી મેટ્રો ટ્રેનની સેવાઓ ગાંધીનગર સચિવાલય સુધી લંબાવવામાં આવશે. આ સાથે, મુસાફરોની સુવિધા માટે નવા સાત સ્ટેશનો પણ કાર્યરત કરવામાં આવશે. કાર્યરત થનારા નવા સાત મેટ્રો સ્ટેશનોમાં ૧. કોટેશ્વર રોડ ૨. વિશ્વકર્મા કોલેજ ૩. તપોવન સર્કલ ૪. નર્મદા કેનાલ ૫. કોબા સર્કલ ૬. સેક્ટર-૧૦એ અને ૭. સચિવાલયનો સમાવેશ થાય છે.

આ નવા સ્ટેશનો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી વધુ સરળ અને સુવિધાજનક બનશે. ખાસ કરીને ગાંધીનગર સચિવાલય સુધી મેટ્રોની પહોંચ થવાથી સરકારી કર્મચારીઓ અને અન્ય મુસાફરોને ખૂબ જ લાભ થશે. ટ્રેનના સમયપત્રક અને રૂટ અંગેની વિસ્તૃત માહિતી જીએમઆરસી દ્વારા તેમની સત્તાવાર વેબસાઈટ પર શનિવારથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જીએમઆરસી દ્વારા આ સેવા વિસ્તરણથી જાહેર પરિવહન વધુ સુદ્રઢ બનશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ ઘટાડો થશે તેવી અપેક્ષા છે.

# ગુજરાતના હવામાનની આગાહી, રાજ્યમાં તાપમાનમાં સામાન્ય વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે આગામી ૭ દિવસ હવામાન કેવું રહેશે તે અંગે સંભાવનાઓ વ્યક્ત કરી હતી, જેમાં કોઈ મોટા ફેરફારોની શક્યતાઓ વ્યક્ત કરાઈ નથી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા આગામી દિવસોમાં તાપમાન કેવું રહેશે તેની માહિતી આપી હતી, જેમાં તાપમાનમાં કેટલાક સામાન્ય ફેરફારો થવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી.

એકે દાસ જણાવ્યું હતું કે, ૨૫-૨૭ એપ્રિલ સુધી તાપમાનમાં કોઈ મોટા ફેરફારોની સંભાવનાઓ નથી, પરંતુ તે પછી તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ છે. ગુજરાતમાં ૧ મે સુધી તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

આમ રાજ્યમાં ગરમીનું પ્રમાણ સામાન્ય વધારા-ઘટાડા સાથે યથાવત રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. એકે દાસે જણાવ્યું હતું કે, ગુજરાતના દરિયાકાંઠાના ભાગોમાં અકળામણ થાય તેવી ગરમી રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. અહીં ગરમ અને ભેજવાળો પવન રહેવાથી ગરમીની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં તાપમાનને લઈને કોઈ મોટી આગાહી નથી, પરંતુ દરિયાકાંઠાના ભાગોમાં (૨૮ એપ્રિલથી ૧ મે સુધી) ત્રણ દિવસ તાપમાન ગરમ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

આમ, હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી હવામાન સામાન્ય રહ્યા બાદ તેમાં નજીવો વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય ગુજરાતનામાં ક્યાંય હીટવેવની આગાહી વ્યક્ત કરવામાં આવી નથી.

# સિંગતેલના ભાવમાં ઘટાડો; ૧૫ કિલો ડબ્બાનો ભાવ ₹ ૨૩૦૦એ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોંઘવારીના માર વચ્ચે મધ્યમવર્ગને રાહત આપે તેવા સમાચાર છે. રાજ્યમાં સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડાથી સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાનો ભાવ ૨૩૦૦ રૂપિયા થઈ ગયો છે. છેલ્લા ત્રણ દિવસમાં જ પ્રતિ ડબ્બામાં ૪૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે દિવાળીથી અત્યાર સુધીના ગાળામાં અંદાજે ૩૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર હાલ સિંગતેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થતાં સિંગતેલના ભાવ ૪ વર્ષના તળિયે જોવા મળ્યા છે. સિંગતેલના ભાવમાં ઘટાડો થવાનું સૌથી મોટું કારણ મગફળીના મબલખ ઉત્પાદનને માનવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર મગફળીના ઉત્પાદનના પ્રદેશની સાથે જ સિંગતેલની સૌથી વધુ માંગ અહીંથી જ રહે છે. ત્યારે સૌરાષ્ટ્રમાં મગફળીનું મબલક ઉત્પાદન થઈ રહ્યું હોય અને આ વર્ષે અંદાજે ૫૦ લાખ ટનથી પણ વધુ ઉત્પાદનનું અનુમાન છે ત્યારે તેની સીધી અસર સિંગતેલના ભાવમાં જોવા મળી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સિંગતેલના ભાવમાં ઘટાડાની શરૂઆત દિવાળીથી જ થઈ હતી અને દિવાળીથી અત્યાર સુધીમાં સિંગતેલના ભાવમાં રૂ.૩૦૦નો ઘટાડો નોંધાયો છે. સીંગતેલના ભાવમાં ઘટાડા પાછળ બજારમાં મગફળીના પૂરતા પ્રમાણમાં જથ્થાને માનવામાં આવી રહ્યો છે. કારણ કે મગફળીના મબલખ ઉત્પાદનની સાથે જ સરકારે પણ નાફેડ હસ્તકની મગફળીનું વેચાણ કર્યું છે તેમજ ખેડૂતો પણ મગફળીનું વેંચાણ કરતાં આ ભાવમાં ઘટાડો નોંધાયો છે.

છેલ્લા ચાર વર્ષમાં સિંગતેલના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. નવેમ્બર ૨૦૨૧માં રૂ. ૨૩૦૦ પ્રતિ ડબ્બાનો ભાવ ઓગસ્ટ ૨૦૨૨માં વધીને રૂ.૩૨૦૦ થયો હતો.

ત્યારબાદ ઓગસ્ટ ૨૦૨૩માં ભાવ ઘટીને રૂ. ૩૧૦૦ થયો અને ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં વધુ ઘટીને રૂ. ૨૯૦૦ થયો હતો. નવેમ્બર ૨૦૨૪માં ભાવ રૂ. ૨૬૦૦ અને એપ્રિલ ૨૦૨૫માં રૂ. ૨૩૦૦ પ્રતિ ડબ્બા પર પહોંચ્યો છે.

# વડોદરામાં કેરીના ગોડાઉન અને દુકાનોનું ચેકિંગઃ ૫૭૦ કિલો અખાદ્ય ફળોનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખાદ્ય પદાર્થો અને ખાણીપીણીમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા લેભાગુ તત્ત્વો સામે વડોદરા મનપાના આરોગ્ય વિભાગે કડક હાથે કાર્યવાહી શરૂ કરી છે. પાલિકા દ્વારા છેલ્લા એક માસથી જુદા-જુદા વિસ્તારોમાં કેરીની વખારો, કેરીનાં રસના તંબુઓ, શેરડીના રસના કોલા, નોન પેકેજડ ડ્રિકિંગ વોટર (પાણીના જગ)નાં વેચાણ કરતા યુનિટોમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખોરાક શાખાનાં ફૂડ સેફ્ટી ઓફીસર દ્વારા વિવિધ વિસ્તારોમાં ૬૩ કેરીની વખારો, ૩૭ નોન પેકેજડ ડ્રિકિંગ વોટર (પાણીના જગ)નાં ઉત્પાદકો, ૪૯ કેરીના રસના તંબુ, ૬૭ શેરડીના રસના કોલામાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેરીની વખારોમાં કેલ્શિયમ કાર્બાઇડ વાપરવા બાબતે ચેકિંગ કરી આશરે ૫૭૦ કિલો બગડેલા તેમજ કાપેલા ફળોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

ઉનાળાની ઋતુને અનુલક્ષીને તેમજ જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાને લઇ કોર્પોરેશનનાં ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફિસરો દ્વારા બે ટીમો બનાવી શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેરી તથા અન્ય ફ્રૂટ વેચતા વેપારી દ્વારા કેલ્શીયમ કાર્બાઇડનો આર્ટિફિશિયલ રાઇપનિંગ તરીકે ઉપયોગ બાબતે કુલ ૬૩ વખારોમાં આકસ્મિક ચેકિંગની કામગીરી હાથ ધરતા કેરી, મોસંબી, નારંગી, દાડમ, પપૈયું, ચીકુ જેવા આશરે ૫૭૦ કિલો કાપેલા તેમ જ બગડેલા ફળોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફિસરો દ્વારા નોન-પેકેજડ ડ્રિકિંગ વોટર (પાણીના જગ)નાં ૩૭ ઉત્પાદકોને ત્યાં આકસ્મીક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# ખંભાતમાં સાત વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી હત્યાના કેસમાં આરોપીને ફાંસીની સજા

અમદાવાદઃ ગુજરાતના આણંદ જિલ્લામાં ૨૦૧૯માં સાત વર્ષની બાળકી પર દુષ્કર્મની ઘટના બની હતી. નરાધમીએ બાળકી પર દુષ્કર્મ આચરીને બાળકીની હત્યા કરી દીધી હતી. આ કેસમાં છ વર્ષ પછી ચુકાદો આવ્યો અને બાળકીને ન્યાય મળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખંભાત સેશન્સ કોર્ટે આ કેસમાં પોક્સો તથા ખૂન એમ બંને ગુનાઓમાં આરોપીને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. આરોપીને ઝડપી સજા અપાવવા માટે પરિવારે વારંવાર પોલીસ અને કોર્ટને રજૂઆતો કરી હતી. આજથી છ વર્ષ પહેલા ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯માં આણંદ જિલ્લાના ખંભાત પોલીસ સ્ટેશનની હદમાં આવતા કાણીસા ગામમાં અર્જુન અંબાલાલ ગોહેલ ઉર્ફે દડો નામના આરોપીએ સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરીને તેની હત્યા કરી નાખી હતી. બાળકીનો મૃતદેહ કામનાથ મહાદેવ મંદિરની પાછળ આવેલા પાણીના કાંસમાંથી અર્ધનગ્ન અવસ્થામાં મળી આવ્યો હતો. આ કેસમાં ખંભાત ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. જે કેસમાં શુક્રવારે ચુકાદો આવ્યો હતો.

# વીક એન્ડ

## ચારેક વર્ષ પહેલાં પોતાના જ અવકાશયાનમાં સર્વપ્રથમ અંતરિક્ષયાત્રા કરીને 'સ્પેસ ટૂરિઝમ' યુગનો આરંભ કરનારા જેફ બેઝોસના આ અવકાશી સાહસમાં સાથ આપવા અનેક સેલિબ્રિટી આગળ આવી રહી છે. આમ તો આવી ટૂંકી છતાં અતિ રોમાંચક અવકાશયાત્રાની ટિકિટનો ભાવ છે ૧૫૦૦૦૦ ડૉલર ડિપોઝિટની સાથે ૩૦ મિલ્યન ડૉલર એટલે કે આશરે ૨૬ કરોડ રૂપિયા !



કેટી પેરી અને પાંચ મહિલાની ટીમ અંતરિક્ષ યાત્રાએ જઈ આવી

'વિશ્વના સર્વપ્રથમ અંતરિક્ષ અબજપતિ' જેફ બેઝોસ

# આજની સેલેબ્સને કેમ લાગ્યું છે અંતરિક્ષ-યાત્રાનું ઘેલું?

### ક્લોઝ અપ જિંદગી

ભરત ઘેલાણી
pratiksha.thanki@bombaysamachar.com

પેલી ગ્રીક પૌરાણિક દંતકથા છે ને કે ત્યાંના એક રાજા મિડાસને એવું વરદાન હતું કે એ જેના પર હાથ મૂકે એ વસ્તુ નક્કર સોનાની થઈ જાય . પહેલાં પહેલાં તો રાજા મિડાસને જલસો થઈ ગયો. ચોતરફની ચીજ-વસ્તુઓને એ સોનાની બનાવતો ચાલ્યો, પણ પાછળથી એ વરદાન એના માટે શ્રાપમાં પલટાઈ જાય છે. એ દંતકથાના ઉત્તરાર્ધની વાત આપણને અહીં ઉપયોગી નથી એટલે એને બાજુએ રાખી આપણી મૂળ વાતના હાર્દ પર આવીએ તો જેમ એક જમાનામાં કહેવાતું : 'રાજા-વાજાં ને વાંદરા માન્યા માને નહીં- ને મન ફાવે તેમ કરે..' હવે રાજા તો રહ્યા નહીં, પણ ઉપરોક્ત ઉક્તિમાં 'રાજા'ને બદલે હવે 'અબજપતિ' શબ્દ બેસાડી દો એટલે વાતનો મર્મ સચવાઈ રહે..!

વળી, આ અબજપતિઓ પેલા ગ્રીક રાજા મિડાસ જેવા છે. એ જે ધંધા વ્યવસાયમાં હાથ નાખે છે માત્ર સોનાનો જ નહીં-હીરા અને પ્લેટિનયમના પુરવાર થાય છે.

આવા અબજોપતિ 'મહારાજા'ઓ એમની આ સતત ગુણાકાર થતી સંપત્તિનું કરી કરીને શું કરે ..? વેકેશન ગાળવા જવા માટે કેટલાં ટાપુ કેટલા પ્રાઈવેટ સી બીચ કેટલા પ્રાઈવેટ જેટ કે પછી વૈભવી યાટ ખરીદે? વધારાની આવકનું રોકાણ કરવા કેટલી જમીન, બંગલા, નવા વેપાર ખરીદે? ભોગવિલાસ કરી કરીને પણ કેટલો કરે?

આના ઉપાય તરીકે આવા આજના રાજા-મહારાજાઓએ એક રોમાંચક શોખ 'શોધી' કાઢ્યો છે - અને એ છે પ્રાઈવેટ અંતરિક્ષયાનમાં ગોઠવાઈને અનંત આકાશમાં લટાર મારી આવવાનો !

છેલ્લા થોડા સમયથી જગતની અંદર પ્રથમ દસમાં પૂછાય એવા કેટલાંક અબજો ડૉલરના પતિઓ અંતરિક્ષમાં આટો મારી આવીને ન્યૂઝ મીડિયાથી લઈને સોશિયલ મીડિયાની હેડલાઈન્સમાં છવાઈ ગયા છે.

હજુ હમણાં ૧૪ એપ્રિલના દિવસે પોતાનાં ફિલ્ડમાં સેલિબ્રિટી ગણાતી ૬ મહિલા અનુભવી અંતરિક્ષયાત્રીની જેમ અવકાશયાનમાં ઊંચકાઈને ધરતીથી ૧૦૦ કિલોમીટર આકાશમાં મસ્ત લટાર મારીને પરત થઈ. એમની આ 'માત્ર મહિલા માટે'ની આ રોમાંચક અંતરિક્ષયાત્રા હતી તો ફક્ત ૧૧ મિનિટની અને એમાંય અઢી મિનિટ સુધી 'ઝીરો ગ્રેવેટી' એટલે કે શૂન્ય ગુરુત્વાકર્ષણનો અનુભવ પણ લીધો એમાં જગત આખામાં એમની જબરી 'વાહવાહ' થઈ ગઈ !

આ ૧૧ મિનિટની અવકાશયાત્રામાં પોતાનાં ક્ષેત્રમાં નામના મેળવી હોય એવી ૬ જાણીતી મહિલા હતી. આમાં સુપર પોપ સિંગર કેટી પેરીની સાથે જાણીતી પત્રકાર ગેઈલી કિંગ આઈશા બોવ (એરોસ્પેસ ઈજનેર) - કેરેની ફ્લ્યાન (ફિલ્મ પ્રોડ્યુસર) એમન્ડા ન્યુયેન (રિસર્ચ સાયન્ટિસ) અને લ્યુરેન સાનચેઝ (લેખિકા શો એન્કર).

આમ તો અંતરિક્ષને લગતા અટપટા સંશોધન અને સતત કરવા પડતા અવકાશયાત્રાના અનેકવિધ પ્રયોગ ઘણા જ ખર્ચાળ છે, જે અમેરિકા જેવા ખમતીધર દેશને જ પોષાય. એકલદોકલનું આ ક્ષેત્રમાં કામ નહીં, પણ આપણી એક ગુજરાતી ઉક્તિ છેને કે 'આ છતના ચાળા છે!' અર્થાત જેમના પર રુમઝુમ કરતી મા લક્ષ્મીની કૃપા છે એમને જ આ 'ચાળા'-તિકડમ પોષાય !.

જો કે હવે આવા તિકડમ કરી શકે એવા કેટલાક તગડા ડૉલરિયા મહારથીઓ બહાર આવ્યા છે, જેમણે નાનપણથી પોતાની રીતે અંતરિક્ષમાં મહાલવાનાં સપનાં જોયાં હતાં અને હવે એ સાકાર પણ કર્યા છે. આવા અંતરિક્ષ - સાહસિકોમાં પહેલું નામ છે : જેફ બેઝોસ




કોર્પોરેટ વર્લ્ડની એક જબરી ઓળખ -જંગી કંપની 'એમેઝોન'ના સર્વેસર્વા એવા આ શખસની ગણના જગતના પાંચ ટોપના શ્રીમંત તરીકે થાય છે. ક્યારેક એ વિશ્વના સૌથી વધુ શ્રીમંત હોય તો ક્યારેક એ બીજે સ્થાને પણ હોય, પણ એમનો ક્રમાંક ક્યારેય ટોપ ફાઈવમાંથી હેઠો ઊતર્યો નથી.

આ ધરતી પર 'એમેઝોન' દ્વારા અનેક વ્યવસાયિક વિક્રમ સર્જ્યા પછી બાળપણમાં સેવેલાં શમણાંને વાસ્તવિક આકાર આપવા જેફ બેઝોસે આજથી છએક વર્ષ પહેલાં ગગન તરફ નજર દોડાવી હતી. એવું નથી કે કોઈ અબજપતિની જેમ એને તુક્કો સુજ્યો કે 'હાલો, એકાદ રોકેટયાન બનાવીએ-બેસીએ ને કારની લોંગ ડ્રાઈવની જેમ જરા આકાશમાં નવી લટાર મારી આવીએ!' આ એના જેટલું સરળ નથી. એનાં માટે ખુલ્લી આંખે સપનાં જોવાં પડે. દ્રઢ નિશ્ચય સાથે આયોજન કરવું પડે. જેફે પણ નાનપણથી -પાંચ વર્ષની કાચી ઉંમરે એક બાળકની જેમ પરીઓના દેશ -ઉપર ગગનમાં જવાની કલ્પના કરી હતી અને આજે એ દાયકાઓ પુરાણી સ્વપ્નવત વાત-ફેન્ટસી સાકાર કરવા એ ખરેખર ખુદ ૨૦૨૧માં ૨૦ જુલાઈના દિવસં સ્પેસ-અંતરિક્ષમાં ઉડ્ડાન ભરી આવ્યા છે... જેફે એ દિવસ એટલા માટે પસંદ કર્યો હતો કે ૧૯૬૯ના એ દિવસે માનવીએ સર્વપ્રેથમ વાર ચન્દ્ર પર ઊતરાણ કર્યું હતું !

જેફ બેઝોસ મૂળભુત રીતે સ્વપ્નદ્રષ્ટા અને વ્યવસ્થિત પ્લાનિંગ -આયોજનનો આદમી છે. છૂટક પુસ્તકો ઓનલાઈન વેંચવાના સાહસથી લઈને 'આઉટ ઑફ બોક્સ' - બીજા કરતાં કઈંક ભિન્ન-વિભન્ન વિચારીને એણે પોતાનો વ્યવસાય-ધંધો અનેક રીતે વિસ્તાર્યો અને આજે એ ૨૩૯ અબજ ડૉલરની નેટ વર્થ સાથે વિશ્વના શ્રીમંતોની હરોળમાં બીજે નંબરે હકપૂર્વક ગોઠવાઈ ગયો છે.

કલદાર અને કીર્તિ એકઠી કરનારા આદમીમાં એક ખૂબી હોય છે. એ બધા એક જ ધંધા-વ્યવસાયમાં સ્થિર થઈને બેસી નથી રહેતા. એ પોતાના ફલક આગવી રીતે સતત વિસ્તારતા જ રહે છે. જેફમાં પણ આ આવડત છે.'એમેઝોન' ઉપરાંત પોતાના અન્ય ધંધાના લાભાર્થે એ મોડર્ન ટેકનોલોજિનો ભરપૂર ઉપયોગ કરે છે. રોકેટ-સ્પેસયાન તૈયાર કરવા માટે એણે પોતાની 'બ્લ્યુ ઑરિજિન' કંપની શરૂ કરી અંતરિક્ષને લગતાં ઘણાં સંશોધન ચાલુ કર્યા અને આજે 'વિશ્વના સર્વપ્રથમ અંતરિક્ષ અબજપતિ' તરીકે અન્ય સેલેબ્સને પણ અવારનવાર આકાશમાં ફેરવે છે. ૨૦૨૧થી અત્યાર સુધીમાં સરકારી સ્પેસ એજન્સી 'નાસા' નહીં, પણ જેફ બેઝોસની સ્પેસ એરક્રાફ્ટ કંપની 'બ્લ્યુ ઓરિજિન'ના ખાનાગી સ્પેસક્રાફ્ટમાં ૫૮ જેટલી વ્યક્તિ- સેલેબ્સ પૃથ્વીથી ૧૦૦ કિલોમીટર ઉપર જઈને અંતરિક્ષ યાત્રા કરી આવી છે.

આ સેલેબ્સ યાત્રીઓમાં ખાસ ઉલ્લેખનીય કહી શકાય એ હતા કેનેડાના જાણીતા 'સ્ટાર ટ્રેક' એક્ટર ૯૦ વર્ષીય વિલિયમ શાટનર-અમેરિકન ફૂટબોલ લીગનો જાણીતો ખેલાડી-ટીવી એન્કર માઈકલ સ્ટ્રાહન, ફેમસ યુ-ટ્યૂબર કોબી કોટન -૯૧ વર્ષી અશ્વેત અવકાશયાત્રી એડ ડ્વિલાઈટ, ઈત્યાદિ છે અને નજીકના ભવિષ્યમાં ટોમ હેન્કસ બ્રેડ પિટ, લિઓનાર્ડો ડિકેપ્રિઓ જેવા હોલિવૂડના સુપર સ્ટાર્સે પણ આવી અંતરિક્ષયાત્રા કરવાની ઈચ્છા પ્રગટ કરી છે!

બીજી તરફ , જેફના અનેક ધંધામાં બરાબરીની સ્પર્ધા કરનારો આજનો સૌથી શ્રીમંત ઈલોન મસ્ક એનો કટ્ટર સ્પર્ધી બનશે એવી બધાની ધારણા હતી, કારણ કે અત્યંત કુશાગ્ર એવો ઈલોન મસ્ક સોલર પાવર (સૌર શક્તિ)- આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ( કૃત્રિમ બુદ્ધિમતા) અને સંપૂર્ણ ઈલેક્ટ્રિક કાર 'ટેસ્લા'થી લઈને શક્તિશાળી રોકેટ બનાવતી કંપની 'સ્પેસએક્સ' જેવા અનેક પ્રકારના તુક્કા-તરકીબવાળાં ધંધા- ઉદ્યોગમાં અચ્છો સફળ નીવડ્યો છે. અંતરિક્ષને લગતી શોધખોળ એનો પ્રિય વિષય છે. આમ છતાં ઈલોન મસ્ક આજ સુધી ખુદ પોતે અંતરિક્ષ યાત્રાએ ગયો નથી. એ ક્ષેત્રમાં 'પહેલો ઘા રાણાનો'ના ન્યાયે જેફ બેઝોસ અંતરિક્ષ ક્ષેત્રે અત્યારે તો મેદાન મારી ગયો છે..

જો કે, આ સ્પર્ધામાં હજુ એક અનેરું પાત્ર પણ હતું. જેફ બેઝોસ અને ઈલોન મસ્ક કરતાં અંતરિક્ષનાં જ્ઞાન-વિજ્ઞાનમાં અવ્વલ છે મૂળ બ્રિટિશ ઉદ્યોગ સાહસિક એવો રિચાર્ડ બ્રેન્સન. જેફ અને ઈલોન આકાશને પોતાના ધંધામાં પલટી નાખવા તત્પર રહે છે, પરંતુ વર્ષો પહેલાં મ્યુઝિક રેકોર્ડસ વેંચીને જાત મહેનતે રિચાર્ડ 'વર્જિન એરલાઈન્સ'નો માલિક બન્યો હતો. એ ગજબનો અલગારી આદમી છે. એ ઉદ્યોગ ધંધા કરવા કરતાં ખતરા-અખતરામાં વધુ રચ્યો-પચ્યો રહે છે. એ પણ જેફ બેઝોસની જેમ અંતરિક્ષમાં આંટો મારી આવ્યો છે. ■

### અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઉએનો પાર્ક - જાપાનીઝ બ્લોસમ્સની પહેલી ઝલક...

ટોક્યોનો પહેલો દિવસ ત્યાંની કલાએ ટેકઓવર કરી લીધો હતો, એટલે અમે બીજા દિવસે ત્યાંનાં કુદરતી અને સાંસ્કૃતિક સ્થળો પર ફોકસ કર્યું. પ્લાનિંગ કરતી વખતે ખબર તો હતી કે અહીં ઘણું ચાલવું પડશે, પણ દિવસનાં ત્રીસ હજાર સ્ટેપ્સ પહોંચ્યા પછી લાગ્યું કે હવે જરા માઇન્ડફુલ બનીને પ્લાન કરવું પડશે. અમે માર્ચના પહેલા અને બીજા વીકમાં ત્યાં હતાં એટલે હજી ક્યોટોનાં સકુરા બ્લોસમ્સને વાર હતી, પણ પ્લમ બ્લોસમ્સ તો આવી જ ગયાં હતાં. હોટલ પર લોકલ છાપાંમાં આગલા દિવસે પાડેલી ઉએનો પાર્કની તસવીરો જોઈને લાગ્યું કે સીધું ઉએનો પાર્ક જવું જોઈએ. સવારમાં ત્યાંની ખ્યાતનામ તૈયાકી એટલે કે સ્ટફ્ડ પેન કેકનો નાસ્તો કરીને એનર્જી હાઈ હતી. અમે હાકાઇડો મિલ્ક પણ લીધું હતું. તેના પરથી સમય મળે તો અહીં મિલ્ક ટેસ્ટિંગ કરવાનો પ્લાન પણ બનાવી લીધેલો. ત્યાંની સાકે, સોચ્યુ, વિસ્કી એવાં ઘણાં જાપાનીઝ ડ્રિંક્સ જાણીતાં છે, પણ













ખરેખર ત્યાંનું સૌથી મજેદાર ડ્રિંક ત્યાંનું દૂધ છે. દૂધ અને જાપાનીઝ પેનકેકની એનર્જી અમને રોપોન્ગીથી છેક ઉએનો પાર્ક લઈ આવી.

ઉએનો પાર્ક જવામાં ટોક્યોના વોર્ડ્સ વિષે પણ જાણવા મળી ગયું. આપણને તો ટોક્યો એક જ શહેર હોય તેવું લાગે, પણ ટોક્યોમાં કુલ ૨૩ વોર્ડ્સ છે. રોપોન્ગી મિનાટો વોર્ડમાં છે. જિબલી મ્યુઝિયમવાળો મિતાકા વિસ્તાર પણ એક વોર્ડ જ છે. ઉએનો પાર્ક ટાઇતો વોર્ડમાં છે. રોપોન્ગીથી ટાઇતો પહોંચવામાં ચાર વોર્ડ પાર કરીને જવું પડે તેવું હતું. અમે ઘણો બધો સમય અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનમાં ચાલવામાં અને ટ્રેનમાં ઊભાં રહેવામાં વિતાવ્યો, પણ આખરે ઉએનો પાર્ક આવ્યો ખરો, અને અંદર જવા માટે ઘણાં પગથિયાં ચઢવા પડ્યાં. ત્યાં હજી બ્લોસમ્સ તો એટલાં ન હતાં, પણ લોકોની ભીડ જરૂર જામી ગઈ હતી. ૧૮૭૩માં બનેલો આ પાર્ક ટોક્યો શહેરનો પહેલો પબ્લિક પાર્ક હતો.

ટોક્યો પર મેઇજી શાસન દરમ્યાન આ પાર્કને તેનું આજનું સ્વરૂપ મળ્યું હતું. બાકી એક સમયે આ પાર્ક માત્ર કાનાઇજી મંદિરનો ભાગ હતો. સમય સાથે આ પાર્ક હવે વધુ પડતો વેસ્ટર્ન સ્ટાઇલનો બની ગયો છે એવું સ્થાનિક લોકોને લાગે છે. ટૂરિસ્ટ માટે ભલભલા દેશોનું કલ્ચર હોમોજિનાઇઝ થઈ રહ્યું છે. જાપાને હજી શક્ય હોય એટલું આગવું કલ્ચર જાળવી રાખ્યું છે. તો પણ લોકોને તો લાગે છે કે અહીં ઘણું વેસ્ટર્નાઇઝેશન થઈ રહ્યું છે. અમે પ્લમ બ્લોસમ્સને ફોલો કરતાં ગયાં અને એક શ્રાઇન આવી ગઈ. ત્યારે ખબર ન હતી કે એ જ કાનાઇજી મંદિર છે.

આખું જાપાન આવાં શ્રાઇન અને મંદિરોથી ભરેલું છે. આ બૌદ્ધ મંદિરમાં બુદ્ધના માત્ર ચહેરાની પ્રતિમા છે, આખું માથું પણ નહીં, માત્ર મુખોટા જેવું. બુદ્ધની આવી પ્રતિમા બીજે ભાગ્યે જ ક્યાંય હોય તેવું લાગ્યું. છેક ૧૬૩૨માં બનેલી આ પ્રતિમા પહેલાં આખા શરીરની હતી, પણ અવારનવાર આવેલા ભૂકંપ પછી હવે માત્ર ચહેરાનો આ હિસ્સો જ બચ્યો હોવાની વાત છે. આ શ્રાઇનમાં જઈને કઈ રીતે દર્શન કરવાં તે પણ ઇન્ટરનેટ પરથી જ જાણવા મળેલું. પણ આગળ જઈને પાંચ-છ દિવસ પછી હિમેજી કાસલમાં એક સ્થાનિક હિસ્ટ્રી ટીચર પાસેથી ખરેખર અહીં કઈ રીતે દર્શન કરવાં એ લાઇવ શીખવા મળેલું. તે સમયે તો અમે નવાઇથી જે પણ દેખાતું હતું તેના ફોટા પાડીને આગળ ચાલવા માંડતાં.

પાર્કમાં એક ઝૂ પણ છે, અને મજાની વાત એ છે કે જાપાનનું આ પહેલું ઝૂ છે. પાર્કમાં ટોક્યો હિસ્ટ્રી મ્યુઝિયમ અને મેટ્રોપોલિટિન આર્ટ મ્યુઝિયમ પણ છે. તે દિવસે અમે મ્યુઝિયમ તરફ તો જવાનાં નહોતાં. જોકે બહાર ફરવા માટે માહોલ જરા ઠંડો હતો. અમે આટલી બધી ઠંડી હશે એ પણ નહોતું ધાર્યું. તેમાંય વરસાદ પડવા લાગ્યો ત્યારે એક સમયે તો ઇચ્છા થઈ પણ ગઈ કે કોઈ મ્યુઝિયમમાં અંદર જઈએ. પછી કાફેમાં ગરમ માચા ટી સાથે કલ્ચરનો આનંદ લઈ લીધો. જોકે એક લોકલ ગાઇડે તો અમને એ પણ કહ્યું કે માચા કંઈ અહીંની સંસ્કૃતિનો ભાગ નથી. અહીં ટૂરિસ્ટોએ માચાને જાપાન સાથે જોડી દીધું છે. માચા હવે તો જાપાન સાથે એવું જોડાઇ ગયું છે કે લોકો ભૂલી ગયાં છે કે તે મૂળ ચાઇનાનું છે. હવે જાપાન અને ચાઇના વચ્ચે કલ્ચરલ વિવાદ કયા સ્તરનો હોઈ શકે તે પણ ત્યાં જઈને જ ખબર પડી. ત્યાં અમે ખાસ કશું મેડ-ઇન-ચાઇના ન ખરીદવા માટે પણ સજ્જ હતાં. જાપાન જઈને તો મેડ-ઇન-જાપાન ચીજો જ લેવી રહી.

ઉએનો પાર્કમાં કુલ ૧૦૦૦થી વધુ ચેરી અને પ્લમ ટ્રીઝ છે. બધાંની ખરી જમાવટ તો એપ્રિલમાં થાય છે. અમે માર્ચમાં ત્યાં ઊભાં રહીને એપ્રિલમાં આ કળીઓ કેવી ખીલશે તેની કલ્પના કરતાં હતાં. આ જ ફૂલો અમને જર્મનીમાં જોવા મળી જ જાય છે. મજા માત્ર એક સાથે ૧૦૦૦ જેટલાં વૃક્ષો પર આ ફૂલો જોવાની હતી. અમે માત્ર કળીઓ જોઈને તે સમયે સંતોષ માની લીધો હતો. ત્યારે જ ધક્કામુક્કી થઈ જાય એટલી ભીડ હતી, એટલે અમને અહીં પીક સીઝનમાં આવવાની ઇચ્છા પણ નહોતી થતી. ખ્યાતનામ સામુરાય સાઇગો તાકામોરીના સ્ટેચ્યૂને કોઈ સીઝનની જરૂર ન હતી. તેનો પણ ફોટો તો પાડ્યો જ. બરાબર શ્રાઇનને અડીને શિનોબાઝુ તળાવ હતું. ત્યાં પણ સીઝનમાં કમળ ખીલે ત્યારે કેવું લાગતું હશે તેની કલ્પના કરી. જોકે તળાવને ફરતે ગુલાબી પ્લમ બ્લોસમ્સ આવી ચૂક્યાં હતાં. તેની કલ્પના કરવાની જરૂર ન હતી.


જરા ઢાળ પર આવેલા આ પાર્કને સ્થાનિકો માઉન્ટ ઉએનો પણ કહે છે. ખાસ તો ઢોળાવના પાર્ક પરથી આસપાસના વિસ્તારનો પેનોરમા પણ માણી શકાય છે. આખો પાર્ક મ્યુઝિયમ્સથી ભરેલો છે. તેમાં એક શિતામાચી મ્યુઝિયમ પણ છે, ત્યાં એક સાધારણ કામ કરનાર જાપાનીઝ કઈ રીતે રહે છે અને તેનું ઘર કેવું હોય છે તે જાણવા મળે છે. ઉએનો પાર્કનાં દરેક એટ્રેક્શન સુધી તો અમે પહોંચી શકવાનાં ન હતાં. માંડ ચાર-પાંચ કલાકમાં પાર્કનો પૂરો આંટો અને મંદિર જોઈ શકાયું. માત્ર આ પાર્કમાં જ અઠવાડિયું વિતાવી શકાય એટલું વૈવિધ્ય છે. ટોક્યોમાં પ્લાન કરેલું અઠવાડિયું અચાનક જ સાવ નાનું લાગવા માંડેલું. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# વધુ સુખી કોણ?
# આફ્રિકન આદિવાસી કે મુંબઈગરો?





આપણે ઘણી વાર ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા સેવીએ છીએ, પરંતુ આગામી ત્રણેક દાયકા દરમિયાન જો યુદ્ધ ટાળી શકાશે તો પછી ક્યારેય આ પૃથ્વી પર મોટું યુદ્ધ નહિ ખેલાય. કારણ? કારણ કે દરેક દેશની પ્રજાની વધતી જતી સરેરાશ ઉંમર. જો જગતની મોટા ભાગની પ્રજા વૃદ્ધ થઇ ગઈ હોય તો બંદૂક ઉપાડીને લડવા માટે જશે કોણ?

ગયા અઠવાડિયે સમાચાર હતા કે જાપાન તેની ઘરડી થઇ રહેલી વસતિને કારણે ચિંતિત છે. જાપાનની ૨૮%થી વધુ વસતિ ૬૫ વર્ષથી વધુ આયુ ધરાવે છે. અહીંની પ્રજાની સરેરાશ ઉંમર છે ૪૮.૪ વર્ષ. એનો અર્થ એ થાય કે દેશની મોટા ભાગની પ્રજા પોતાના જીવનનું શારીરિક અને આર્થિક 'પિક પોઈન્ટ' પસાર કરી ચૂકી છે. હવે પછીનાં વર્ષોમાં આ પ્રજા જીવનના ઊર્જાહીન તેમજ નોન-પ્રોડક્ટિવ તબક્કા તરફ આગળ ધપી રહી છે. કોઈ પણ દેશ માટે આવો સંજોગ મોટા ખતરાનો સંકેત છે.

આ સમસ્યા એકલા જાપાનની નથી. યુનાઈટેડ નેશન્સના આંકડાઓ મુજબ ૨૦૨૨માં વિશ્વની અંદાજે ૧૦% વસતિ ૬૫ વર્ષથી વધુ આયુ ધરાવનાર લોકોની છે. અઢી દાયકા બાદ- ઇસ ૨૦૫૦ આવતા સુધીમાં આ આંકડો ૧૬% સુધી પહોંચશે. યુરોપના દેશો પણ લગભગ આવી જ પરિસ્થિતિમાં ફસાયા છે, જ્યાં ઘટતા બર્થ રેટ અને વધતી એવરેજ એજના મોટા પ્રશ્ન પેદા થઇ ચૂક્યા છે. ઇટાલી અને જર્મની જેવા દેશોમાં સરેરાશ ઉંમર ૪૫ની આસપાસ છે. અમેરિકાને દરેક મોરચે ધોબીપછાડ આપવા તૈયાર દેખાતું ચીન પણ ઘરડું થઇ રહ્યું છે. આજે ચીન એના આર્થિક વિકાસની પિક પર છે, કારણકે દોઢ દાયકા પહેલાં એટલે કે ૨૦૧૧માં ચીની પ્રજાની સરેરાશ આયુ હતી ૩૩ વર્ષ. આ ઉંમરની પ્રજા બીજા દસ-પંદર વર્ષ સુધી ધમધોકાર કામ કરી શકે છે. સાથે એમનો રિ-પ્રોડક્શન રેટ પણ પ્રમાણમાં ઉંચો હોય છે. ૨૦૨૪ના આંકડા મુજબ ચીની પ્રજાની સરેરાશ આયુ વધીને ૩૯.૬ વર્ષની થઇ છે. બીજી સમસ્યા એ છે કે ચીની પ્રજા સરેરાશ ૭૯ વર્ષ સુધી જીવે છે. એટલે આવનારાં વર્ષોમાં અહીં વૃદ્ધોની સંખ્યા વધતી જવાની છે.

આ બધાની સરખામણીએ ભારત આ વાતે કંઈક અંશે સુખી દેશ ગણાય. Worldometers નામક વેબસાઈટ્સના આંકડા મુજબ આજની તારીખે ભારતીયોની સરેરાશ ઉંમર ૨૮.૪ વર્ષ છે. વૈશ્વિક સરેરાશ આયુની સરખામણીએ ભારતીયો પ્રમાણમાં યુવાન છે. વિવિધ દેશોની પ્રજાનું સરેરાશ આયુષ્ય તેમજ એમની સરેરાશ ઉંમર ઉપરથી ઘણાં રસપ્રદ તારણો નીકળે છે.

દાખલા તરીકે આપણે જેને વિશ્વના ત્રીજા દેશ તરીકે ઓળખીએ છીએ એવા અલ્પવિકસિત-ગરીબ રાષ્ટ્રોનું સરેરાશ આયુષ્ય વિકસિત દેશોની સરખામણીએ ખાસ્સું ઓછું છે. મોટા ભાગના યુરોપિયન દેશો સહિત કેનેડા, ક્યુબા, હોંગકોંગ, જાપાન, દ. કોરિયા અને તાઈવાન જેવા દેશમાં સરેરાશ આયુ ૪૦ અથવા એથી વધુ છે. ત્યારે આફ્રિકન દેશોમાં આ આંકડો ૧૮ કે તેથી પણ ઓછો છે. અર્થાત અલ્પવિકસિત દેશોમાં બાળકો અને તરુણોની સંખ્યા ખાસ્સી વધારે છે. એથી વિરુદ્ધ યુરોપિયન દેશો ભવિષ્યમાં 'ઓલ્ડ એજ રિસોર્ટ્સ' બની રહેવાના છે!

આ બધા વચ્ચે, ઊડીને આંખે વળગે એવું એક કારણ પ્રદૂષણનું છે. વિકસિત દેશોએ પર્યાવરણને ભોગે વિકાસ કર્યો, પણ પરિણામે પ્રજાની ફળદ્રુપતા પર પ્રદૂષણની વિપરીત અસરો પડી. અનેક સર્વેમાં જાણવા મળ્યું છે કે પ્રદૂષિત વિસ્તારોમાં રહેતી સ્ત્રીનો ફર્ટિલિટી રેટ કુદરતી વાતાવરણમાં રહેતી સ્ત્રીની સરખામણીએ ઓછો છે. શહેરોની વસ્તીગીચતા પણ મોટી અસર કરે છે. આપણને હવે નાના સેન્ટર્સમાં કે ગામડાઓમાં રહેવાનું ફાવતું નથી. વધુને વધુ કમાણી કરવા ઇચ્છુક આપણા મનને મેટ્રો સિટીમાં મળતા ઊંચા પગાર ધોરણ આકર્ષે છે. નાનાં નાનાં શહેરોમાંથી રોજ હજારો યુવક-યુવતીઓ આવીને મુંબઈની ચાલીઓમાં ઠલવાય છે. ગમે એટલો ઊંચો પગાર હોય, પણ મોટા ભાગની કમાણી મુંબઈમાં પોતાનું ઘર ખરીદવામાં જ વપરાય જતી હોય છે એટલે જ તો કહે છે કે મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી.

બીજી તરફ, ચીનનાં શહેરોની હાલત પણ જુદી નથી. ત્યાંના ગીચ શહેરી વિસ્તારોમાં રહેતા ૧૮,૦૦૦ કપલ્સનો સર્વે થયો તો રિઝલ્ટ્સમાં જાણવા મળ્યું કે મોકળાશથી રહેતા લોકોની સરખામણીએ ગીચ વસ્તીમાં રહેનારાઓ ૨૦ ટકા ઓછી ફળદ્રુપતા ધરાવે છે. ૨૦૧૯માં અમેરિકાની મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલના ફર્ટિલિટી ક્લિનિક દ્વારા આવો જ સર્વે કરવામાં આવ્યો. ૬૩૨ સ્ત્રીનો અભ્યાસ કરતા સમજાયું કે શહેરી વિસ્તારની પ્રદૂષિત હવા અંડાશય પર વિપરીત અસરો પેદા કરે છે. આવી સ્ત્રીઓ પ્રમાણમાં નાની ઉંમરે ફળદ્રુપતા ગુમાવે છે. વધુને વધુ કપલ્સ કૃત્રિમ ગર્ભાધાન તરફ વળી રહ્યાં છે. અને એમાંય સક્સેસ રેશિયો ચિંતાજનક તો છે જ.

ગર્ભપાતથી માંડીને ખોડખાંપણ સાથે જન્મતાં બાળકોનું પ્રમાણ પણ આપણા ધારવા કરતાં ઘણું વધારે છે.

આફ્રિકાના અલ્પવિકસિત દેશોની તરુણી મોટે ભાગે સ્થાનિક ખોરાક ખાય છે. બીજી તરફ, લંડન-ન્યૂયોર્કથી માંડીને આપણા મુંબઈની મોડર્ન ગર્લ્સ પેટમાં શું શું પધરાવે છે એની આપણને ખબર જ છે. આવાં તો અનેક કારણો છે. આ બધાની અસર સ્ત્રીના પિરિયડ સાઈકલ પર પડ્યા વિના રહેતી નથી. આ બધા ઉપરાંત માનસિક તણાવની વળી જુદી જ કથા છે. સ્ટ્રેસ આપણને અંદરથી કોરીને ખોખલા બનાવી રહ્યું છે. આજની તારીખે માણસ મેડિકલ સાયન્સને પ્રતાપે લાંબું જીવે છે, પણ આ વધેલાં વર્ષો ઘડપણના-બીમારીનાં બિનઉત્પાદક વર્ષો છે. આફ્રિકન દેશમાં રહેતો કોઈ શ્રમજીવી ભરપૂર જુવાની માણીને ૪૫-૫૦ વર્ષે ગુજરી જાય છે. બીજી તરફ મુંબઈમાં રહેતો ૭૫ વર્ષનો માણસ પરિવાર પર બોજ બની ગયો હોવાના ગિલ્ટ સાથે દિવસો ગણતો રહે છે ત્યારે સહેજે સવાલ જાગે : આ બંનેમાં વધુ સુખી કોણ? ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ગાજી ગાજીને કહે છે હું મૂંગા મોઢે સહન કરું છું



લગ્ન જીવનમાં અમુક પાત્રો એવાં હોય છે કે જે પોતે એમ કહે છે કે 'હું મૂંગા મોઢે સહન કરું છું'. હકીકતમાં તે પાત્રને લોકો મૂંગા મોઢે સહન કરતા હોય છે.

વહુ એમ કહે કે 'હું સાસુને મૂંગા મોઢે સહન કરું છું'. સાસુ ઓટલા પરિષદમાં એમ કહે કે 'આ નવી આવેલી ત્રાસ વર્તાવે છે. હું મૂંગા મોઢે સહન કરું છું.'

તેવી જ રીતે જમાઈ અને સાસુનો સંબંધ, સાળા અને બનેવીનો સંબંધ, નણંદ અને ભાભીનો સંબંધ...સાલુ કોણ કોને સહન કરે છે અને કોણ કોના પર ત્રાસ વર્તાવે છે તે આજીવન તમે સમજી જ ન શકો. બંનેને અલગ અલગ સાંભળો તો બંને સાચા લાગે. બંનેને સાથે રાખી અને સાંભળો તો બંને મૂંગામંતર થઇ સામસામે ખો આપે ને કહે કે 'એને પૂછો ને એ શું કરે છે?'

વાસ્તવિકતા એ છે કે એકબીજાનો દાવ લેવાનું ક્યારેય એ ચૂકતા નથી.

મને આનું સુખદ સમાધાન એ લાગે છે કે બંનેમાંથી એક પાત્ર બહેરું હોવું જોઈએ. સાંભળે જ નહીં એટલે સામો જવાબ પણ ન આપે. જોકે ક્યારેક આવા બહેરા જ અજાણતા જ એવો દાવ લઈ લે કે વાત ન પૂછો.

તાજેતરની એક ઘટના યાદ આવે છે.

એકવાર એક સસરા બીમાર પડ્યા.

સસરા માંદા પડે અને દોડાદોડ કરી મૂકે એવા જમાઈ ઘણાં હશે, પરંતુ.....

સસરાની બીમારીથી સાચા હૃદયથી દુઃખી થાય એવા જમાઈની ટકાવારી બહુ ઓછી છે. બાકી પત્ની અથવા સાળીને રાજી રાખવા માટે દોડાદોડ કરવી એ પુરુષનો લગ્નસિદ્ધ અધિકાર છે.

સસરા માંદા પડ્યા એટલે તબિયત પૂછવા જવું પડે..... નહીંતર ઘરની શાંતિ જોખમાય એટલે જમાઈ બિચારો અનિચ્છાએ તૈયાર થયો....

આ જમાઈની સમસ્યા એક જ હતી કે ..... એ બન્ને કાને બહેરો હતો. દામાદનાં કાન માત્ર ચશ્માંની દાંડલી ખોસવા માટે જ છે આ વાત સસરાના કાન સુધી પહોંચી નહોતી.

જમાઈ નેતાની પેઠે પોતાની નબળાઈ જાહેર કરવા માગતો નહોતો એટલે એણે આઈડિયા માર્યો. જમાઈએ નક્કી કર્યું કે ત્રણ સાદા સવાલો એવા કરવા જેનો જવાબ દરેક દર્દી પાસેથી સરખો જ આવે.

પહેલા પૂછવું કે 'દવાથી કંઈ ફરક પડ્યો ?'

જવાબ પૂરો થાય એટલે કહેવું કે 'બસ એ જ ચાલુ રાખો.'

બીજો સવાલ કરવો કે 'જમવામાં શું લ્યો છો ?'

સસરાનાં હોઠ ફફડતાં બંધ થાય એટલે કહેવું કેઃ

'તમારા માટે એ જ બરાબર છે.'

ત્રીજો અને છેલ્લો સવાલ કરવો કે 'ક્યા દાક્તરની દવા લ્યો છો?'

જવાબ મળે એટલે કહેવું કેઃ 'એનાથી વધુ અનુભવી કોઈ નથી.'

આ રીતે તૈયારી કરીને બહેરાકુમાર દવાખાને પહોંચ્યા.

પ્રથમ સવાલ કર્યો કે 'દવાથી કંઈ ફરક પડ્યો ?'

સસરો થોડો ઘરવાળાથી અકળાયેલો હતો અને વળી આખાબોલો નીકળ્યો એટલે જવાબ આપ્યો કે

'દવાનું બિલ ભરવામાં અડધું ફર્નિચર વેચાઈ ગયું છે.'

એટલે જમાઈ બોલ્યો : 'બસ, એ જ ચાલુ રાખો એટલે સાવ રાહત થઈ જશે.'

જમાઈનો જવાબ સાંભળી સસરાની આંખે અંધારા આવી ગયા, છતાં ગમ સાથે પપૈયું પણ ખાતા રહ્યા.

જમાઈએ બીજો ઘા કર્યો કે 'શું જમો છો ?'

આ વખતે સસરા કાંઈ બોલે તે પહેલાં જ સાસુએ જવાબ આપ્યો :

'પથરાં ખાય છે અને ધૂળ ફાકે છે.'

જમાઈ કહે, 'એ જ ચાલુ રાખો. તમારા માટે એ જ યોગ્ય છે.'

હવે સાસુનું બી.પી. વધવા માંડ્યું હતું ત્યાં જમાઈએ ત્રીજો પ્રહાર કર્યોઃ 'ક્યા દાક્તરની દવા ચાલે છે?'

આ વખતે તો સલમાનખાન જેવો સાળો ઊભો થઈને બરાડ્યો :

'જમરાજાની દવા ચાલે છે.'

તરત જ જમ જેવો જ જમાઈ બોલ્યો :

'એમનાથી અનુભવી બીજું કોઈ નથી. એમની ચાલુ રાખો એટલે સાવ શાંતિ થઈ જશે.'

પછી જમાઈનું શું થયું એ ખબર નથી, પણ છેલ્લા સમાચાર મળ્યા ત્યારે સસરાનાં રૂમની બાજુનાં રૂમમાં એને દાખલ કર્યા છે.

મેં જોયું છે કે બહેરા માણસો છે તે લિપ રીડિંગ સારું કરી શકે,

પરંતુ સામે કોઈ બહેન બોલતા હોય અને ધારી ધારીને લિપ રીડિંગ કરવા જાય તો તેનો અવળો અર્થ થાય. અને આવા જમાઈ જેવા બહેરા પણ હોય અને અકલમઠ્ઠા પણ હોય તો તેનો કોઈ ઈલાજ નથી.

સાસુ અને વહુ સામસામા આવી જાય ત્યારે હાઇ-વેના નિયમ પ્રમાણે સામેનું વાહન ફૂલ લાઇટ આવતું હોય તો આપણે આપણી લાઈટ ડીમ કરી શાંતિથી બાજુમાંથી નીકળી જવું. આવી વાતને એક સાસુ અને વહુના ઝઘડા વચ્ચે પડી અને કહી એટલે બંને ડાહ્યા ડમરા થઈને હા પાડી. મને એમ થયું કે ચાલો, પ્રશ્ન પૂરો થયો. હું ઘરે ગયો કે તરત જ ફોન આવ્યો એ જ મગજમારી એટલે મેં સલાહ યાદ કરાવી એટલે સાસુ અને વહુ બંનેએ કહ્યું કે પહેલા લાઈટ ડીમ કોણ કરે તે બાબતનો ઝઘડો છે.! પાછા આવો ને તે નક્કી કરાવી જાવ.

આને તમે કેમ સમજાવો....? ■

### વિચારવાયુ

*નાનપણમાં આશીર્વાદની જરૂર હતી તો સંબંધી પૈસા દઈને જાતા હતા. હવે પૈસાની જરૂર છે તો આશીર્વાદ દઈને વયા જાય છે, બોલો..!*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# 'બિયોન્ડ ધ એજ' પ્રવાસી કેન્દ્ર - સર્ગે - પોર્ટુગલ
# કલ્પનાની રોમાંચક દુનિયા







સ્થપતિ અટેલીએર મોનોલીટ દ્વારા પોર્ટુગલના દુનિયાનો છેડો ગણાતાં સ્થાન માટેની આ કાલ્પનિક રચના છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આ પ્રકારના પ્રયોગોનું મહત્ત્વ વધતું જાય છે. અહીં નથી હોતી સ્થાન નિર્ધારણમાં મર્યાદા કે નથી હોતો અંદાજિત ખર્ચ માટે કોઈ બંધન. અહીં ઉપયોગકર્તા - વપરાશકર્તા પણ કાલ્પનિક હોય છે. આ પ્રકારની રચના કેટલાં સમયગાળામાં તૈયાર થઈ શકે તે માટે પણ કોઈ રૂપરેખા નથી હોતી. આ પ્રકારની રચના એક પૂર્વ ધારણા સમાન જ હોય છે કે જ્યાં તેની તકનીકી બનાવટ બાબતની ચોકસાઈ માટે પણ શંકા રહેતી હોય. આ પ્રકારની રચના એવા સ્થાને સૂચિત કરવામાં આવે છે કે જ્યાં કાયદા કાનૂન પણ પ્રમાણમાં ઓછાં લાગુ પડે. નથી અહીં હોતી કોઈ ગ્રાહકની જરૂરિયાત માટેની રૂપરેખા કે નથી હોતો તેની પસંદગીનો અગ્રતાક્રમ. અહીં બધું જ સ્થપતિની ઈચ્છા તથા કલ્પના શક્તિ પ્રમાણે નિર્ધારિત થાય છે. અહીં બધું જ સંભવ છે. આ પ્રકારનાં પ્રયત્ન પાછળનો મૂળ હેતુ સ્થાપત્યના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા જે તે સોફ્ટવેરના પ્રચાર માટે વધુ હોય છે. સ્થપતિની કલ્પનાશક્તિને જે તે સોફ્ટવેર કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે છે તે જણાવવાનો હેતુ અહીં હોય છે.

આ પ્રકારની કાલ્પનિક રચનાની સંભાવના માટેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદ પામેલ આ રચના છે. વસ્તીથી દૂર, જ્યાં કુદરત સાથેનું સાનિધ્ય વધુ સંભવ હોય તેવી છેવાડાની જગ્યાએ, ખડકાળ વિસ્તારમાં સૂચિત કરાયેલી આ રચના છે. અહીં માનવીના કુદરત સાથેના સંભવિત સમીકરણને અને કુદરતના અનુભવને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાનો પ્રયત્ન થયો છે. આ માટે રચનામાં ભૌમિતિક સ્પષ્ટતા, એકશૈલ્યતા, કોઈપણ સ્વરૂપની જટિલતાનો અભાવ - સાદગી તથા ન્યૂનતમવાદને પ્રોત્સાહન અપાયું છે. કુદરત સાથે સંલગ્ન થવાની અહીં વિવિધ પ્રકારની સંભાવના ઊભી થાય છે. તે સાથે અહીં વ્યક્તિને, સામાજિક નીતિ-નિયમોના માળખામાં રહીને, જે કરવું હોય તે કરવા માટેની સ્વતંત્રતા પણ મળે છે. ખડકમાંથી નીકળી આવેલ હોય તેમ જણાતી આ રચના કુદરતના સૌંદર્યને માણવા માટે છે પણ સાથે સાથે તે કુદરત સાથે વિરોધાભાસ પણ ઊભો કરે છે

અગાસી પરથી આ મકાનમાં પ્રવેશ મળે છે. અહીંથી શરૂ થતી નિસરણી મકાનના મુખ્ય ભાગના પ્રવેશ સ્થાન સુધી લઈ જાય છે. આ સ્થાન સાથે સ્થાપત્યની ત્રણ ઘટનાઓ સંકળાય છે. પ્રથમ, બેસી શકાય અને કુદરતને માણી શકાય તેવું આરામ-સ્થાન, બીજું, જ્યાં નાના પ્રમાણમાં કેટલીક પ્રવૃત્તિ થઈ શકે તેવું બહુ-ઉપયોગી સ્થાન અને ત્રીજું ચોરસ આકારમાં ઝુલતો સેતુ જેના પર આવનજાવન કરવાથી કુદરતની નજીક પહોંચવાનો ભાવ ઊભો થઈ શકે. આ ત્રણેય સ્થાન પરથી કુદરત સાથે અનેરો સંબંધ સ્થાપી શકાય. આ માત્ર કુદરત સાથે સંવાદ સ્થાપના માટેનું સ્થાન છે. જેનું મહત્ત્વ આજુબાજુની કુદરતની પરિસ્થિતિને કારણે ઊભરે છે. આ દરેક સ્થાન ઉપર કુદરત સાથેનો સંવાદ ભિન્ન રહે તેવી સંભાવના હોવાથી દરેક સ્થાનની અનુભૂતિ પણ ભિન્ન ભિન્ન હોઈ શકે. આ સાથે આ મકાનના પાછળના ભાગમાં ટોયલેટ અને નાનકડો સ્ટોરેજ પણ છે.

અહીં આકાશ સાથેનો સંપર્ક છે, દરિયા પર નજર છે, ખડકનું સાનિધ્ય છે, પ્રકાશ અને છાયાની નાટકીયતા છે, વિવિધ સપાટીઓની બરછટતાની અનુભૂતિ છે, કુદરતના મૂળભૂત રંગને માણવાની તક છે, કુદરતના અવાજને સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવી સંભાવના છે, સેતુ પરથી કુદરતની નજીક પહોંચવાની ચેષ્ટા છે તો આરામ-સ્થાનમાં બેસીને કુદરતને માત્ર નિહાળવાનો આનંદ છે. મારી દ્રષ્ટિએ બીજી મજાની વાત એ છે કે અહીં વ્યક્તિ પોતાની જાત સાથે પણ સંવાદ સરળતાથી સ્થાપી શકે. મનન-ચિંતન માટે પણ આ એક સારું સ્થાન બની શકે. કુદરતના વિહંગાવલોકન માટે આ એક ઇચ્છનીય સ્થાન હોય તો સાથે સાથે વ્યક્તિના 'સ્વયં' આંતર-વિશ્લેષણ માટે પણ અહીં સંભાવના છે.

આ રચના એવા સ્થાન માટે સૂચિત કરાઈ છે કે જ્યાં પ્રવાસીઓ વધારે જતાં હોય, અને તે પણ કુદરત સાથેનું સાનિધ્ય પામવા. પણ આ રચના ક્યાંક પ્રવાસીઓની સંખ્યાને સંબોધવામાં નિષ્ફળ જાય છે. આ રચના ચાર-પાંચ પ્રવાસી માટે બરાબર છે, તેનાથી જો સંખ્યા વધે તો ક્યાંક કુદરત સાથેના સંપર્કમાં ખલેલ પહોંચે. જો આમ થાય તો આ રચનાનો હેતુ જ સિદ્ધ ન થાય. દરેક મકાનની રચના સાથે તેની ઉપયોગિતાનું પ્રમાણમાપ સંકળાયેલું હોય. આ મકાન આ બાબતે નિષ્ફળ જાય.

આ પ્રકારની રચના નાટકીયતા સમાન હોય છે. સ્થાપત્યના માધ્યમ થકી માત્ર મજા કરવાનો ભાવ અહીં દેખાતો હોય છે. વાસ્તવિકતાથી આ બધી બાબતો દૂર હોય છે. ઘણીવાર તો એમ જણાય છે કે આ પ્રકારની રચના લાંબા સમય સુધી સાર્થક ન રહી શકે. કોઈ એકલી અટૂલી વ્યક્તિ માટે આ પ્રકારનો સ્થાપત્યકિય વિચાર સ્વીકૃત બની શકે, પરંતુ સામાજિક દ્રષ્ટિએ તેની યથાર્થતાની મૂલવણી કરવી પડે. એ વાત સાચી છે કે સ્થાપત્ય એ માત્ર ભૌતિક ઉપયોગિતા માટેનું સ્થાન નથી, તેની સાથે માનસિક ભાવાત્મક સમીકરણો પણ જોડાયેલાં હોય છે. પરંતુ જ્યાં માત્ર માનસિક ભાવ અનુસાર સ્થાપત્યની રચના થતી હોય ત્યાં તેની યથાર્થ ઉપયોગિતા વિશે પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. જ્યાં માત્ર ભાવનાત્મક રજૂઆત હોય તેની ઓળખ સ્થાપત્યની રચનાને બદલે 'શિલ્પ' તરીકે થાય તો વધુ યોગ્ય ગણાય. ■

સ્પૉર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ઇમ્પૅક્ટ ખેલાડીઓના અસરદાર પર્ફોર્મન્સ

## શરૂઆતમાં નિસ્તેજ લાગતી આઇપીએલની ૧૮મી સીઝનને રોહિત, આશુતોષ, કરુણ નાયર, પડિક્કલ સહિત અનેક ખેલાડીઓએ રોચક બનાવી










ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની વર્ષ ૨૦૨૪ની સીઝન બૅટ્સમેનોની આતશબાજીને કારણે અને ખાસ કરીને સનરાઇઝર્સ હૈદરાબાદના હાર્ડ-હિટર્સની ફટકાબાજીને લીધે રોમાંચક બની હતી, પરંતુ આ વખતે હૈદરાબાદના બૅટ્સમેનો દિશાહીન થઈ ગયા છે અને ઘણા દિવસોથી પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયે રહે છે એટલે ટૂર્નામેન્ટમાં એક્સાઇટમેન્ટનો ઓછો અનુભવ થઈ રહ્યો છે. જોકે બે-ત્રણ અઠવાડિયાથી ઇમ્પૅક્ટ પ્લેયર્સ પોતાના અસરદાર પર્ફોર્મન્સથી આ સ્પર્ધામાં પ્રાણ પૂરવા લાગ્યા છે.

રોહિત શર્મા શરૂઆતની બે મૅચમાં સદંતર ફ્લૉપ (૦ અને ૮ રન) હતો, પરંતુ ઇમ્પૅક્ટ પ્લેયર બનાવાયો ત્યારથી તે આ ટૂર્નામેન્ટમાં ધીમે-ધીમે સફળતાની સીડી ચડવા લાગ્યો હતો. ૩૧મી માર્ચથી ૧૭મી એપ્રિલ સુધીની ચાર મૅચમાં તેના સ્કોર્સ ઉત્તરોત્તર વધીને ૧૩, ૧૭, ૨૮ અને ૨૬ રન હતા. તેના જેવા દિગ્ગજ માટે આ વ્યક્તિગત સ્કોર સારા તો ન જ કહેવાય, પરંતુ તેને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે જ રમાડતા રહેવાના મુંબઈ ઇન્ડિયન્સની ટીમ-મૅનેજમેન્ટના નિર્ણયનો ફાયદો એ થયો કે ૧૭મી એપ્રિલ પછીની બે મૅચમાં તેણે મૅચ-વિનિંગ હાફ સેન્ચુરી ફટકારી દીધી. ૨૦મી એપ્રિલે વાનખેડેમાં ચેન્નઈ સામે તેણે અણનમ ૭૬ રન કરીને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો અને ૨૩મી એપ્રિલે ફરી એકવાર મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું અને હૈદરાબાદમાં સનરાઇઝર્સ સામે ૭૦ રન કરીને મુંબઈને વિજય અપાવ્યો હતો. ઘણા દિવસો સુધી તળિયે રહેનાર મુંબઈની ટીમને ટૉપ-ફોરમાં લાવવામાં ઇમ્પૅક્ટ પ્લેયર રોહિતનો મોટો ફાળો છે.

આ વખતની આઇપીએલમાં ઇમ્પૅક્ટ પ્લેયર તરીકેની સૌથી પહેલી અસરદાર છાપ રાજસ્થાન રૉયલ્સના કૅપ્ટન સંજુ સૅમસને પાડી હતી. ૨૩મી માર્ચે હૈદરાબાદમાં સનરાઇઝર્સ સામે સૅમસને ચોક્કા-છગ્ગાની રમઝટ બોલાવીને ૩૭ બૉલમાં ૬૬ રન કર્યા હતા. કમનસીબે રાજસ્થાન માટે તેના એ ૬૬ રન અપૂરતા હતા અને સનરાઇઝર્સનો વિજય થતાં સૅમસનનો ઇમ્પૅક્ટ પર્ફોર્મન્સ દબાઈ ગયો હતો.

આ સીઝનમાં અસરદાર 'ઇમ્પૅક્ટ' પર્ફોર્મન્સની ખરી શરૂઆત દિલ્હી કૅપિટલ્સના મિડલ-ઑર્ડર બૅટ્સમૅન આશુતોષ શર્માએ કરી હતી. ગયા વર્ષે પંજાબ કિંગ્સ વતી રમીને અનેક સ્ટેડિયમો ગજવી નાખનાર આશુતોષ આ વખતે દિલ્હીની ટીમમાં છે. દિલ્હીની ટીમના ફ્રૅન્ચાઇઝીએ ૨૬ વર્ષીય આશુતોષને ૩.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે અને તેણે ૨૪મી માર્ચે વિશાખાપટનમમાં દિલ્હીને પહેલી મૅચથી જ વળતર આપવાનું શરૂ કરી દીધું હતું. તેણે લખનઊ સામેની એ મૅચમાં સાતમા નંબરે ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે રમવા આવીને ૩૧ બૉલમાં પાંચ સિક્સર, પાંચ ફોરની મદદથી અણનમ ૬૬ રન કર્યા હતા અને દિલ્હીને છેલ્લી ઓવરમાં વિજય અપાવ્યો હતો. ત્યારથી દિલ્હીની ટીમ પૉઇન્ટ્સમાં ટૉપ-ફોરમાં જ રહી છે.

લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વતી રમતો ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર મિચલ માર્શ પીઠના દુખાવાને લીધે આ વખતે બોલિંગ નથી કરી શક્યો એમ છતાં તેણે લખનઊની ટીમને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે ઉપયોગી યોગદાન આપ્યું છે. આ ફાળો તેણે બૅટિંગમાં ઓપનર તરીકે આપ્યો છે. તેણે આઠ મૅચમાં ૩૪૪ રન કર્યા છે અને લખનઊની ટીમમાં નિકોલસ પૂરન (૩૭૭ રન) પછી બીજા નંબરે છે. માર્શે ચાર હાફ સેન્ચુરી ફટકારી છે તેમ જ તેના ૩૪૪ રનમાં ૧૮ સિક્સર અને ૩૩ ફોર સામેલ છે.

માર્શને તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં 'તમને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકેની ભૂમિકા કેવી લાગી રહી છે?' એવું પૂછવામાં આવતાં તેણે કહ્યું, 'મને નવો જ અનુભવ થઈ રહ્યો છે. માત્ર બૅટિંગ કરવી અને ફીલ્ડિંગ કરવી જ ન પડે એવું કોને ન ગમે! મને તો આ વખતે મજા પડી ગઈ છે. ઘણા કહે છે કે ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ આવવાથી ઑલરાઉન્ડરોની કરીઅરને વિપરીત અસર થઈ છે. હું એ વાત સાથે સહમત નથી. ઑલરાઉન્ડરો માટે મહત્ત્વનો રોલ હજી પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે જ.'

આશા રાખીશું કે પચીસમી મેની ફાઇનલ અને એ પહેલાંની બાકી રહેલી મૅચોમાં પણ કોઈને કોઈ ઇમ્પૅક્ટ પ્લેયર જોરદાર અસર પાડીને પોતાની ટીમને જિતાડશે.

### કેટલાક ઇમ્પૅક્ટ પ્લેયર્સના દમદાર દેખાવ પર એક નજર...

(૧) આશુતોષ શર્મા (દિલ્હી), ૨૪મી માર્ચે લખનઊ સામે ૩૧ બૉલમાં પાંચ સિક્સર, પાંચ ફોરની મદદથી અણનમ ૬૬ રન

(૨) શેરફેન રુધરફર્ડ (ગુજરાત), પચીસમી માર્ચે પંજાબ સામે ૨૮ બૉલમાં ત્રણ સિક્સર, ચાર ફોરની મદદથી ૪૬ રન

(૩) રોહિત શર્મા (મુંબઈ), ૨૦મી એપ્રિલે ચેન્નઈ સામે ૪૫ બૉલમાં છ સિક્સર, ચાર ફોરની મદદથી અણનમ ૭૬

(૪) રોહિત શર્મા (મુંબઈ), ૨૩મી એપ્રિલે હૈદરાબાદ સામે ૪૬ બૉલમાં ત્રણ સિક્સર, આઠ ફોરની મદદથી ૭૦ રન

(૫) દેવદત્ત પડિક્કલ (બેંગલૂરુ), ૨૦મી એપ્રિલે પંજાબ સામે ૩૫ બૉલમાં ચાર સિક્સર, પાંચ ફોર સાથે ૬૧ રન

(૬) આયુષ બદોની (લખનઊ), ૧૯મી એપ્રિલે રાજસ્થાન સામે ૩૪ બૉલમાં એક સિક્સર, પાંચ ફોરની મદદથી ૫૦ રન

(૭) કર્ણ શર્મા (મુંબઈ), ૧૩મી એપ્રિલે દિલ્હી સામે ૩૬ રનમાં ત્રણ વિકેટ

(૮) કરુણ નાયર (દિલ્હી), ૧૩મી એપ્રિલે મુંબઈ સામે ૪૦ બૉલમાં પાંચ સિક્સર, બાર ફોરની મદદથી ૮૯ રન

(૯) નેહલ વઢેરા (પંજાબ), પહેલી એપ્રિલે લખનઊ સામે પચીસ બૉલમાં ચાર સિક્સર, ત્રણ ફોરની મદદથી અણનમ ૪૩

(૧૦) વૈભવ અરોરા (કોલકાતા), ત્રીજી એપ્રિલે હૈદરાબાદ સામે ૨૯ રનમાં ત્રણ વિકેટ

### ઇમ્પૅક્ટ પ્લેયર એટલે શું?

બીસીસીઆઇએ આઇપીએલમાં ત્રણ વર્ષથી દાખલ કરેલા ઇમ્પૅક્ટ પ્લેયરને લગતા નિયમમાં એવું છે કે દરેક ટીમે ટૉસ વખતે પોતાની પ્લેઇંગ-ઇલેવન ઉપરાંત પાંચ એવા સબસ્ટિટ્યૂટ ખેલાડીના નામ જાહેર કરવા પડે જેમાંના એક ખેલાડીને એ મૅચ દરમ્યાન ઇલેવનમાંના જ કોઈ એક પ્લેયરની જગ્યાએ ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે રમાડી શકાય છે. આ અનોખો સબસ્ટિટ્યૂટ બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગ કરી શકે છે. આ નિયમથી ખરેખર તો જે તે મૅચમાં પ્રત્યેક ટીમના ૧૧ને ૧૨ ખેલાડી રમી શકે છે. દરેક ટીમની ઇલેવન જ રહે છે. ફરક માત્ર એટલો છે કે અગિયારમાંના એક ખેલાડીના સ્થાને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે કોઈ પ્લેયરને ઇલેવનમાં સમાવી શકાય છે. કેટલાકને ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ ફાયદારૂપ લાગે છે તો કેટલાકનું કહેવું છે કે દરેક ટીમ ઇમ્પૅક્ટ પ્લેયરના રૂપમાં સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅન કે સ્પેશિયાલિસ્ટ બોલર પસંદ કરતી હોવાથી જે ખેલાડી ઑલરાઉન્ડર હોય તેને તો નુકસાન જ છે, કારણકે ખાસ કુશળતા ધરાવતા બૅટ્સમૅન કે બોલરને ઇમ્પૅક્ટ પ્લેયરને ઇલેવનમાં સમાવવામાં આવે તો સામાન્ય રીતે ઑલરાઉન્ડરની તો કોઈ ટીમને જરૂર જ ન પડે. ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# સરહદ પર ગોળીબાર ફરી એકવાર!



**પાકિસ્તાન** સરકાર પાસે પોતાની જેટલી અકલ છે એને એ બે રીતે વાપરે છે અથવા એમ કહો કે બે હિસ્સામાં પોતાની બુદ્ધિને વ્યક્ત કરે છે. હવે આને બુદ્ધિ કહેવાય કે બેવકૂફી એ તો ઈતિહાસ જ કહેશે, અમે કૈં નહીં કહીએ. હાલ પૂરતું તો અમે પાકિસ્તાની બુદ્ધિને સમજદારી માનીને ચાલીએ. એમની સમજદારીના પહેલા દૌરમાં એમ કે એ લોકો અમેરિકન ઉધારીનાં હથિયારો વાપરે છે. (એમ તો એ લોકો અમેરિકાનું ઘણું ઉધારનું વાપરે છે)

-પણ અમેરિકા જ્યારે જ્યારે પાકને પૂછે છે કે તમને કયાં કયાં આધુનિક હથિયારો જોઈએ છે? તો એ લોકો એમ કહે છે કે અમારી પાસે તો બસ, ચાકુ ને તલવારો છે, બાકી બધું તમારે ત્યાંથી અમારી પાસે આવવા દો!

હવે પેલા શાણા અમેરિકનો પાકિસ્તાની જરૂરિયાતને પાકિસ્તાનીઓથી વધારે જાણે છે એટલે એમણે રશિયા-ચીન સામે લડવા માટે યુદ્ધના સપનામાં રાચીને જે અગડમ-બગડમ માલ બનાવ્યો હોય, એ આ કંગાળ પાકિસ્તાનને પધરાવી દે છે: 'લે વ્હાલા, લેતો જા!'

હવે આ થયો સમજદારીનો પહેલો દૌર. હવે આવે છે બીજો ભાગ.એમાં એમ છે કે પાકિસ્તાની સિપાહીઓ સમજ્યા વિચાર્યા વિના પેલા બધા હરામનાં હથિયારોને એક લાઈનમાં મૂકીને ભારત તરફ કરીને બસ તાકી દે છે, જેમ દિવાળીમાં ભારતીય બાળકો એક જ લાઈનમાં ફટાકડા મૂકીને ફોડે રાખે છે. એ જ રીતે પાકિસ્તાનીઓ મંડ્યા છે એય ને ગોળાબારુદ કે ગોળીઓને ફોડવા! જાણે નાના-મોટા ફટાકડા. બોર્ડર પર સૈનિકોને કે સૈનિકના વેશમાં આતંકવાદીઓને હાથમાં બંદૂક આપીને બેસાડી દીધા કે હાલો, છોડો ગોળીયું ભારત તરફ ને પછી ધાંય-ધાંય ચાલુ!

આજકાલ આ દૌર ચાલુ છે. સીમા પર બેઠા છે ને અમેરિકા તરફથી મળેલા હરામની બંદૂકો ચલાવી રહ્યા છે. એમણે એવો હિસાબ માંડ્યો છે કે અગર અમે ૧૦૦ ગોળી મારશું તો જવાબમાં સામે ભારતવાળા કમસેકમ ૧૦-૧૦ ગોળીઓ તો છોડશેને! એમના માટે બસ આટલું જ ઘણું છે! એમની આજની કમાણી એ જ થઈ કે હાશ, ભારતની ૧૦ ગોળી તો ખતમ થઈ ને એમાં બધાયે અભણ પાકિસ્તાનીઓ રાજી રાજી! હવે જો ભારત ચાહે તો ૧૦૦ ગોળી સામે ૨૦૦ ગોળીઓયે મારી શકે છે પણ શું છે કે આપણે ત્યાં દરેક ગોળી પરસેવાની કાળી કમાણીથી બની છે ને ત્યાં તો દરેક ગોળી મફતમાં કે ભીખની મળેલી છે! પેલી બાજુ પાકિસ્તાનીઓને એ વાતની જ ઉતાવળ છે કે ક્યારે હથિયારોનો સ્ટોક ખતમ થાય ને ક્યારે એમણે પાછા અમેરિકા પાસે માગી ભીખીને લઈ આવીએ!

મને એક પાકિસ્તાની સાહેબે ખાનગીમાં કહ્યું કે પાકિસ્તાની સ્કૂલોમાં ઈતિહાસના કોર્સમાં ભણાવાય છે કે બાબરથી લઈને વાજિદ અલી શાહ કે બહાદુર શાહ ઝફર.. સુધી ભારત પર પાકિસ્તાનનો જ કબ્જો હતો. પછી આપણે લોકોએ અંગ્રેજો સાથે મળીને ષડયંત્ર રચ્યું ને પાકિસ્તાનીઓને હિંદુસ્તાનથી બહાર તગેડી મૂકયા! આવા ષડયંત્રભર્યા ગપ્પાં ભણી ભણીને ત્યાંનો વિદ્યાર્થી, પછી સૈનિક કે કોઇ ટેરરિસ્ટ બનીને, બોર્ડર પર અમેરિકાએ આપેલા ઉધારનાં શસ્ત્રો ઉઠાવીને ભારત તરફ મોં કરીને, ખૂબ ધાર્મિક ભાવથી ગોળીઓ ફોડીને, ત્યાંની અભણ સ્કૂલમાં જે જે ઈતિહાસ ભણેલાં એને નિભાવવા માટે આંખ મીંચીને બસ મંડી પડ્યા છે!

એ પાકિસ્તાની સૈનિકો કે આતંકી લોકો ખરેખર તો બિચારા દયાને પાત્ર છે. ગલત હિસ્ટ્રીના સ્ટુડન્ટ છે. પાકમાં એ લોકોની ગોળીઓના જવાબમાં ભારત દ્વારા ગોળી ચલાવવાના સમાચાર, સાચા સમાચાર કે બ્રેકિંગ ન્યૂઝ નથી હોતા. એકચ્યુઅલી, એમને તો સામા જવાબમાં ગોળીઓ મારવાને બદલે ઈતિહાસની સાચી કિતાબો આપવાની જરૂર છે, જેથી કરીને એ લોકો સમજે કે પાકિસ્તાની જનતાની ભલાઈ એમની બંદૂકનું મોં ભારત તરફ નહીં, પણ પોતાની જ રાજધાની ઈસ્લામાબાદ તરફ કરવામાં છે!

-પણ એ લોકો જાણતા નથી કે એ લોકો શું કરી રહ્યા છે એટલે હે પ્રભુ હે પરવરદિગાર, એમને માફ કરજે !

(મૂળ લેખ ૧૯૮૦નાં દાયકાનો)■

વિશેષ

નીલમ અરોરા
feedback@bombaysamachar.com

# ફિંગરપ્રિન્ટ્સની જેમ વિશ્વમાં દરેક બાળકની રડવાની સ્ટાઈલ પણ હોય છે અલગ-અલગ!



શું દુનિયાનું દરેક બાળક એક જ રીતે રડે છે? ના. એ વાત ચોક્કસ છે કે દુનિયામાં જન્મેલું દરેક બાળક રડે છે, પરંતુ જેમ બે વ્યક્તિના ફિંગરપ્રિન્ટ મેળ નથી ખાતા, તેવી જ રીતે બે બાળકોના રડવાનું પણ એક સરખું નથી હોતું. માત્ર બાળકોના રડવાની રીત જ અલગ હોય છે એવું નથી, પરંતુ તેમના રડવાનો સમયગાળો પણ બદલાય છે.

થોડાં વર્ષો પહેલાં, બ્રિટિશ મનોવૈજ્ઞાનિકોએ નવજાત બાળકોના રડવા પર એક અનોખો સંશોધન ચાર્ટ તૈયાર કર્યો હતો, જેમાં ખૂબ જ ઊંડાણપૂર્વકનાં અવલોકનોના આધારે એવું તારણ કાઢ્યું હતું કે દરેક બાળકના રડવાની પેટર્ન અને સમયગાળો અલગ-અલગ હોય છે. લગભગ એક દાયકા પહેલા જર્નલ ઑફ પેડિયાટ્રિક્સમાં થયેલા એક અભ્યાસમાં, ૮૭૦૦ બાળકોને સંશોધનનો વિષય બનાવવામાં આવ્યાં હતાં અને તેમને કેટલાક મહિનાઓ સુધી સઘન સંભાળ હેઠળ રાખવામાં આવ્યાં હતાં અને તેમની રડવાની પેટર્ન રેકોર્ડ કરવામાં આવી હતી. જે બાદ એવું તારણ કાઢવામાં આવ્યું કે જર્મની, ડેનમાર્ક, જાપાન, કેનેડા, ઈટાલી, નેધરલેન્ડ અને બ્રિટન વગેરે દેશોનાં બાળકો રડવાની બાબતમાં એકબીજાથી સાવ અલગ છે.

વોરવિક યુનિવર્સિટીમાં કરવામાં આવેલા આ અભ્યાસ સાથે સંકળાયેલા લેખક વોલ્કર અનુસાર, દરેક બાળક બીજા કરતાં અલગ હોય છે. એ જ રીતે, જન્મના પહેલા અઠવાડિયામાં દરેક બાળકના રડવાનો સમયગાળો પણ બીજા કરતાં અલગ હોય છે.

આ સંશોધન મુજબ બ્રિટન, કેનેડા અને ઈટાલીમાં બાળકોના રડવાનું મુખ્ય કારણ જન્મ પછી તેમના પેટમાં થતો દુખાવો છે. શરૂઆતના ત્રણ દિવસમાં સરેરાશ બધાં જ બાળકો ત્રણ કલાક રડે છે. બીજી તરફ, ડેનમાર્ક અને જર્મનીમાં બાળકો પ્રથમ બે અઠવાડિયામાં દરરોજ સરેરાશ બે કલાક જ રડે છે, જ્યારે પછીના અઠવાડિયામાં તેમનો રડવાનો સમય ઘટે છે અને છ અઠવાડિયા પછી તેઓ દિવસમાં સરેરાશ ૧૫ મિનિટ રડે છે અને ૧૨ અઠવાડિયા પછી તેઓ દિવસમાં સરેરાશ ૧૦ મિનિટ જ રડે છે.

આ તેના પ્રકારનું ખૂબ જ રસપ્રદ અને અનોખું સંશોધન છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે જ્યાં સુધી બાળકો બોલતા શીખતા નથી ત્યાં સુધી રડવું એ જ તેમની પોતાની ભાષા છે. આ દ્વારા તેઓ પોતાની જરૂરિયાતો પૂરી કરે છે. જ્યારે તેઓ ભૂખ્યા હોય ત્યારે રડે છે, જ્યારે તેઓ અસ્વસ્થ પરિસ્થિતિમાં હોય ત્યારે રડે છે, જો તેઓને લાગે છે કે તેઓને યોગ્ય ધ્યાન અથવા કાળજી નથી મળી રહી તો રડે છે. પરંતુ જ્યારે આ બાળકો મોટાં થવા લાગે છે, ત્યારે તેમના રડવાનું સતત ઘટતું જાય છે અને પછી એક સમય એવો આવે છે જ્યારે બાળક મોટું થાય છે અને સંપૂર્ણપણે રડવાનું બંધ કરી દે છે. હા. જો બાળક નાની ઉંમરમાં અનેક પ્રકારના દબાણ અને અપેક્ષાઓથી ઘેરાયેલું હોય તો તે લાંબા સમય સુધી રડે છે.

**પણ પ્રશ્ન એ છે કે તે રડે છે કેમ?**

હકીકતમાં, જન્મના પહેલા મહિનામાં બાળકના રડવાનું સૌથી મોટું કારણ તેની ભૂખ છે. તેથી જ તે અવાજ કરે છે, તેની માતાના ખોળામાં વળગીને દૂધ માગે છે અને જ્યારે તેને દૂધ મળી જાય, ત્યારે તે શાંત થઈ જાય છે, પરંતુ માત્ર દૂધ માટે જ નહીં, જ્યારે તે તેના કપડાં ભીના કરે છે ત્યારે પણ તે રડે છે. જો માતા-પિતા ધ્યાન ન આપે કે બાળકે તેના કપડા ભીના કર્યા છે, તો તેના મનમાં એક શંકા જન્મે છે કે શું તેણે આખો સમય ગંદા લંગોટમાં પડ્યા રહેવું પડશે? આ પરિસ્થિતિને ટાળવા અને આ સમસ્યા તરફ મમ્મીનું ધ્યાન દોરવા માટે બાળક રડે છે. રડીને તે બતાવે છે કે કોઈએ તેને ઉપાડીને આસપાસ ફરવા લઈ જવું જોઈએ.

**શારીરિક સ્પર્શ માટે પણ રડે છે**

નાનાં બાળકોને તેમની માતા અથવા અન્ય નજીકના લોકોનો સ્પર્શ ગમે છે, કારણ કે તેનાથી તેને સુરક્ષિત લાગણીનો અનુભવ થાય છે. આનાથી તેઓને ગરમાટો અને પોતાપણાની લાગણી પણ મળે છે. તેથી જ બાળકો સામાન્ય રીતે આગ્રહ કરે છે કે તેમનાં માતા-પિતા અથવા ઘરના અન્ય લોકો તેમને ઉપાડીને તેમની છાતીની નજીક રાખે. જ્યારે માતાપિતા તેમના સંકેતોને નથી સમજી શકતા, ત્યારે બાળકો રડે છે અને રડવાની આ પ્રક્રિયા ઘણીવાર જુનિયર શાળાઓ સુધી ચાલુ રહે છે.

**એક અજાણી વ્યક્તિ બનવું**

બહારના વ્યક્તિને જોઈને તેઓ લગભગ આખો દિવસ રડતા હશે. જ્યારે તેઓ થોડા મોટા થાય છે અને પહેલા કરતા થોડા વધુ મેચ્યોર થાય છે, તેઓ રડવાનું ટાળવા લાગે છે. પરંતુ એવું ક્યારેય ન બની શકે કે બાળક જન્મ્યા પછી રડે જ નહીં. ■

## ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોર્ડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બંડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૬૬)

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૩)

## ૯. લગ્ન સંબંધી

■ કાંદિવલીની કેનેડા PR કન્યા - 1989 Divorce સંતાન એક ધરાવતીને કેનેડાનાં/ અમેરિકાનાં યુવક જોઈએ રાજેશ ઠક્કર, રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૮૯૯)

■ ઘાટકોપરની હાયર એજ્યુકેટેડ - હાયર પ્રોફેશનલી કન્યા - 1990 રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૦૦)

■ ન્યુઝીલેન્ડથી આવેલા PR યુવક 1989 રાજેશ ઠક્કર, રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૦૧)

■ સુંદર કન્યા - ઉંમર ઊંચાઈ 5'-3" શિક્ષણ 12મી મહેંદી અને પાર્લરના ક્લાસિસ ચલાવે છે. મહિને - 15,000/- કમાય કન્યાના માતા-પિતા નથી, કાકા-કાકી સાથે રહે છે. નિર્વ્યસની, સમજુ, મહેનતી જોઈએ, જાતિ - ઉંમરબાધ નથી. 7517590524. (દહેજ નહીં). (બી-૧૫૮૯૬)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15783-A)**

MUMBAI MBBS, MS, MCH. Boy - 1988 Rajesh Rajkot 9428250002. (No Dowry) (B-15876)

**JAIN GIRL:**
November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys can Contact 9323268284. (No Dowry) (15860/A)

## ૧૦. મહિલાઓ માટે

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૭૭૨)

**ગાદીવાલા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીજ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૫૬૯)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૨૮-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**ચિરાગ શ્રીનાથજી**
05 દિવસ, 06 પુસ્કર નાથદ્વારા, અંબાજી 07 દિવસ, સાવરીયા, શ્રીનાથજી, કુંભલગઢ 8 દિવસ, 7 શામળાજી ડાકોર, પાવાગઢ, 9 દિવસ, 9 શ્રીનાથજીના 12 ચરણ ચોકીમાં ઝારી ચરણ સ્પર્શ. 7303560200/ 9833009445. (૧૫૩૪૫/બી)

**ચિરાગ ચારધામ**
ચારથી ચારસો જાત્રાળુના ગ્રૂપના દિવસ તારીખ મુજબ. ઓગષ્ટથી ઓક્ટોબરમાં શ્રાવણમાસમાં કેદારનાથના દર્શનનું આયોજન કરી આપશું 9833009445/ 7303560200. (૧૫૩૪૫/એ)

**''મુકેશ ટ્રાવેલ્સ...''**
નાની-મોટી બસો, અરબેનીયા, ઈનોવા, અરટીગા, મર્સીડીઝ, ડીઝાયર ભાડેથી - 9892877307. (બી-૧૫૮૪૩)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૨)

**ભૂતાન સિક્કીમ**
**મીનીમમ બે પ્રવાસીઓ/ ગ્રુપને અનુકૂળ તારીખે સ્વતંત્ર વાહન પેકેજ - 9967894750. (બી-૧૫૮૯૨)**

## ૧૪. નોકરી ખાલી છે

**રે રોડ - ઓફિસ બોય**
**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

## ૧૪. નોકરી ખાલી છે

**URGENT HIRING**
મનોજ ઓર્નામેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ ખાતે આવેલ પ્રતિષ્ઠિત જ્વેલરી શોરૂમ માટે Retail Sales Executive (Male/Female), CRM (Female), Sales Coordinator (Female), HR Executive, Personal Assistant. જ્વેલરી ઇન્ડસ્ટ્રીનો અનુભવ હોવો પ્રધાન્યભર્યો. રિઝ્યુમ મોકલોઃ hr@manojornaments.com / સંપર્ક 8828627211 / 9769825850. (૧૫૮૫૦-એ)

**મુલુંડ અને ઘાટકોપર**
માટે પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ બેસિક કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. સંપર્ક - 9322565600. (જેપી/૪૯૮૪-ઈ)

**લીડર**
**ક્રિપ્ટો તથા ફોરેક્સના MLM માર્કેટિંગ માટે અનુભવી લીડર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૩)**

**ઘેરબેઠાં કમાણી**
સહેલાઈથી તાત્કાલિક અઢળક રકમ મેળવવા રૂબરૂ સંપર્ક - 9326554121. (બી-૧૫૮૯૩)

■ ગામદેવી ગ્રાન્ટ રોડ પર સવારના સમયે ગુજરાતી શાકાહારી માટે મહિલા રસોઈયાની જરૂર પગાર રૂ. 8000/- Mob: 9324706082. (૧૫૮૫૯-એ)

**REQUIRED HOUSE MAID for 24 hours 18000/- and six hours 9000/- at Bandra West. Call 7208656620. (B-15860)**



(B-15898)

**SALESMAN REQUIRED**
Experienced Salesman for Tiles, Fittings & Sanitaryware Showroom at Vile Parle West. Contact: 9004687006. (15852-A)

## ૧૪. નોકરી ખાલી છે

**WANTED**
B.Sc and 12th Pass with Science Subjects for Lab at Borivali Contact: 9870550891 / 9821322833. (15825-E)

**ACCOUNTANT REQUIRED**
Experienced Lady Accountant at Vile Parle West. Contact: 9004687006. (15852-C)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

**લોઅર પરેલ**
**World Tower વેચાણથી ''વર્લ્ડ ક્રેસ્ટ'' 2200 કાર્પેટ, 3 BHK ફુલ્લી ફર્નીશ્ડ, 12.5 Cr. નેગોશીયેબલ. અશ્વિન સંપટ 9820143391. (૧૫૮૨૧-એ)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન / દેરાસર નજીક રેડીમાં 4 બેડરૂમ હાયર ફ્લોર 31500/- થી (ઓલ ઇન્ક્લુઝીવ ભાવે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**ઘટાડેલા ભાવે 3 બેડરૂમના રેડીમાં ફ્લેટો (સ્ટેશનની નજીક) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૬)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/-ના ભાવે (ઓલ ઇન્ક્લુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૭)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
1 BHK ગંગાવિહાર - ઓનરશીપ (1.70 કરોડ), 2 BHK ગ્રીનકોર્ટ - (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૧૫૮૪૮-એ)

**''સાઉથ મુંબઈ''**
**ચિરાબજાર 2 બેડરૂમ 700' કારપેટ, 1 પાર્કિંગ અને 1 બેડરૂમ 425' કારપેટ, 1 પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે). ''દેવેન'' - 9930670272, 9620335272. (૧૫૮૦૬-સી)**

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૮૨૧)

**કાંદિવલી પશ્ચિમ**
બે રૂમ કિચનનો ટેરેસ ફ્લેટ, મથુરાદાસ રોડ, ઓનરશીપથી, હવેલી, દેરાસર બાજુમાં, રેસિડેન્શિયલ, કોમર્શિયલ, વેચાણથી. -9833315710. (બી-૧૫૮૨૮)

■ ગ્રાન્ટ રોડ (ઈસ્ટ) આઉટ રાઈટ સ્પેશિયસ બે બેડરૂમ (ત્રણ થઈ શકે) (ઓનરશીપ) ત્રણ બાજુ ખુલ્લી ૩૯૦ લાખ (નેગોશીએબલ) ૯૩૨૧૦૯૬૮૫૦ દલાલ માફ. (એસડીબી-૨૫૬૧)

**અંધેરી**
૪૮૦૦ બંગલો ભાડેથી અંબોલીમાં. બે બેડરૂમ ફર્નિશ્ડ ભાડેથી તથા ૩ બેડરૂમ વેચાણથી પાર્લા (વેસ્ટમાં) તથા રીઝર્વેસન પ્લોટ પવઈ નજીક. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૭૭૪-સી)

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા- ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૫૩૭)**

**KDI GROUP**
**OC સાથે ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ ખાતે ''* બેલા વિસ્ટા* '' 17 માળનો ટાવર ખરેખર * આલીશાન અને પ્રીમિયમ * 2 BHK, ઉત્તમ આયોજન, જૈન મંદિર પાસે, પોડિયમ પાર્કિંગ, જિમ, બધી જ સુવિધાઓ, રૂફટોપ ગાર્ડન, સાઈટ વિઝિટ માટે કૉલ કરો ''મનોજ'' - 9967296550 (દલાલ આવકાર્ય) મહા રેરા નંબર P51800031740. (બી-૧૫૮૦૨)**

**કાંદિવલી (વેસ્ટ)**
1 BHK - 2 BHK, નવા ટાવરમાં, મથુરાદાસ રોડ, જૈન દેરાસર, હવેલીની બાજુમાં સાઈટ - 7353026969. (જેપી/૪૯૮૪-બી)

**માટુંગા - કિંગ્સ સર્કલ**
2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O.C. સાથે, ઈન્ડિન જિમખાનાની નજીક, 12મો માળ, 770 Sq.ft. પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્કઃ 9374543885. (૧૫૮૨૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
૪ બેડરૂમ -એરીયા ૧૬૨૦' કારપેટ, મંદિર પાસે, આધુનિક સુવિધાઓ સાથે, વેચાણથી ૧૧ કરોડ. અન્ય ૧૦ ફ્લેટો ૮ કરોડથી ૨૦ કરોડ સુધી ઉપલબ્ધ. ફોન :- ''જીતેન્દ્ર ચાવડા'' ૯૮૧૯૦૧૧૭૭૦. (બી-૧૫૮૭૩)

**બોરીવલી (વેસ્ટ)**
**2 બેડરૂમ, 700' + 315' કાર્પેટ, Veena Santoor, પાવનધામની સામે, (કાર પાર્કિંગ). ફર્નિચર સાથે વેચવાનો. 9820066761. (દિલીપ). (૧૫૮૩૪-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. તિલક રોડ, ભાનુશાલી લેન, ૨ બેડરૂમ, હોલ, કિચન-800' કારપેટ. વેલફર્નીશ્ડ, હાયર ફ્લોર, રેડી પઝેશન. મનીશ વોરા- 9324339343. (૧૫૮૪૪-જી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, 3 બેડરૂમ હોલ, કિચન-1010' કારપેટ, 2.11 CR, 1050' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, 3.25 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન, 605' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ અનટચ ફ્લેટ 1.70 CR બધા ચાર્જીસ સાથે. જુગ્નુ શાહ- HOME- ALONE PROPERTY- 9833352224. (૧૫૮૪૪-ઈ)**

**અપર જુહુ**
ધ કલ્બની બાજુમાં, 2 બેડરૂમ, હોલ, કિચન (711')ના 3 ફ્લેટ (જોડી ફ્લેટ શક્ય) @2.75 CR, નવું બિલ્ડીંગ (૨ વર્ષ) રૂફટોપ એમેનીટીશઃ ઓનર- 9821025218. (૧૫૮૪૪-સી)

**કાણકીયા સિલિકોન વેલી પવઈ**
**૨ બીએચકે, ૮૧૧' ચો.ફુટ, રેરા કારપેટ ડેક સાથે, વેચવાનો છે, ઉત્તમ બીલ્ડીંગ અને લોકેશન તૈયાર કબજો, ઓસી સાથે, સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-એ)**

**માટુંગા (પૂર્વ)**
**વેચાણથી, 3 બીએચકે, યોગ્ય ફ્લેટ એરિયા ૧૦૫૦' રેરા કારપેટ ૧ (કાર પાર્કિંગ) ઓસી પ્રાપ્ત. સંપર્ક :- 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-બી)**

**માટુંગા (પૂર્વ)**
**સેમી ફર્નિશ્ડ 3 બીએચકે ફ્લેટ લિવ એન્ડ લાઈસન્સથી, ૧ (કાર પાર્ક) યોગ્ય સુરક્ષા સાથે ઉત્તમ સોસાયટી. સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-સી)**

**ઘાટકોપર (પૂર્વ)**
**૧ બીએચકે ફ્લેટ ૫૮૭ કાર્પેટ વેચવાનો છે યોગ્ય બિલ્ડીંગ સેન્ટ્રલી સ્થિત, ૧ (કાર પાર્કિંગ) સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-ડી)**

**હીરા પન્ના**
હાજીઅલી મોટો ૧ BHK -૨ WC બાથ, ફર્નિશ્ડ, પાર્કિંગ, સીટી વ્યુ, ભાડુ ૮૫,૦૦૦/-, 'અમર રૂપાણી' 9820372950. (બી-૧૫૮૪૧)

## ૧૭. જગ્યા આપવી છે

**હીરાપન્ના**
હાજીઅલી - ૧ રૂમ કિચન, સેલ્ફ કન્ટેઈન્ડ, ફર્નિશ, ભાડું ૫૫૦૦૦/- શાકાહારીઓ માટે, સી/સીટી વ્યુ, ''અમર રૂપાણી'' 9820372950 - એજન્ટ. (બી-૧૫૮૪૨)

**પેડર રોડ**
જશલોક પાસે, લિવલાયસંસ ૧ BHK ફર્નિશ, ભાડૂ 75000/- પાર્કિંગ નથી 9820296693 'કટારિયા એજન્ટ'. (૧૫૮૪૨-એ)

**સાયન - જૈન સોસાયટી**
લીવલાયસંસથી 2.5 BHK ફર્નીશ્ડ ફ્લેટ, 5 વર્ષ જુનું બિલ્ડીંગ 1050' કાર્પેટ + બાલ્કની + લોબી, ફૂલ હવા ઉજાસ - 24 કલાક સેક્યુરીટી - 1 પાર્કીંગ - ટેરેસ પર બેંન્કવેટ હોલ - ફક્ત શાકાહારી માટે, ભાડું 1.50 લાખ, ડિપોઝીટ 3 લાખ. (વિડીયો મળશે). પ્રકાશ ''વિનસ એસ્ટેટ'' 9821230938 / 8169022419. (૧૫૮૧૭-એ)

**અંધેરી ઈસ્ટ**
ભાડેથી 1 બેડ અને 2 બેડ બેઉ ફુલી ફર્નિશ સ્ટેશને ''ગંગર'' 8080524858. (બી-૧૫૮૩૭)

**તારદેવ-સેલ**
3 BHK નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, એરિયા 1800', ફર્નિશ, 2 પાર્કિંગ, 9 કરોડ. 'અગરવાલ 9821231619. (૧૫૮૨૪-ઈ)

**વાલ્કેશ્વર-સેલ**
ફુલ સી-વ્યૂ 4 BHK, એરિયા 1800', ફર્નિશ, 2 પાર્કિંગ, 13 કરોડ. ''અગ્રવાલ'' 9821231619. (૧૫૮૨૪-એચ)

**જુહુ સ્કીમ**
**વેચાણથી, 4 બેડરૂમ 2550 કાર્પેટ, 12.5 ફૂટ શિલિંગ હાઈટ, 4 પાર્કિંગ, અનટચ ફ્લેટ, શાંત વાતાવરણ, રેડી વીથ ઓસી. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૮૧૮-એ)**

**જુહુ ગુલમોહર**
**વેચાણથી, 4 બેડરૂમ 2250 કાર્પેટ, હાયર ફ્લોર, 4 પાર્કિંગ, અનટચ ફ્લેટ, દેરાસર નજદીક, જિમ, સ્વિમિંગ પુલ, બૅન્કવેટ હોલ, અમેનીટીઝ અને રેડી વિથ ઓસી. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૮૧૮-બી)**

**જુહુ ગુલમોહર**
**વેચાણથી, અનટચ ફ્લેટ 3 બેડરૂમ 1400 કાર્પેટ, વેસ્ટ ઓપન, હાયર ફ્લોર, ઇટાલિયન ફ્લોરિંગ સાથે ડન અપ ફ્લેટ 3 પાર્કિંગ, અમેનીટીઝ અને ઓસી સાથે. 9 કરોડ. જીમિત ગણાત્રા 9820377358. (૧૫૮૧૮-સી)**

**કાંદીવલી (વેસ્ટ)**
0% સ્ટેમ્પ ડ્યુટી, ફુલ CC સાથે, આલોક @ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ+, 2 બેડરૂમ 1.60 કરોડ+, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી/૪૯૮૪-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી પ્રાઈમ લોકેશનમાં 2 બેડરૂમ, હોલ, કિચન. લેવા બ્રોકર- 9323030141, 8169019857. (૧૫૮૪૪-એ)

(જુઓ પાનું ૧૨) ▸▸

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| આખર | શિકાર |
| આખેટ | અર્ક |
| આરવ | છેવટે |
| આસવ | અગ્નિ |
| આતશ | ધ્વનિ |

### ઓળખાણ પડી?

વિશ્વના સૌથી મોટા કદના ફૂલ તરીકે ખ્યાતિ ધરાવતું આ પુષ્પ કયા દેશનું રાષ્ટ્રીય ફૂલ છે એ જણાવી શકશો?

અ) જાપાન
બ) ઈન્ડોનેશિયા
ક) ઈજિપ્ત
ડ) સોમાલિયા



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | તિ | ૨ ક્ર | ૩ મ | ણ | ■ | ૪ વ્ય | ૫ વ | હા | ૬ ર |
| ધિ | ■ | ૭ મિ | ત | ■ | ૮ પ્રા | ■ | રા | ■ | ક્ષા |
| ૯ ક | ૧૦ ત | ક | ■ | ૧૧ ધ | મા | લિ | યો | ■ | મં |
| ૧૨ ત | ર | ■ | ૧૩ ક | ર્મ | ણિ | ■ | ■ | ૧૪ સં | ત્રી |
| ■ | ૧૫ જુ | ૧૬ મ | લા | ■ | ૧૭ ક | ૧૮ સ | ર | ત | ■ |
| ૧૯ સ | મો | સા | ■ | ■ | ■ | ર | ■ | ૨૦ ત | ૨૧ ન |
| મ | ■ | લો | ■ | ■ | ૨૨ સુ | ત | ૨૩ ક | ■ | જ |
| ૨૪ ચ | ૨૫ સ | ■ | ૨૬ સા | મ | ના | ■ | ૨૭ લ | ગી | ર |
| ૨૮ સ | મ | ૨૯ ભો | ગ | ■ | ૩૦ વ | ગ | ર | ■ | બં |
| ર | ■ | ૩૧ પુ | ર | વ | ણી | ■ | ૩૨ વ | ર | ધી |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

**આડી ચાવી**
૧. સત્તાવાર, નીમેલું (૪)
૪. પછડાવું તે (૪)
૬. કોલાહલ (૪)
૮. પહેલી બે અંકની સંખ્યા (૨)
૯. બધા સાથે ગાય તે (૩)
૧૧. કમી, ખોટ (૩)
૧૪. મદ્યપાનનું આધુનિક સ્થળ (૨)
૧૫. નામ વગરનો, અજાણ્યો (૩)
૧૭. --- કરવા એટલે ગમે તે રીતે વાત પતાવવી (૩)
૧૮. વાયા, દ્વારા (૪)
૨૦. ગુનેગાર, દોષી (૫)
૨૨. યુધિષ્ઠિરની પત્ની, મધ્યગ્રામની એક મૂર્ખના (૩)
૨૩. એક સૂકાયેલું ફળ (૩)
૨૪. તેજ, દીપ્તિ (૨)
૨૬. ---નું સંસ્કૃત વ્યાકરણ જાણીતું છે (૩)
૨૯. ભરોસો, વિશ્વાસ (૩)
૩૦. કમળનું બીજ (૬)

**ઊભી ચાવી**
૧. અસામાન્ય, અદ્ભુત, દિવ્ય (૪)
૨. કૃશ ઉદર કે કટિવાળું (૪)
૩. ઉનાળામાં બહુ લાગે (૩)
૪. આંખનું પલકવું તે (૩)
૫. ગુંડો, બદમાશ (૩)
૭. જામીન, જોખમદાર, જુમ્મેદાર (૫)
૧૦. ઉનાળામાં બાળકોને મળે (૨)
૧૨. કાચી ઉંમરનું (૩)
૧૩. બહેનને કાઠિયાવાડમાં --- કહે (૨)
૧૪. મોટી ઉંમરે --- આખડવાથી બચવું (૩)
૧૫. યુક્તિ, તજવીજ, નેતર (૨)
૧૬. એક રાશિ (૩)
૧૭. ટેક્ષ, જકાત (૨)
૧૮. માળખા (ઢાંચા)ને લગતું (૫)
૧૯. તફાવત (૩)
૨૧. સગવડ (જો.છૂ.) (૩)
૨૨. પુરાણને લગતું (૪)
૨૫. માથાભારે, જબરું (૩)
૨૭. નિયમ, લીમડો (૨)
૨૮. મોટી ઉંમરે સહુ કહે (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતના વિદ્યાર્થીઓ અને મધ્યમ વર્ગના લોકો દ્વારા ભ્રષ્ટાચારના વિરોધમાં શરૂ કરાયેલું નવનિર્માણ આંદોલન કયા વર્ષમાં થયું હતું?

અ) ૧૯૬૪ બ) ૧૯૬૯ ક) ૧૯૭૪ ડ) ૧૯૭૬

### જાણવા જેવું

કાચ એટલે રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો ચળકતો એક પદાર્થ. સફેદ રેતી, ચિરોડી અથવા એવા બીજા પદાર્થના મિશ્રણથી કાચ બને છે. કાચનો રસ બીબામાં પડ્યા પછી ઘન બને છે. કાચને ઘણી વાર 'જામેલો પ્રવાહી' કહેવામાં આવે છે. ગમે તે આકારમાં તેને ફેરવી શકાય છે.

### સુડોકુ-૮૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૨ | ૯ | | ૬ | | ૧ |
| ૨ | | ૧ | | ૩ | ૬ | ૫ | | |
| ૬ | | | ૫ | ૭ | | | ૨ | ૩ |
| | | ૬ | | | | ૩ | | |
| | | | | ૨ | | | | |
| | | ૪ | | | | ૧ | | |
| ૩ | ૪ | | | ૬ | ૨ | | | ૫ |
| | | ૨ | ૯ | ૪ | | ૭ | | ૮ |
| ૫ | | ૮ | | ૧ | ૩ | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૮ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ |
| ૬ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ | ૯ | ૭ | ૮ |
| ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ | ૪ |
| ૮ | ૯ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૯ | ૬ | ૩ | ૫ | ૮ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૮ | ૬ | ૪ | ૯ |
| ૪ | ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ |
| ૨ | ૮ | ૧ | ૩ | ૭ | ૬ | ૪ | ૯ | ૫ |

### ચતુર આપો જવાબ

૧૭૬૪ની સાલમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા ભારતમાં સર્વ પ્રથમ પોસ્ટ ઓફિસ કયા શહેરમાં શરૂ કરાઈ હતી?

**માથું ખંજવાળો**
અ) કલકત્તા
બ) મદ્રાસ
ક) બોમ્બે
ડ) જયપુર

### નોંધી રાખો

એક સીધી રેખા ફૂટપટ્ટીની મદદ લીધા વિના દોરવાની કોશિશ કરી જોજો. સરળ બનવું ધારીએ એટલું સહેલું નથી એ સમજાઈ જશે.

### માઈન્ડ ગેમ

૩.૫ કરોડ રૂપિયાના ઈનામ પર ૩૫ ટકા ટેક્સ ભર્યા પછી બાકી રહેલી રકમ પર ૨૦% નફો થયા પછી કેટલા પૈસા હાથમાં રહ્યા?

અ) ૨,૬૬,૦૦,૦૦૦ બ) ૨,૬૯,૭૫,૦૦૦
ક) ૨,૭૩,૦૦,૦૦૦ ડ) ૨,૭૫,૫૦,૦૦૦

### ગયા શનિવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| ગાથા | કથા |
| ગાત્ર | અવયવ |
| ગ્રાસ | કોળિયો |
| ગ્રામ | ગામ |
| ગાર | લીંપણ |

**ગુજરાત મોરી મોરી રે**
ચં. ચી. મહેતા

**ઓળખાણ પડી**
યુક્રેન

**માઈન્ડ ગેમ**
૧૮,૦૦,૦૦૦

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
થુમ્બા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ગીતા ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) લજિતા ખોના (૧૭) પુષ્પા પટેલ (૧૮) નિખિલ બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ દોશી (૨૨) કિશોર બી. સંઘરાજકા (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન શાહ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) ભાવના કર્વે (૨૯) નિતિન બજરિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અલ્કા વાણી (૩૨) અરવિંદ કામદાર (૩૩) જગદીશ ઠક્કર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્રી (૪૪) નયના ગિરીશ મિસ્રી (૪૭) મહેશ સંઘવી (૪૮) અંબરીષ ઓઝા




# હર્ષલની ફરી ચાર વિકેટ, હૈદરાબાદને જિતાડીને તળિયેથી બહાર કાઢ્યું

ચેન્નઈ: સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)એ ગઈકાલે અહીં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને પાંચ વિકેટે હરાવીને કુલ છ પૉઇન્ટ સાથે પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયેથી બહાર આવીને રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના કબજામાંથી આઠમું સ્થાન આંચકી લીધું હતું. ચાર પૉઇન્ટ ધરાવનાર રાજસ્થાનની ટીમ નવમા નંબરે ધકેલાઈ હતી. ચાર પૉઇન્ટ ધરાવતી સીએસકેની ટીમ હજી પણ સાવ તળિયે (૧૦મા નંબરે) છે. ગુજરાત પહેલા નંબરે, દિલ્હી બીજા નંબરે, બેંગલૂરુ ત્રીજા નંબરે છે.

હૈદરાબાદે શનિવારે ૧૫૫ રનનો લક્ષ્યાંક ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો. હૈદરાબાદના બૅટ્સમેનોમાં કિશન (૪૪ રન, ૩૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. કામિન્ડુ મેન્ડિસ (૩૨ અણનમ, બાવીસ બૉલ, ત્રણ ફોર) અને નીતીશ રેડ્ડી (૧૯ અણનમ, ૧૩ બૉલ, બે ફોર)ની જોડીએ ક્રીઝમાં ટકી રહીને હૈદરાબાદને વિજય અપાવ્યો હતો. ચેન્નઈના નૂર અહમદે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. એ પહેલાં હૈદરાબાદને પેસ બોલર હર્ષલ પટેલે (૪-૦-૨૮-૪) જીતનો પાયો નાખી આપ્યો હતો. તેણે આ અગાઉ ૧૨મી એપ્રિલે પંજાબ સામે પણ ચાર વિકેટ લીધી હતી.

સાંજે ચેન્નઈએ બૅટિંગ મળ્યા પછી ૧૫૪ રન કર્યા ત્યાર બાદ રાત્રે હૈદરાબાદની ટીમે પણ ચેન્નઈની માફક પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી હતી. ચેન્નઈનો ઓપનર શેખ રાશીદ ઇનિંગ્સના પહેલા જ બૉલમાં કૅચઆઉટ થયો હતો તો હૈદરાબાદનો ઓપનર અભિષેક શર્મા દાવના બીજા બૉલ પર કૅચ આપી બેઠો હતો. હૈદરાબાદ વતી પેસ બોલર હર્ષલ પટેલના ચાર વિકેટના તરખાટને કારણે જ ચેન્નઈની ટીમ ૧૫૪ રન સુધી મર્યાદિત હતી.ચેન્નઈના ૧૫૪ રનમાં ડેવાલ્ડ બ્રેવિસના ૪૨ રન હાઇએસ્ટ હતા. ■

# હાર્દિક-કૃણાલના મમ્મીએ અસંખ્ય ગૌ માતાને રસ-રોટલીનું જમણ પીરસ્યું





નલિનીબેન પંડ્યાએ ગૌ માતાને કેરીનો રસ અને રોટલી પીરસ્યા હતા.

વડોદરા: ભારતને ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રૉફી અપાવનાર, ટીમ ઇન્ડિયાને અનેક મૅચોમાં વિજય અપાવનાર અને હાલમાં દમદાર ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી મુંબઈ ઇન્ડિયન્સને તળિયેથી બહાર લાવીને ટોચનાં સ્થાનોમાં પહોંચાડનાર હાર્દિક પંડ્યા તેમ જ આઇપીએલમાં બેંગલૂરુની ટીમ વતી રમતા સ્ટાર-ઑલરાઉન્ડર કૃણાલ પંડ્યાના મમ્મી નલિનીબેન હિમાંશુભાઈ પંડ્યાએ વડોદરાના એક જાણીતા ફાઉન્ડેશન સાથે મળીને ગૌ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું એક વીડિયોમાં તેમ જ કેટલાક ફોટોમાં જોવા મળી રહ્યું છે.

નલિનીબેને પાંજરાપોળમાં આશરો લેતી ૭૦૦ જેટલી ગાયને અને વાછરડાંઓને તાજેતરમાં ૨,૧૦૦ કિલો કેરીનો તાજો-ઠંડો રસ તેમ જ પાંચ હજાર રોટલીનું જમણ પીરસ્યું હતું અને એ રીતે તેમણે અનોખી ગૌ સેવાનો લાભ લીધો હતો.

આ ફાઉન્ડેશન અનેક લોકોને ગૌ સેવામાં જોડવાનો પ્રયત્ન કરે છે જેમાં હાર્દિક-કૃણાલના મમ્મી નલિનીબેન પણ જોડાયાં છે.

સીઝનમાં ફાઉન્ડેશન તરફથી આ બીજી વાર ગૌ માતા તેમ જ નંદીજી મહારાજ માટે બે હજાર કિલોથી વધુ કેરીનો રસ પીરસવામાં આવ્યો છે.

ફાઉન્ડેશનના નીરવ ઠક્કરે તાજેતરમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે 'એક સમયે આપણા પરિવારમાં દરરોજ પહેલું ભોજન ગૌ માતા માટે અલગ રાખવામાં આવતું હતું અને ત્યાર પછી જ પરિવારના સભ્યો તેમ જ મહેમાનો ભોજન કરતા હતા. જોકે સમય જતાં હવે એ બધુ વિસરાઈ ગયું છે જે થતું રોકવાનો અમારો આ પ્રયાસ છે. અમે ગૌ માતાને વિવિધ ફળો, શાકભાજી, રોટલી, પૌષ્ટિક આહાર, લીલું ઘાસ, ઔષધિય લાડું તેમ જ ગોળની ભોજન સેવા પણ આપીએ છીએ.'' ■

# નીરજ ચોપડાએ ભાલાફેંકના પાકિસ્તાની મિત્ર નદીમને આપેલા આમંત્રણ પર ચગ્યો વિવાદ

## નીરજ કહે છે, 'મેં પહલગામની ઘટનાના બે દિવસ પહેલાં આમંત્રણ મોકલેલું': નદીમ ભારત આવતાં ડરી ગયો

નવી દિલ્હી: આવતા મહિને બેંગલૂરુમાં ભાલાફેંકના વર્લ્ડ ચૅમ્પિયન ભારતીય ઍથ્લીટ નીરજ ચોપડાના નામની જે આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજાવાની છે એમાં ભાગ લેવા માટે ખુદ નીરજ ચોપડાએ તેના પાકિસ્તાની મિત્ર અને ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર અર્શદ નદીમને જે આમંત્રણ આપ્યું હતું એના પર વિવાદ ચગ્યો છે. નીરજે પોતાની સામે થઈ રહેલા આક્ષેપો વિશે ખુલાસા કરવા પડ્યા છે. બીજી બાજુ, નદીમે ભારત આવવાનું માંડી વાળ્યું છે.

'નીરજ ચોપડા ક્લાસિક જ્વેલિન થ્રો' નામની આ ઇવેન્ટ ૨૪મી મેએ યોજાવાની છે જેમાં ખુદ નીરજ ચોપડા ઉપરાંત બે વાર વિશ્વવિજેતા બનેલા પીટર ઍન્ડરસન, જુલિયસ યેગો, થૉમસ રોહલર સહિત ઘણા આંતરરાષ્ટ્રીય ઍથ્લીટો ભાગ લેશે. આ ઇવેન્ટ અગાઉ હરિયાણાના પંચકુલામાં યોજાવાની હતી, પરંતુ પૂરતી લાઇટિંગના અભાવે એ બેંગલૂરુના કાંતીરાવા સ્ટેડિયમમાં રાખવાનું નક્કી થયું છે.

૨૭ વર્ષીય નીરજ ચોપડા અને પાકિસ્તાનના ઑલિમ્પિક ચૅમ્પિયન અર્શદ નદીમ વચ્ચે બહુ સારી મિત્રતા છે.

નીરજ ચોપડા ભારતીય લશ્કરમાં છે જેમાં તેને સુબેદાર મેજરનો હોદ્દો અપાયો છે.



### નીરજે કર્યો મોટો ખુલાસો:

પહેલી વાત તો એ છે કે ટોક્યો ઑલિમ્પિક્સના ચૅમ્પિયન નીરજ ચોપડાએ મીડિયામાં ખુલાસો કર્યો છે કે તેણે મંગળવારે પહલગામમાં આતંકવાદી હુમલો થયો એના બે દિવસ પહેલાં નદીમને તેની ઇવેન્ટ વિશેનું આમંત્રણ મોકલ્યું હતું. નીરજે કહ્યું છે કે 'હું બહુ બોલતો નથી, પરંતુ એનો અર્થ એવો નથી કે જો કંઈ ખોટું થઈ રહ્યું હોય તો પણ હું ન બોલું. નીરજ ચોપડા ક્લાસિક ઇવેન્ટ માટે નદીમને આમંત્રણ મોકલવા વિશે મીડિયામાં ઘણું બધુઈ કહેવામાં આવી રહ્યું છે. પહેલી વાત તો એ છે કે આ ઇન્વિટેશન એક ઍથ્લીટ તરફથી બીજા ઍથ્લીટને આપવામાં આવતું હોય એવા ઇરાદાથી જ અપાયું હતું. બીજું, મેં આમંત્રણ પહલગામની આઘાતજનક આતંકી ઘટનાના બે દિવસ પહેલાં બધાની જેમ નદીમને પણ મોકલ્યું હતું. જોકે મેં નદીમને આમંત્રણ આપ્યું એ મુદ્દે સોશિયલ મીડિયામાં મને વખોડવામાં આવી રહ્યો છે જે ખોટું છે. મારા વિશે અપશબ્દો કહેવામાં આવી રહ્યા છે અને તિરસ્કાર પણ બતાવાઈ રહ્યો છે. ટીકાકારોએ મારા ફૅમિલી મેમ્બરોને પણ નથી છોડ્યા. મારા દેશપ્રેમ સામે પ્રશ્નો કરવામાં આવી રહ્યા છે તેમ જ મારા અને મારા પરિવારનું માન પણ નથી જાળવવામાં આવ્યું.'

નીરજે એવું પણ જણાવ્યું છે કે 'મેં નદીમને આમંત્રણ મોકલ્યું એના ૪૮ કલાક પછી પહલગામની ઘટના બની. હવે આ ઇવેન્ટમાં નદીમના ભાગ લેવા વિશે કોઈ પ્રશ્ન જ નથી. મેં હંમેશાં મારા દેશને અને દેશનાઈ હિતોને પ્રાધાન્ય આપ્યું છે. પહલગામની હૃદયદ્રાવક ઘટનામાં જે લોકોએ જાન ગુમાવ્યા છે તેમના પરિવારોને આ આપત્તિનો સામનો કરવાની ઈશ્વર સહનશક્તિ આપે એવી હું પ્રાર્થના કરું છું.'

### નદીમે ડરીને ભારત આવવાનું ટાળ્યું

પાકિસ્તાનના અર્શદ નદીમે જાહેર કર્યું છે કે ૨૪મી મેની ઇવેન્ટમાં તે ભાગ નહીં લે, કારણકે તે સાઉથ કોરિયાની સ્પર્ધામાં ભાગ લેવાનો છે તેમ જ આગામી એશિયન ચૅમ્પિયનશિપ માટે પ્રૅક્ટિસ પણ કરવાનો છે. જોકે તેણે ભારત ન આવવાનો નિર્ણય મંગળવારની પહલગામની ઘટના બાદ જાહેર કર્યો એનો સીધો અર્થ થાય છે કે તે ભારત આવતા ડરી ગયો છે. ભારત સરકારે ભારતમાંના પાકિસ્તાનીઓને ૪૮ કલાકમાં તગેડી મૂકવાની બુધવારે જાહેરાત કરી એ પહેલાં નદીમે નિર્ણય જાહેર કર્યો હતો.■

# ૨૦૨૪માં કોલકાતાને ટ્રોફી અપાવનાર શ્રેયસ આજે ઈડનમાં એ જ ટીમની વિરુદ્ધમાં રમશે

કોલકાતા: ૧૧ મહિના પહેલાં કોલકાતા શહેરના ઈડન ગાર્ડન્સમાં શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની ટીમે એક દાયકા બાદ પહેલી વાર આઇપીએલનું ટાઇટલ જીતી લીધું હતું, પણ આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) શ્રેયસ એ જ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમની વિરુદ્ધમાં ઈડનમાં રમશે. શ્રેયસ પંજાબ કિંગ્સનો સુકાની છે અને શનિવારે કોલકાતા-પંજાબ વચ્ચે મુકાબલો છે.

અજિંક્ય રહાણે કોલકાતાની ટીમનો સુકાની છે, પરંતુ કોલકાતાની ટીમમાં એવા કેટલાક ખેલાડીઓ છે જેઓ ગયા વર્ષે શ્રેયસના નેતૃત્વમાં રમ્યા હતા અને હવે તેની જ સામે રમવા મેદાન પર ઊતરશે. કેકેઆરના ફ્રેન્ચાઇઝીએ આ વખતે શ્રેયસને ખેલાડીઓની હરાજીમાં મૂકી દીધો હતો, પરંતુ પંજાબના માલિકોએ ધમાકો કર્યો હતો. તેમણે શ્રેયસને ૨૬.૭૫ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે મેળવ્યો હતો.

૧૦ દિવસ પહેલાં આ જ બે ટીમ (કોલકાતા-પંજાબ) વચ્ચે ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં મૅચ રમાઈ હતી જેમાં શ્રેયસના સુકાનમાં પંજાબે માત્ર ૧૧૧ રન કર્યા પછી કોલકાતાને માત્ર ૯૫ રનમાં આઉટ કરીને ૧૬ રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો.

કોલકાતા અને પંજાબ, બન્ને ટીમ બૅટિંગમાં મિડલ-ઑર્ડર (ચારથી સાત ક્રમના બૅટ્સમેન)ની નિષ્ફળતા બદલ ચિંતિત છે. આ ચાર ક્રમમાં કોલકાતાની બૅટિંગ-ઍવરેજ માત્ર ૨૦.૪૭ની છે, જ્યારે પંજાબની પણ બહુ સારી નથી. એની સરેરાશ ૨૩.૯૦ છે. ■

# મુસ્લિમ બિરાદરોને બાબા રામદેવની સલાહ, 'ઇસ્લામને આતંકવાદથી મુક્ત કરવા આધ્યાત્મિકતા અપનાવો, એમાં યોગ મદદરૂપ થશે'

નવી દિલ્હી: પહલગામમાં ક્રૂરતા અને બર્બરતા જે રીતે ચરમસીમાએ પહોંચી ગઈ એના સર્વત્ર પ્રત્યાઘાત પડી રહ્યા છે અને એ પ્રત્યાઘાતની ઝલક અહીં ૧૬ દેશ વચ્ચેની એશિયન યોગાસન ચૅમ્પિયનશિપના ઉદ્ઘાટન વખતે જોવા મળી હતી જેમાં વર્લ્ડ યોગાસનના પ્રમુખ બાબા રામદેવે પહલગામના હુમલાને વખોડી કાઢ્યો હતો. ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાએ આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. યોગને ઑલિમ્પિક્સમાં લાવવાના લક્ષ્ય પર બાબા રામદેવે ભાર મૂક્યો હતો, પરંતુ એ પહેલાં તેમણે પ્રવચનની શરૂઆત ૨૮ હિન્દુ પર્યટકોનો ભોગ લેનાર પહલગામના હુમલાના ઉલ્લેખથી કરી હતી અને દેશના હિન્દુઓ પર થયેલા હુમલાની ઘટનાના મુદ્દે કહ્યું હતું કે 'થોડા જ દિવસ પહેલાં ક્રૂરતા ચરમસીમાએ પહોંચી ગઈ હતી. બીજી રીતે કહું તો આતંકવાદ એક ધર્મ, એક સંસ્કૃતિ અને એક દેશને લક્ષ્ય બનાવી રહ્યો છે. હું મુસ્લિમ બિરાદરોને (મિત્રોને) કહેવા માગું છું કે તેઓ જો ઇસ્લામને આતંકવાદના અભિશાપમાંથી મુક્ત કરવા માગતા હોય તો તેમણે આધ્યાત્મિકતાને અપનાવી લેવી જોઈએ. એવું કરવામાં યોગના આસનો મદદરૂપ થશે. યોગ વિદ્યા હંમેશાં શાંતિ અને ગંભીરતાને પ્રોત્સાહિત કરે છે.' ■

## દેશ વિદેશ






**સ્વદેશ રવાના:** અમૃતસરની નજીક આવેલી અટ્ટારી – વાઘા બોર્ડરની ચોકી ખાતેથી સ્વદેશ રવાના થતા લોકો. પહલગામ ખાતેના ત્રાસવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ વણસ્યા છે અને ભારતે પાકિસ્તાનના નાગરિકોને સ્વદેશ જતાં રહેવાનો આદેશ આપ્યો છે, ત્યારે પાક જઈ રહેલા લોકો અને પાકિસ્તાનથી ભારતમાં આવી રહેલા લોકો જોઈ શકાય છે. (પીટીઆઇ)

# ઈસરોના ભૂતપૂર્વ વડા કસ્તુરીરંગનનું નિધન

નવી દિલ્હી/બેંગલૂરુ: ઇસરોના ભૂતપૂર્વ વડા અને મહત્ત્વાકાંક્ષી નવી રાષ્ટ્રીય શિક્ષણ-નીતિ (એનઇપી)ની મુસદ્દા સમિતિના અધ્યક્ષ કે. કસ્તુરીરંગનનું શુક્રવારે બેંગલૂરુમાં નિધન થયું હતું. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

તેઓ ૮૪ વર્ષના હતા. તેમને બે પુત્ર છે. પારિવારિક સૂત્રોએ જણાવ્યું કે તેઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ઉંમર સંબંધિત બીમારીઓથી પીડાતા હતા. અધિકારીઓએ જણાવ્યું કે તેમનું શુક્રવારે સવારે બેંગલૂરુ સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના પાર્થિવ દેહને ૨૭ એપ્રિલના રોજ અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે રમન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (આરઆરઆઇ) ખાતે રાખવામાં આવશે. એનઇપીમાં સૂચિબદ્ધ શિક્ષણ સુધારા પાછળના વ્યક્તિ તરીકે જાણીતા કસ્તુરીરંગને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના કુલપતિ અને કર્ણાટક જ્ઞાન આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તેમણે રાજ્યસભાના સભ્ય (૨૦૦૩-૦૯) અને તત્કાલીન ભારતીય આયોજન પંચના સભ્ય તરીકે પણ સેવા આપી હતી. કસ્તુરીરંગન એપ્રિલ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી બેંગલૂરુ સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝના ડિરેક્ટર પણ હતા.

ઇસરોના ભૂતપૂર્વ વડાનો જન્મ ૨૪ ઑક્ટોબર, ૧૯૪૦ના રોજ કેરળના એર્નાકુલમમાં સી. એમ. કૃષ્ણસ્વામી અય્યર અને વિશાલાક્ષીના ઘરે થયો હતો. તમિળનાડુનો વતની તેમનો પરિવાર ત્રિશુર જિલ્લાના ચાલકુડીમાં સ્થાઇ થયો હતો. તેમની માતા પલક્કડ અય્યર પરિવારના હતા. અવકાશ વૈજ્ઞાનિકે ઑગસ્ટ ૨૦૦૩માં પોતાના પદ પરથી રાજીનામું આપતા પહેલા નવ વર્ષ સુધી ઇસરોના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તેમના અનુકરણીય કાર્ય માટે તેમને વર્ષ ૨૦૦૦માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

# સાવરકર અંગે 'બેજવાબદાર' નિવેદન કરનારા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટનો ઠપકો

## કૉંગ્રેસના નેતા સામેની ફોજદારી કાર્યવાહી અટકાવી

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રમાંની એક રૅલીમાં સ્વાતંત્ર્યસેનાની વિનાયક દામોદર સાવરકરની વિરુદ્ધ કરેલા નિવેદનને 'બેજવાબદાર' ગણાવીને તેમને ઠપકો આપ્યો હતો. આમ છતાં, રાહુલ ગાંધી સામેની ફોજદારી કાર્યવાહી અટકાવવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ દીપંકર દત્તા અને ન્યાયાધીશ મોહનની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓની ક્યારેય ટીકા કરવી ન જોઇએ.

બૅન્ચે રાહુલ ગાંધીના વકીલ અભિષેક સિંઘવીને સવાલ કર્યો હતો કે શું રાહુલ ગાંધીને ખબર છે કે મહાત્મા ગાંધી અંગ્રેજો, ખાસ કરીને વાઇસરોયને પત્ર લખતા ત્યારે અંતમાં 'આપનો વિશ્વાસુ સેવક' લખતા હતા? મહાત્મા ગાંધી વાઇસરોયને લખેલા પત્રના અંતમાં 'તમારો સેવક' લખતા હોવાથી શું ગાંધીજીને 'અંગ્રેજોના સેવક' કહી શકાય? ન્યાયાધીશ દીપંકર દત્તાએ રાહુલ ગાંધીના વકીલ અભિષેક સિંઘવીને એવો સવાલ કર્યો હતો કે તમારા અસીલના દાદી (ઇન્દિરા ગાંધી) જ્યારે વડાં પ્રધાન હતાં, ત્યારે તેમણે સાવરકરની પ્રશંસા કરતો પત્ર લખ્યો હતો? બૅન્ચે જણાવ્યું હતું કે કોઇએ દેશના સ્વાતંત્ર્યસેનાનીઓ અંગે 'બેજવાબદાર' નિવેદન ક્યારેય કરવા ન જોઇએ. રાહુલ ગાંધી ભવિષ્યમાં સ્વાતંત્ર્યસેનાનીઓ અંગે કોઇ વાંધાજનક નિવેદન કરશે, તો તેને ચલાવી નહિ લેવાય. ■

# યુપીમાં ચોખાની મિલમાં ઝેરી ધુમાડો શ્વાસમાં લેવાથી પાંચ કામદારનાં મોત

બહરાઇચ : શુક્રવારે અહીં ચોખાની એક મિલમાં ખરાબ થયેલા ડ્રાયર મશીનમાંથી નીકળતો ધુમાડો શ્વાસમાં લેવાથી પાંચ કામદારનાં મોત થયાં હોવાનું અને બેભાન થયેલા અન્ય ત્રણ કામદારને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હોવાની વિગતો જાણવા મળી હતી. પ્રાથમિક તપાસમાં સૂચવવામાં આવ્યું છે કે ડ્રાયર મશીનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને ધુમાડો બહાર નીકળવાનું શરૂ થયું હતું, જે કામદારોના શ્વાસમાં ગયા બાદ તેમનો શ્વાસ રૂંધાઈ ગયો હતો, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. અધિક પોલીસ અધિક્ષક રામાનંદ પ્રસાદ કુશવાહાએ અગાઉ જણાવ્યું હતું કે આજે સવારે રાજગઢિયા ચોખાની મિલમાં ડ્રાયરમાંથી નીકળતા ધુમાડાનું નિરીક્ષણ કરવા માટે ઘણા કામદારો ગયા હતા. ધુમાડો એટલો ભારે હતો કે ત્યાં હાજર બધા કામદારો ઘટનાસ્થળે બેભાન થઈ ગયા હતા. માહિતી મળતાં ફાયર સર્વિસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને અસરગ્રસ્ત લોકોને બહાર કાઢ્યા હતા. તેમને જિલ્લા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હૉસ્પિટલમાં પહોંચતા જ પાંચ કામદારને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ■

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને કસ્તુરીરંગનના નિધન પર શોક વ્યક્ત કર્યો

નવી દિલ્હી: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઇસરોના ભૂતપૂર્વ વડા કૃષ્ણસ્વામી કસ્તુરીરંગનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર જણાવ્યું કે જ્ઞાન પ્રત્યેના તેમના જુસ્સા સાથે તેમણે વિવિધ ક્ષેત્રોમાં પણ પુષ્કળ યોગદાન આપ્યું હતું. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુસદ્દો બનાવવામાં મદદ કરી હતી. જે ભાવિ પેઢીને ઘડવામાં પહેલેથી જ ઊંડી અસર કરી રહી છે. તેમના પરિવાર અને ચાહકો પ્રત્યે મારી સંવેદના. મુર્મૂએ કહ્યું કે એ જાણીને દુઃખ થયું કે ડો. કૃષ્ણસ્વામી કસ્તુરીરંગન હવે નથી રહ્યા. ઇસરોના વડા તરીકે તેમણે ભારતના અવકાશ કાર્યક્રમના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વડા પ્રધાન મોદીએ એક્સ પર જણાવ્યું કે ભારતની વૈજ્ઞાનિક અને શૈક્ષણિક યાત્રામાં એક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ રહેલા ડૉ. કે. કસ્તુરીરંગનના નિધનથી મને ખૂબ જ દુઃખ થયું છે. તેમનું દૂરંદેશી નેતૃત્વ અને રાષ્ટ્ર પ્રત્યે નિઃસ્વાર્થ યોગદાન હંમેશાં યાદ રાખવામાં આવશે. ■

## ૧૭. જગ્યા આપવી છે

**૨ બેડરૂમ**
પાર્લા (વેસ્ટ) - ફર્નિશ્ડ - 3 બાજુ ખુલ્લો - લિફ્ટ - કાર પાર્કિંગ - રેડી પઝેશન. (3,10,00,000/-) હિના પ્રોપર્ટીઝ - 9322274791. (એસડીબી-૨૫૪૭)

**કિંગસર્કલ - કર્મક્ષેત્ર**
વિશાળ 2 BHK - ફર્નીશ્ડ ફ્લેટ - હાયર ફ્લોર (પાર્કીંગ નથી). ભાડુ 90000/-, ડિપોઝીટ 3 લાખ. પ્રકાશ ''વિનસ એસ્ટેટ'' 98212 30938 / 81690 22419. (૧૫૮૧૭-સી)

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**
લીવલાયસંસથી-વેચાતામાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧ થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

**લીઝ ફ્લેટો**
2/3/4 બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટો લીઝથી, 3 બેડરૂમ ઓનરશીપથી. જુહુધારા કોમ્પ્લેક્ષ, જે.વી. લીંક રોડ, ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડઝ, ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝથી. ''બી. નરેન્દ્ર જોશી'' ૯૮૨૦૨૯૪૯૨૨-૯૧૬૭૩૦૯૮૬૯ યસ, ૯૮૯૨૨૯૭૭૭૫ વિશાલ. (૧૫૮૨૪-એ)

**જુહુ - ફ્લેટો**
૧ બેડરૂમ જુહુ ઈસ્કોન પાસે, ૨/૩/૪ બેડરૂમ જુહુ ધારા કોમ્પ્લેક્ષ - જુહુ વર્સોવા લીંક રોડ - લીઝથી તથા ૨/૩ બેડરૂમ ઓનરશીપથી ''બી. નરેન્દ્ર જોશી'' ૯૮૨૦૨૯૪૯૨૨-૮૦૮૦૭૦૯૦૩૦ વિશાલ-૮૪૩૩૭૨૨૨૦૯ વેદાંત - ૯૧૬૭૩૦૯૮૬૯ યશ. (૧૫૮૨૪-બી)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**
**૨ - ૩ - ૪ બેડરૂમ - હોલ - કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૮૨૪-સી)**

**જુહુસ્કીમ ગુલમહોર રોડ**
**૨ - ૩ - ૪ બેડરૂમ - હોલ - કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૮૨૪-ડી)**

**ઘાટકોપર ઈસ્ટ**
2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, contact no: 9820788049. (૧૫૮૪૫-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ, સંપર્ક - 9930333456 (P51800055546). (૧૫૮૩૨-એ)

**વર્લ્ડ ટાવર**
ભાડા માટે લોઅર પરેલ 4 BHK - હાયર ફ્લોર - ફર્નિશ્ડ - 3 પાર્કિંગ સાથે તૈયાર કબજો દર મહિને 7 લાખ ''અગ્રવાલ'' 9821231619. (૧૫૮૨૭-એફ)

**અપર - વર્લી**
**પ્રાઈમ લોકેશન, વિશાળ 2 બેડરૂમ હોલ કિચન 865' કાર્પેટ, પ્રતિષ્ઠિત એપાર્ટમેન્ટ, આધુનિક સુવિધાઓ સાથે વેચાણથી. 9820660781/ 9769018852. (એસડીબી-૨૫૭૧)**

**બોરીવલી ઈસ્ટઃ દૌલત નગરમાં**
2 BHK, 3 બાથરૂમ, દેરાસર મંદિર નજીક, હવાઉજાસવાળો ફ્લેટ, 1 પાર્કિંગ. વેચાણથી સંપર્ક ઓનરઃ 7977922699. (૧૫૮૫૪-એ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરીયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન. સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૮૮૧)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 km, એસવી રોડ, 22 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 1.45 કરોડ/ 1.83 કરોડ+3 બેડરૂમ 2.68 કરોડ+20+ અમેનિટીસ, પોડિયમ, Rooftoop Garden marketed by: M. G. Realtors 9820964062, Radha estate agency 9821034272. (જેપી-૪૯૮૪-એફ)

■ **નીલાંબર બેલીસીમો-3 વડોદરાના સૌથી સારા કેમ્પસમાં નવો બનેલો મોટો 3 BHK ફ્લેટ, 2250 સુપર બિલ્ટઅપ કિંમત 1.40 Cr બેસ્ટ લોકેશન અને મોનોલીથીક કંસ્ટ્રક્શન હોવાથી જોશો તો ખૂબ જ વ્યાજબી લાગશે (નો કમિશન) 8238550117. (બી-૧૫૮૮૩)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**વેચાણથી 2 BHK ફર્નિશ્ડ ફ્લેટ, 800' કાર્પેટ સ્ટેશન - દેરાસર નજીક, લિફ્ટ - કાર પાર્કિંગ સાથે. 2.75 Cr ભરત શાહ - 9820280034. (૨૬૭)**

**વિલેપાર્લે ઈસ્ટ**
પ્રાઈમ લોકેશન, વેચવાનો છે. ૧ બેડરૂમના ૨૫ ફ્લેટ્સ, ૨ બેડરૂમના ૪૦ ફ્લેટ્સ, ૩ બેડરૂમના ૩૦ ફ્લેટ્સ. નામદેવ 9322671121. (એસડીબી-૨૫૮૦)

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી. હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૭૫)

## ૧૭. જગ્યા આપવી છે

**ગોવાલિયા ટેંક**
કન્વર્ટેડ બે બેડરૂમ (૫૭૫ કાર્પેટ) (ફર્નીશ્ડ) (પાર્કિંગ) ૩૧૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૭૬)

**તારદેવ**
(નવું બિલ્ડીંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (બે પાર્કીંગ) ૬૭૫ લાખ (નેગોશીએબલ), ભાડેથી ૧૮૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ-૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૭૭)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) વેચાણથી ૧૫૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૫૭૮)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કોલ ઓનર**
**૬૦' રોડ, પ્રીમીયમ ન્યુ ટાવર, ૨ બેડરૂમ અનટચ રીસેલ ફ્લેટ લેવા. 7208215105. (૧૫૮૫૫-એ)**

"20,000/ 25,000"
''દહિસરમાં ભાડેથી 1 બેડરૂમ તથા વેચાણમાં - 70,00,000/ 72,00,000''. ''હાર્દિકભાઈ'':- 9920680690. (૧૫૮૫૬/એ)

**''કાંદિવલી - બોરીવલી''**
**''(વેસ્ટમાં) 1/ 2/ 3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના / ભાડેથી'':- 7710979702 / 9930626313. (૧૫૮૫૬/બી)**

**કાંદિવલી (વેસ્ટ)**
ભાડેથી, 1 બેડરૂમ ફર્નિશ 35000/- થી 37000/-, 2 બેડરૂમ 45000/- થી 55000/-, 3 બેડરૂમ 75000/- સંપર્ક નૈસધ શાહ - 7977726513/ 9821023261. (જેપી/ ૪૯૮૭-બી)

**સોનાનો સિક્કો**
20 ગ્રામ, ફ્લેટની ખરીદી સાથે, 30-4-2025 સુધી કાંદિવલી વેસ્ટ 3 બેડરૂમ વેચાણથી, એમ. જી. રોડ, 3.33 કરોડ પેકેજ તથા એસવી રોડ 3.11 કરોડ પેકેજ Ready to Move, Owner 9819935855 (દલાલભાઈ આવકાર્ય). (જેપી/૪૯૮૭-એ)

**વડાલા**
મકાન ખરીદો પહેલા દિવસથી કમાઈ, ભવિષ્યમાં રીડેવલપમેન્ટનો ફાયદો. વિનોદ : 9892980593. (બી-૧૫૮૭૨)

**બોરીવલી વેસ્ટ**
(1) 3 બેડ વેચાણથી, જાંબલી ગલી 1192 કાર્પેટ, મીડલ ફ્લોર. (2) 2 બેડ જોડી વેચાણથી ફર્નિશ્ડ હાયર ફ્લોર 1400 કાર્પેટ, વિજય સેલ્સ પાછળ વૃંદાવન વાસ્તુ મુજબ 2 પાર્કિંગ સાથે. શ્રી સંભવનાથ રિયલટર્સ 9820076455 / 8369122078. (૧૫૮૫૭-બી)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં. પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૮૮૯)

**બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલ્લી**
**દેરાસર - મંદિર નજીક, 3 બેડરૂમ, 977' કાર્પેટ, બીજે માળે, વેંચવાનો (ઓનર): 9892154644. (૧૫૮૬૧/એ)**

STUDIO FLAT
56,00,000/=, વેંચવાનો. કાંદિવલી (વેસ્ટ), મથુરાદાસ રોડ, લીફ્ટવાળા એપાર્ટમેન્ટમાં. 7498120711. (૧૫૮૬૧-બી)

**કાંદિવલી પોઈસરમાં**
**મેન રોડ ટચ, સ્વતંત્ર બિલ્ડિંગ, ગ્રાઉન્ડ + પહેલો માળ વેચાણથી આપવાનો. (કમર્શિયલ શક્ય). (ઓનર): 9821163601. (૧૫૮૬૨-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
પંતનગર ૧ બેડરૂમ, હોલ, કિચન ફ્લેટ, લિફ્ટ રેડી વેચાણથી 90L 9702851947. (૧૫૮૬૩-એ)

**અંધેરી વેસ્ટ**
ઉપાશ્રય લેન, ૧ બેડરૂમ આઉટરાઈટથી 459 રેરા કારપેટ નવા બિલ્ડિંગમાં ''રીમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૫૮૨)

**અંધેરી ઈસ્ટ**
વિશાલ હોલ નજીક આઉટરાઈટથી 2 બેડરૂમ 725 કારપેટ ''રીમા એસ્ટેટ'' 98200 00627 / 7045660627. (એસડીબી-૨૫૮૧)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં..''**
૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરનાં બંગલાઓ, ૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૭૫૮૯૪)

**''વિલેપાર્લામાં..''**
૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં / બંધાતામાં લેવા / વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૫)

**સી. પી. ટેંક**
માધવબાગ પાસે ટાવરમાં 2 રૂમનો બ્લોક 320' કાર્પેટ ઓનરશીપથી તથા ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100' + પાર્કિંગ. લીવલાયસંસથી, રેડી કબજો 9820034317. (૧૫૮૬૩-બી)

**વિલેપાર્લા (વેસ્ટ)**
લલ્લુભાઈ પાર્કમાં, ત્રણ બેડરૂમનો ડુપ્લેક્ષ ફ્લેટ વેચવાનો છે. ફુલ્લી ફર્નિશ્ડ, ૧૪૦૦' કારપેટ, પાંચમે માળે, બે પાર્કિંગ (એક કવર્ડ). સંપર્ક: ૯૮૨૦૫૩૦૮૯૩ દલાલ માફ. (૧૫૮૬૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**
એસ.વી. રોડ ફર્નિશ્ડ 2 BHK ફ્લેટ વેચવાનું છે 2.65 Cr. 7498921336. (જેપી/ ૪૯૮૭-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી એક બેડરૂમ 485 - 517 ફુલ્લી - ફર્નિશ્ડ, પાર્કિંગ, બે બેડરૂમ 705 ફુલ્લી ફર્નિશ્ડ, બે પાર્કિંગ 600-640-715, ત્રણ બેડરૂમ 850 - 960 - 1015, ચાર બેડરૂમ 1200 થી 1400, ત્રણ બેડરૂમ જોડી 2100 લીવલાયસંસથી, બે બેડરૂમ 650, ત્રણ બેડરૂમ 1025 - 1200 ''જ્યોતિ એસ્ટેટ'' 9029335133, 9323523535. (૧૫૮૬૮/એ)**

MahaRERA Registration No. P51800045951 available on https://maharera.mahaonline.gov.in MahaRERA QR
**GHATKOPAR EAST**
NEELSIDHI JAYBANDHU
ON 90 FEET ROAD
3 BHK LUXURY FLATS
₹ 3.19 CR*. ONWARDS *T & C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305
(B-15783)

**3 બેડરૂમ**
બથિયા બિલ્ડિંગ 2, વિજય સેલ્સ પાછળ બોરીવલી (વેસ્ટ) 2.65 કરોડ નવું બિલ્ડિંગ, હિમાલય સ્કૂલની બાજુમાં, રેડી લેવા ભરતભાઈ 9821061741 / 9619191741. (જેપી/ ૪૯૮૭-ડી)

**''ફ્રી...''**
**''શ્રીજી'' - 2 બેડ 724' કાર્પેટ, ફક્ત 3.99 બધુ મળીને + 51 ગ્રામ રોલેક્સ ગોલ્ડ ઘડિયાળ કપલ માટે. રેડીમાં લેવા : 9322792882. (૧૫૮૬૭-સી)**

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 850' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ. 4,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૪૭/ડી)

**ગામદેવી**
3 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કિંગ - સી.વ્યુ. 5,0000000/- નેગોશીએબલ - 9820068382. (૧૫૩૪૭/ડી)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૪૭/ડી)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - પાર્કિંગ - ગેરેજ - 6,10,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/સી)

**તારદેવ**
2 બેડરૂમ - 752' - કાર્પેટ - પાર્કિંગ - 3,75,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/સી)

**વાલકેશ્વર**
2 બેડરૂમ - 920' - 2 પાર્કીંગ- સી.વ્યુ. 6,10,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૪૭/સી)

**નાનાચોક**
1 બેડરૂમ - 400' - કાર્પેટ- પાર્કીંગ- 1,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/બી)

**કેમ્પ્સ કોર્નર**
2 બેડરૂમ - 500' - કાર્પેટ- પાર્કીંગ-ફરનીસ્ટ 3,00,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/બી)

**ગામદેવી**
2 બેડરૂમ - 825' - કાર્પેટ- પાર્કીંગ- 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/બી)

**મલબાર હીલ**
3+4 બેડરૂમની જોડી- 3500' - કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ- સી. ફેસીંગ- ફરનીસ્ટ 30,00,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૪૭/એ)

**રીઝ રોડ**
6 બેડરૂમ- 3500' - કાર્પેટ- પાર્કીંગ- સી. ફેસીંગ+ ટેરેસ- 35,00,00000/= શાહ - 9820068382. (૧૫૩૪૭/એ)

**નાનાચોક**
પેન્ટહાઉસ- 7 બેડરૂમ- 7500'- 5 - પાર્કીંગ- સી. ફેસીંગ ગ્રીનરી બેરસેલ- શાહ - 9820068382. (૧૫૩૪૭/એ)

**DADAR EAST, BIG LAUNCH**
**Main Highway Ramp Parking All amenities, Play area, Group Booking Offers 2 Bed 3.5 to 4 Cr. 9769884999. (B-15877)**

**VILEPARLE (EAST)**
Azad Road 2 BHK 525' - Higher Floor with Parking 1.70 Cr., 2 BHK - 650' Parking 2.20 Cr., 3 BHK - 1025' 2nd Floor Parking 3.20 Cr., Navkar Estate - 9619674640. (JP/4984-C)

**CHEMBUR (EAST)**
For Sale Near Jain Derasar, 3 BHK Independent Villa, Plot: 188 mtr, Constructed 3,100' with Shops of 375' & 400', only 6 Cr. Call: 8080242422. (15343/E)

**TARDEO-SALE**
3 BHK New Building, Higher Floor, area 1800', Furnished, 2 Parking, 9 Cr. "Agarwal" 9821231619. (15824-F)

## ૧૭. જગ્યા આપવી છે

**WALKESHWAR - SALE**
Full Sea-View 4 BHK- 1800' area, Furnished, 2 Parking, 13 Cr. "Agarwal" 9821231619. (15824-G)

**WORLD TOWER**
For Rent Lower Parel 4 BHK - Higher Floor - Furnished - 3 Parking Ready Poss. Per Month 7 Lac. "Agarwal" 9821231619. (15827-D)

**WORLI NAKA**
Ansal Height, 3.5 BHK 7.25 Cr. Value Deal, 1450+ Carpet, Balcony, Higher Floor, 2 Parkings. 7738894300 / 9326410411. (15825-C)

**SOUTH MUMBAI**
Peddar Road, Breach Candy, Malabar Hill, Walkeshwar, Worli, Prabhadevi 1, 2, 3, 4 BHK Sale, L&L, Ready & Under-construction. - 9892710071 / 9619048555. (B-15819)

WE ARRANGE TO BUY / Sale / Rental Ownership Premises, Properties, NA Plots, Agricultural Land, Factory Sheds, Bungalows, Houses in Silvassa / Daman / Surat / Mumbai / Pune. Also available Ownership Flats 1 to 4 BHK in Valsad from 12 Lakhs to 45 Lakhs. Agent: 9821565546 Brokerage side by side welcome. (SA/2618-A)

**MIRA ROAD**
East. Ramdev Park. Available Row House. Ground Floor + 2 Stories. 1400' + 300 Varanda, Two Terrace, 3 Washrooms, 2 Parking, Registered Society, Low Maintenance, Ready Possession. Asking Cost Rs. 200 Lacs. Full Cheque Ok. Call Owner: 9987763404. (15864/B)

**DISTRESS SALE BHIWANDI**
**Prime Location, Pre-Leased, Entire Floor, 4 Flats of Total 2210' Feet for Sale @ 60 Lakhs. Nilesh - 9321690977. (15865/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**CHURCHGATE TO HAJIALI**
**Require 1/1.5 BHK maintain Flat on Outright with Parking from Oval Maidan to Golden Triangle Babulnath, Nana Chowk to Hajiali. Chirag Shah 9867310366. (B-15890)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ**
એરિયા ૬૦૦, ગ્રાઉન્ડ ફ્લોર. સસેક્સ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ૬૦૦ & ૭૦૦. બન્ને લીવ લાઇસન્સ પર આપવાના છે. પાણી, પાવર સાથે. ઓફિસ, ફેક્ટરી, ગોડાઉન માટે ખાસ લાયક. જીતુભાઇઃ 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૫૭૦)

**વસઈ**
ગૌરાઈપાડા, ચીંચપાડા, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલે માળે, ભાડે લાગેલા હેવી ઇંડસ્ટ્રિયલ ગાળા વેચાણમાં, દલાલ આવકાર્ય - રાહુલ નાગડા - 9821306110. (જેપી/૪૯૮૧-બી)

**વસઈ (ઈસ્ટ)**
**સાતીવલી, એનએચ 48, ઈન્ડસ્ટ્રીઅલ ગાળા 727' થી 4609' (RC) ગ્રાઉન્ડ, પહેલા, બીજા માળે, 16' હાઈટ, 1.5 ટન લીફ્ટ, OC. 8850050642 / 7304665227. (૧૫૮૪૦-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ ભાડેથી ઉપલબ્ધ**
કાલાઘોડા 300 સ્કે. ફીટ નરીમન પોઈન્ટ 1800 સ્કે. ફીટ, ચકાલા અંધેરી પૂર્વ 2000 સ્કે. ફીટ. એસ્ટેટ એજન્ટ મેઘ પ્રકાશ શાહ - 9870032042. (બી-૧૫૮૭૪)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી પશ્ચિમ**
દહાણુકરવાડી લિંક રોડ પાસે ૩ દુકાનો વેચવાની. રેડી પઝેશન ઓસી ૮૧૦૦૦/- ભાવ, કાર્પેટ ૩૨૨', ૪૩૩', ૧૦૦૦' ફૂટ. ઓનરઃ ૯૮૧૯૮૨૭૭૧૪. (બી-૧૫૮૦૪)

**વિલેપાર્લા (ઈસ્ટ)**
**મેઈન માર્કેટમાં, ભવ્ય દુકાનો, 277' - 1020' કાર્પેટની (સેલ્ફ કન્ટેન્ડ) 14' હાઈટ, વેચાણથી. 9769605225. (૧૫૮૨૦-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
કૈલાસ પ્લાઝામાં ૧૬૫' ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી/ વેચાણથી લેવા ઓનર- ૯૩૨૨૭૪૪૮૮૩. (બી-૧૫૮૮૬)

**ઓપેરા હાઉસ**
દુકાન (૨૫૦+૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૪૦ લાખ (નગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૭૪)

**અંધેરી વેસ્ટ**
(1) 6500 કાર્પેટ શોરૂમ ગ્રાઉન્ડ ફ્લોર શોપર્સ સ્ટોપની સામે વેચાણથી મળશે પઝેશન 1 વર્ષ (2) 300 કાર્પેટ દુકાન ભાડેથી ઓબેરોય સ્કાય સિટીની સામે, એટેચ ટોયલેટ. (3) 2500 કાર્પેટ ફર્નીશ્ડ ઓફીસ વેચાણથી 3 પાર્કિંગ સાથે બોરીવલી વેસ્ટ (4) 3700 + 3700 કાર્પેટ કોમર્શીયલ ઓફિસ ભાડેથી દહિંસર ઈસ્ટ નોર્ધમ હાઈટ્સ (5) 1000 કાર્પેટ ફર્નીશ્ડ ઓફિસ ભાડેથી 150000, LT રોડ, બોરીવલી વેસ્ટ. શ્રી સંભવનાથ રિયલટર્સ 9820076455/ 8369122078. (૧૫૮૫૭-એ)

**''ગ્રાન્ટરોડ ઈસ્ટ સ્ટેશન રોડ''**
**શોરૂમ ભાડેથી- 1800' કાર્પેટ- (850' ગ્રાઉન્ડ + 950' મેઝેનાઈન): 9821030892. (૧૫૮૬૬-એ)**

**PEDDAR ROAD**
Doctor House Opp Jaslok full floor 2800 sqft 14 Cr. 4 Parking Outright & Lease 9892710071 Owner 9619048555. (B-15818)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2567)

**ANDHERI (WEST)**
**Shop for Sale Four Bungalows Main Market, Road Facing, Area - 275 Carpet with good frontage. 9820031682 / 7498442927. (B-15871)**

**PRE LEASED BANKS**
**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

## ૨૩. મનોરંજન

**''કપલ ગ્રુપ'' પાર્લામાં અને બોરીવલીમાં**
**ફક્ત શુક્રવાર, શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસે, દીનાનાથ / પ્રબોધન ઠાકરે હોલમાં વર્ષના ૬ ફીક્ષ સીટ સાથે જાજરમાન સુરીલા કાર્યક્રમ, વિશેષ ઓફર, ૬ કપલ મેમ્બર્સ, અથવા ૬-૬ સિંગલ મેમ્બર્સને તેમની સાથે ૧ કપલ અથવા ૧ સિંગલ મેમ્બરશિપ ફ્રી. છઠ્ઠા વર્ષની કપલ તેમજ સિંગલ મેમ્બરશિપ માટે સંપર્ક. 9821153026 / 9870754037. (૧૫૮૨૫-એ)**

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

## ૨૫. શૈક્ષણીક

**ઘેર બેઠા ગ્રેજ્યુએટ**
10th, 12th, ગ્રેજ્યુએશન, MBA, જોબ, સ્ટડી એબ્રોડ 8369756947. (૧૫૮૨૦-એ)

## ૩૧. નાણાંકીય

■ **શેરબજાર તથા ફોરેક્સમાં રોબર્ટ ટ્રેડિંગ દ્વારા સારું વળતર મેળવો - 8758768118. (બી-૧૫૮૬૨)**

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**મકાન જોઈએ છે**
ફાઉન્ટન, કોલાબા, ઓપેરાહાઉસ, મેટ્રો, ગામદેવીમાં ભાડુત સાથે/ વગર. સંપર્ક મહેશ શાહઃ 9820253026/ 23422261. (એસડીબીજી-૨૫૬૬)

**LEASE PROPERTY**
Opportunity to rent premises with provisions of Stretcher Lift + Staircase with Ambulance Parking Ideal for
**HEALTH CARE PURPOSE**
Clinic / Diagnostic Centre / Day Care Facilities
Area 3000 Sqft. Ground + 1st Floor 10 Exclusive Car Parking Space
S.V. Road, Borivali (W), Outside Borivali Station
For Details & Inspection
dm.realty01@gmail.com 83695 40301
(B-15897)

પહલગામ હુમલોઃ

# એનઆઈએની ટીમ પુણે પહોંચી

મુંબઈઃ પહલગામમાં આતંકવાદીઓએ પર્યટકો પર કરેલા હુમલામાં મૃત્યુ પામેલા પુણેના રહેવાસી સંતોષ જગદાળેના ઘરે શુક્રવારે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની ટીમ તપાસ માટે ગઇ હતી. એનઆઇએના ચાર સભ્યની ટીમે શુક્રવારે પુણેના કર્વેનગર વિસ્તારમાં સંતોષના ઘરે જઇને તેના પરિવારજનોની પૂછપરછ કરી હતી. એનઆઇએની ટીમે ગુરુવારે ડોંબિવલી પશ્ચિમમાં ત્રણ કઝિન અતુલ મોને, હેમંત સુભાષ જોશી અને સંજય લક્ષ્મણ લેલેના ઘરની મુલાકાત લીધી હતી અને તેમના પરિવારજનો સાથે વાતચીત કરી હતી. આ ત્રણેય જણે પણ પહલગામના હુમલામાં જીવ ગુમાવ્યો હતો. કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં પહલગામ ખાતે મંગળવારે બપોરે આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. (પીટીઆઇ) ■

## ૩૨. જમીન-મિલકત



(B-15879)

**બંગલો વેચવો છે**
**ગ્રાઉન્ડ + બે માળ, ૫૩૩૫ સ્કવેર ફુટ, પાબળ, જિલ્લો પુને, તીર્થ સ્થાન મણીભદ્ર મંદિર, પાબળ પાસે, સંપર્કઃ 98205 47686. (બી-૧૫૮૯૧)**

**PLOT FOR SALE**
**Ghatkopar (West) 10 minutes walking distance from Station. 10,400 sq. feet Freehold Plot. Bhatt Wadi, Clear Title. Very good for Ownership Project. Plot Possession in 3 months M-8591977078 / 8108119801. (B-15851)**

FREEHOLD AGRI LAND available in Prime Locations with Developments around Nr. Nashik as investment. Ph: 9890443322. (B-15885)

IN SAPUTARA HATGAD, Final NA Plots with Separate 7/12 immediately for Sale. Contact - Magare Sir 9421520090. (B-15875)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૮૪૮)

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10%નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨ / ૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

■ **દુબઈ તથા બેંગકોકમાં નવા બિઝનેસના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૧)**

**મેડીક્લેમ**
**શું આપ બિમારીથી પરેશાન છો? મેડિક્લેમ પોલીસી નથી તો આપની નવી મેડિક્લેમ પોલીસી કરીશું તેમજ આપની જૂની પોલીસી સારી કંપનીમાં પોર્ટ કરીશું. (NO AGE LIMIT). 9321155433/ 9004165442. (૧૫૮૬૧/સી)**

**"WILL - VASIYATNAMU"**
**Married Females have right in Father's Property. Make your Will.: 9594385838, 9819545656. (15867/A)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મ તારીખ ડાયલ કરો**
**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

**શ્રીનાથજી જ્યોતીષ**
**(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુ:ખ, સૌતનદુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-સી)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૮૩૪-સી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**પ્રકાશ કન્સ્ટ્રકશન**
બિલ્ડિંગ રીપેરીંગ, ટેરેસ, આઉટસાઈડ વોલ, ક્રેક ફિલિંગ, પેરાપીટ વોલ, બંગલો, ફ્લેટ, વોટર પ્રુફિંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટિંગ, વ્યાજબી ભાવે કરીશું. 9320210293/ 9326206280. (૧૫૭૬૮-એ)

**લીકેજ બંધ**
સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (બી-૧૫૮૮૦)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**વજન ઘટાડો**
ફેન્સી ફૂડથી નહીં! કે નહીં દવાઓથી! ફક્ત ઘરના ભોજનથી જ. 8369042634/ PureSpoon.in (બી-૧૫૮૮૮)

## ૫૦. વેચવાનું છે

■ CFM ડીબરીંગ પોલિશીંગ મશીન જૂનું વેચવું છે. સંપર્ક 9324203462. (બી-૧૫૮૮૨)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

# ભારત-પાક સરહદી તણાવ વધવાની ભીતિ હેઠળ સતત બીજા સત્રમાં સેન્સેક્સ-નિફ્ટીમાં પીછેહઠ

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૯૫૨.૩૩ કરોડની લેવાલી રહેતાં મોટો ધબડકો અટક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં મોટી કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા અથવા તો રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવાની ભીતિ હેઠળ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત બીજા સત્રમાં જળવાઈ રહેલું વેચવાલીનું દબાણ અને હેવી વેઈટ એક્સિસ બૅન્કના શૅરોમાં વેચવાલીનું દબાણ વધતાં એક તક્કે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનાં ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૯૫.૬૨ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૯૮.૮૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૯૫૨.૩૩ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૫૩૯.૮૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી સત્રના અંતે સેન્સેક્સ ૫૮૮.૯૦ પૉઈન્ટના અને નિફ્ટી ૨૦૭.૩૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે નફારૂપી વેચવાલી તથા રાજકીય-ભૌગોલિક તણાવ વચ્ચે બે સત્રમાં સેન્સેક્સમાં ૯૦૩.૯૬ પૉઈન્ટ અથવા તો ૧.૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હોવાથી બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન (રોકાણકારોની સંપત્તિ) રૂ. ૮,૮૮,૯૭૫.૧૪ કરોડનાં ધોવાણ સાથે રૂ. ૪,૨૧,૫૮,૯૦૦.૯૧ કરોડ (૪.૯૩ ટ્રિલિયન ડૉલર)ની સપાટીએ રહ્યું હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૯,૮૦૧.૪૩ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૯,૮૩૦.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૮,૬૦૫.૮૧ અને ઉપરમાં ૮૦,૧૩૦.૬૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૭૪ ટકા અથવા તો ૫૮૮.૯૦ પૉઈન્ટ ઘટીને ૭૯,૨૧૨.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૦૮૪ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૬૮૯ શૅરના ભાવ વધીને, ૩૨૮૫ શૅરના ભાવ ઘટીને અને ૧૧૦ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૫૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૪૦ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા તથા છ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

વધુમાં આજે એનએસઈ બૅનચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૨૪૬.૭૦ના બંધ સામે સુધારાના વલણ સાથે ૨૪,૨૮૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૮૪૭.૮૫ અને ઉપરમાં ૨૪,૩૬૫.૪૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૮૬ ટકા અથવા તો ૨૦૭.૩૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૪,૦૩૯.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

આમ ભારત-પાક વચ્ચે સરહદી તણાવ વધતાં ખાસ કરીને સ્મોલકેપ અને મિડકેપ શૅરોમાં વેચવાલીનું દબાણ અને તાજેતરમાં જાહેર થયેલા પરિણામોને ધ્યાનમાં લેતા આગામી જાહેર થનારા પરિણામો અંગેની ચિંતા સપાટી પર આવતા રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા બૅન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વધુમાં દેશની ખાનગી ક્ષેત્રની અગ્રણી બૅન્ક એક્સિસ બૅન્કે તેનાં જાહેર કરેલા પરિણામોમાં ધિરાણોમાં નુકસાનીની જોગવાઈઓમાં વધારો કર્યો હોવાથી તેમ જ બૅન્કના નફામાં ઘટાડો થયો હોવાથી તેનાં શૅરોમાં વેચવાલીનું દબાણ વધુ રહેતાં બૅન્ચમાર્કની પીછેહઠને ઢાળ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝનાં ચીફ એક્ઝિક્યુટિવ અજય ગર્ગે જણાવ્યું હતું કે આજે નિફ્ટી સુધારાના અન્ડરટોને ખૂલ્યો હોવા છતાં ભારત-પાક વચ્ચેનાં જણાવને કારણે પીછેહઠ જોવા મળી હોવા છતાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી અને અમેરિકા સાથેની વેપારની વાટાઘાટો સફળ રહે તેવા આશાવાદે નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી જાળવી રાખી છે.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી સાત શૅરના ભાવ વધીને અને ૨૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૧.૩૬ ટકાનો સુધારો ટીસીએસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટૅક મહિન્દ્રામાં ૧.૦૬ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ઈન્ફોસિસમાં ૦.૬૦ ટકાનો, ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૦.૩૨ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૦.૨૭ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૧૬ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૩.૬૧ ટકાનો ઘટાડો અદાણી પોર્ટ્સમાં નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે એક્સિસ બૅન્કમાં ૩.૪૮ ટકાનો, ઈટર્નલમાં ૩.૪૧ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૨.૮૫ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૨.૫૬ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૨.૦૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે બીએસઈ ખાતેનાં સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સર્વિસીસ ઈન્ડેક્સમાં ૩.૧૧ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૨.૯૬ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૨.૮૭ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૨.૭૭ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૨.૮૮ ટકાનો, ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૨.૧૯ ટકાનો અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૨.૦૬ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે માત્ર આઈટી અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ જ સુધારાતરફી રહ્યા હતા. આજે એશિયન બજારમાં દક્ષિણ કોરિયા, ટોકિયો અને હોંગકોંગની બજાર સુધારાના અન્ડરટોને બંધ રહી હતી અને શાંઘાઈની બજારમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૦ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૬.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ચોથા ત્રિમાસિકગાળામાં મારુતિ સુઝુકીનો નફો એક ટકા ઘટ્યો

નવી દિલ્હી: ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિકગાળામાં મારુતિ સુઝુકી લિ.નો કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો આગલા વર્ષનાં સમાનગાળાના રૂ. ૩૯૫૨ કરોડની સરખામણીમાં એક ટકો ઘટીને રૂ. ૩૯૧૧ કરોડની સપાટીએ રહ્યો હોવાનું આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કુલ આવકો આગલા વર્ષના સમાનગાળાના રૂ. ૩૮,૪૭૧ કરોડ સામે વધીને રૂ. ૪૦,૯૨૦ કરોડની સપાટીએ રહી હતી. જોકે, ગત સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫માં કંપનીનો ચોખ્ખો નફો આગલા નાણાકીય વર્ષનાં રૂ. ૧૩,૪૮૮ કરોડ સામે ૭.૫ ટકા વધીને રૂ. ૧૪,૫૦૦ કરોડની સપાટીએ અને કંપનીની આવકો આગલા નાણાકીય વર્ષના સમાનગાળાના રૂ. ૧,૪૧,૮૫૮ કરોડ સામે વધીને રૂ. ૧,૫૨,૯૧૩ કરોડની સપાટીએ રહી હતી. આજે કંપનીનાં પરિણામોની જાહેરાત પશ્ચાત્ બીએસઈ ખાતે કંપનીના શૅરના ભાવ આગલા બંધ સામે ૦.૫૮ ટકા ઘટીને શૅરદીઠ રૂ. ૧૧,૮૩૧.૪૦ આસપાસ ક્વૉટ થયા હતા, જ્યારે સત્રના અંતે ભાવ આગલા બંધ સામે ૧.૮૧ ટકા ઘટીને રૂ. ૧૧૬૮૫.૯૦ના મથાળે બંધ રહ્યા હતા.

### એસ્કોર્ટસ ક્યુબોટા મે મહિનાથી ટ્રેક્ટરના ભાવ વધારશે

નવી દિલ્હી: કૃષિ અને બાંધકામ ક્ષેત્રના ઈક્વિપમેન્ટ બનાવતી કંપની એસ્કોર્ટસ ક્યુબાએ આજે જણાવ્યું હતું કે આગામી મહિનાથી ટ્રેક્ટરના ભાવમાં વધારો કરવામાં આવશે.

કંપનીનું એગ્રી મશીનરી બિઝનેસ વિભાગ ક્યુબોટા બ્રાન્ડ સિવાયના ટ્રેક્ટરના ભાવમાં પહેલી મે, ૨૦૨૫થી વધારો કરશે, એમ કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું.

આ ભાવવધારો તમામ મૉડેલ/વેરિએન્ટ્સમાં તેમ જ ભૌગોલિક સ્થળો અનુસાર કરવામાં આવશે, જોકે કંપનીએ કેટલી માત્રામાં ભાવવધારો કરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નહોતી કરી. તેમ છતાં આ જાહેરાત પશ્ચાત્ બીએસઈ ખાતે કંપનીના શૅરના ભાવ ૧.૧૬ ટકા વધીને શૅરદીઠ રૂ. ૩૩૪૯.૭૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સત્રના અંતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને રૂ. ૩૩૮૨.૦૫ ના મથાળે રહ્યા હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૨૬ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે વેપારો છૂટાછવાયા રહ્યા હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા.


**પબ્લિક નોટિસ**

હું નીચે સહી કરનાર હિરલ ચેતન મર્ચંટ અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં દર્શાવેલ મિલકતની બાબતમાં લેસર છું. નિરંજના કુલીન મર્ચંટ, તે શ્રી કુલીન ભગવાનદાસ મર્ચંટના વિધવા જેમને ટ્રસ્ટ નામે બ્રિજકોરબાઈ ભગવાનદાસ ટ્રસ્ટ પાસેથી સોંપણી દ્વારા નીચે દર્શાવેલ મિલકત વિતરિત કરાયેલ તેમના તા. ૨૭ જૂન ૨૦૨૪ના બોમ્બે હાઈકોર્ટ દ્વારા મંજૂર કરાયેલ પ્રોબેટ દ્વારા નીચે દર્શાવેલ મિલકત મારી તરફેણમાં ટ્રાન્સફર કરવામાં આવી છે.

મેં નીચે દર્શાવેલ મિલકતની તે જ આશા દીપ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડની તરફેણમાં રદ્ (ટર્મિનેટ) કરેલ હોવાથી મારી જાણમાં આવેલ છે કે કેટલીક સંસ્થાઓ અહીં નીચે લખેલ મિલકતના વિકાસ હક્કો સંપાદીત કરવા માટે તેની ડિલિંગ કરી રહી છે. કોઈપણ શખ્સ/સો, કંપની, ભાગીદારી, ટ્રસ્ટ, વ્યક્તિઓનું સંગઠન અથવા સમાન એકમ મને બાકાત રાખી તેની લેતી દેતી અને/કે કોઈપણ પ્રકારના લખાણ કરશે તો તે તેના પોતાના જોખમે તે અંગેના ખર્ચે અને પરિણામોના ભોગે તેમ કરશે અને વધુમાં આવી લેતી દેતી/લખાણ જે મને બાકાત રાખી કરેલ હશે તે શરૂઆતથી જ નિરર્થક ગણાશે જેની કૃપયા નોંધ લેશો.

**પરિશિષ્ઠ**

બંગલો અને સ્ટેબલ ૨૦૧૦ ચોરસ વાર એટલે કે ૧૬૩૦.૬૧૫ ચો.મી. અને ૨૦૩૩ ચોરસ વાર એટલે કે ૧૬૯૯.૨૮૯ ચો.મી. સાથે જમીનનો પ્લોટ ડુંગરસી રોડ, વાલકેશ્વર, મુંબઈ ખાતે નોંધણી જીલા અને પેટા જીલા મુંબઈ શહેર અને ઉપનગરમાં મલબાર અને કંબાલા હીલ ડિવિજનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૭૯ ધરાવે છે જે ડી વોર્ડ નં. ૩૧૪૦ અને ૩૧૪૧ તથા ૩૧૪૨ હેઠળ મ્યુનિસિપલ ટેક્ષીસના એસેસર અને કલેક્ટર દ્વારા આકારાયેલ છે અને સ્ટ્રીટ નં. ૨૩ અને ૨૩(૧) ધરાવે છે.

આજ તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૨૫

સહી/-
શ્રીમતી હિરલ ચેતન મર્ચંટ,
મેરેથોન આઈકોન, ૬ઠ્ઠો માળ,
ઓફિસ નં. ૬૦૬,
ઓફ ગણપતરાવ કદમ માર્ગ પાસે,
લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩.

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**જાહેર ખુલાસો**

ગઈકાલના તા. ૨૫.૪.૨૦૨૫ મુંબઈ સમાચારમાં પાના નં: ૧૩ પર અમારા તરફથી છપાયેલ **શિવ નિર્મલ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડની પબ્લિક નોટિસના** પ્રથમ ફકરામાં એમ લખવામાં આવ્યું છે કે **તેના પર વધુ બાંધકામ ન કરવા સામે કાયમી મનાઈ હુકમ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.** જે ભુલથી લખાયેલ છે. **ન્યાયાલયે એ પ્રકારનો મનાઈ હુકમ આપ્યો નથી.** એને બદલે **તેના પર વધુ બાંધકામ ન કરવાનો આદેશ મેળવવા માટે દાવો કરવામાં આવ્યો છે જેનો દાવો પેન્ડિંગ છે એમ વાંચવું.**

સહી/-
નીલ અનિલ ગાલા
વાદીના વકીલ

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સીસીટીવી અને બાયોમેટ્રિક પૂરું પાડવું અને ટેલિકોમ સુવિધાઓની જોગવાઈ**

**ટેન્ડર આમંત્રણ નોટિસ નં. – DRM-SnT-ADI-Tele01 OF 25-26.** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યકારી DRM/S એન્ડ T ટેન્ડર નં. DRM-SnT-ADI-Tele01 OF 25-26 સામે ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે બંધ થવાની તારીખ 22.05.2025, 15:00 બિડર્સ તેમની મૂળ / સંશોધિત બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ જમા કરાવી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઑફરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **(1) કામનું નામ:** (1) સિગ્નલ વર્કશોપ સાબરમતી ખાતે સીસીટીવી અને બાયોમેટ્રીક ની જોગવાઈ (2) LC ગેટ્સ ખાતે સીસીટીવી ની જોગવાઈ (3) નવી NOCC બિલ્ડીંગ માટે ટેલિકોમ સુવિધાઓની જોગવાઈ. **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 74712807.17/- (સાત કરોડ સુડતાળીસ લાખ બાર હજાર આઠસો સાત અને સત્તર પૈસા માત્ર). **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 523600.00/- (પાંચ લાખ ત્રેવીસ હજાર છસો માત્ર). **(4) બંધ થવાની તારીખ અને સમય:** 22.05.2025 ના 15:00 કલાકથી મોડા નહીં. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 22.05.2025 ના રોજ 15:30 કલાકે ખુલશે. **(6) ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ:** www.ireps.gov.in 022

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# ડૉલર સામે રૂપિયો આઠ પૈસા નરમ

મુંબઈ: જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કાર્યવાહીની શક્યતાને ધ્યાનમાં લેતા રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો ૨૫ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો આઠ પૈસાના ઘટાડા સાથે ૮૫.૪૧ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૩૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૧૭ની સપાટીએ ખૂલયા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૫ અને ઉપરમાં ૮૫.૦૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસા ઘટીને ૮૫.૪૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા વધીને બંધ રહ્યો હતો. તાજેતરમાં રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવાથી અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળતા રૂપિયો ૮૫થી ૮૫.૯૦ની રેન્જમાં જોવા મળી શકે છે. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં આંતરપ્રવાહ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા વધીને ૯૯.૬૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૮૮.૯૦ પૉઈન્ટનો અને ૨૦૭.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

### અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર હળવું થવાના આશાવાદે વૈશ્વિક સોનામાં પીછેહઠ

# સ્થાનિકમાં સોનું ₹ ૬૫૫ તૂટ્યું, ચાંદીમાં ₹ ૫૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચીન અમુક અમેરિકી ઉત્પાદનોને ટૅરિફમાંથી મુક્તિ આપવા બાબતે વિચારણા કરી રહ્યું હોવાના અહેવાલો વહેતા થતાં ટ્રેડ વૉર હળવું થવાના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવ અનુક્રમે ૧.૫ ટકાનો અને ૧.૩ ટકા તથા ચાંદીના ભાવ ૦.૮ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૨થી ૬૫૫નો ઘટાડો આવ્યો હતો અને શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૬,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા, જ્યારે ચાંદીમાં વિશ્વ બજારથી વિપરીત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૫૦નો સાધારણ સુધારો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સની માહિતી અનુસાર આજે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ સાધારણ કિલોદીઠ રૂ. ૫૦ના સુધારા સાથે રૂ. ૯૭,૬૮૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૨ ઘટીને રૂ. ૯૫,૨૪૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫૫ ઘટીને રૂ. ૯૫,૬૩૧ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે ચીને અમેરિકી ઉત્પાદનો પર લાદેલી ૧૨૫ ટકા ટૅરિફમાંથી અમુક ઉત્પાદનોને બાકાત અથવા તો ટૅરિફમાંથી મુક્ત રાખવા અંગે વિચારણા કરી રહ્યું હોવાથી બીજિંગ પણ સંભવિત ટ્રેડ વૉરથી આર્થિક સ્થિતિ કથળે તેનાથી વાકેફ હોવાનું ફલિત થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૯૬.૧૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા ઘટીને ૩૩૦૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. વધુમાં ચીને ટ્રેડ વૉર હળવું કરવા માટે અમેરિકા સાથે કોઈ ચર્ચા નથી થતી એવા કરેલા દાવા સામે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીન સાથે વેપાર અંગે વાટાઘાટો થઈ રહી હોવાનું જણાવ્યું હતું. એકંદરે ચીન અમુક અમેરિકી ઉત્પાદનોને ટૅરિફમાંથી મુક્તિ આપવા વિચારણા કરી રહ્યું છે, જે એક સકારાત્મક બાબત હોવાનું જણાતા આજે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ હળવી બની હોવાનું આઈજી માર્કેટના વિશ્લેષક ચીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ચીનનાં વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે જો અમેરિકા ખરેખર વિવાદનો ઉકેલ લાવવા ઈચ્છતું હોય તો તેમણે ચીન સામે લાદેલા રેસિપ્રોકલ ટૅરિફ સહિતનાં પગલાં દૂર કરવા જોઈએ.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૩૮નો ચમકારો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીનો છૂટોછવાયો ટેકો મળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૮નો અને રૂ. છનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ધીમો સુધારો આવ્યો હતો. આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૮ વધીને રૂ. ૨૭૯૪ અને રૂ. છ વધીને રૂ. ૧૩૭૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર્ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે એલ્યુમિનિમય ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૪૦ અને રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ નિરસ માગને કારણે આજે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૬૬ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્કેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા.

# દેશી-આયાતી તેલમાં ઉછાળા

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં બાવીસ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૭૪ સેન્ટનો ઉછાળો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં અને દેશી તેલમાં માત્ર સરસવને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં ઉછાળા જોવા મળ્યા હતા. તેમ જ આજે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હોવાથી સેલરિસેલ તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે પણ છૂટાછવાયા વેપાર ગોઠવાયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ તથા સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને એએનએ, ગોલ્ડન એગ્રી તથા રૂચીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૭૦, રૂ. ૧૨૭૫ અને રૂ. ૧૨૮૦થી ૧૨૮૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ થયા હતા.


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સાઇડ પાથવે પૂરો પાડવો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 02 વર્ષ 2025-26 તારીખ 24.04.2025; (1) ઈ-ટેન્ડર નં.: DYCE-BR-ADI-02-2025-26; કામનું નામ:** (1) અમદાવાદ વિભાગ: સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ બેલેન્સ સ્ટીલ બ્રિજ પર સાઇડ પાથવે અને નિરીક્ષણ પારણું પૂરું પાડવું અને (2) ભાવનગર વિભાગ: સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) જૂનાગઢના અધિકારક્ષેત્ર હેઠળ પુલ નં. 10, 9, 3, 6, 10, 11, 16, 17, 18, 26, 29, 32, 35, 65, 66, 73, 63, 114, 10 (MG) અને 11 (MG) પર સાઇડ પાથવે પૂરો પાડવો અને (3) રાજકોટ વિભાગ: સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ પુલ નં. 13DN, 22DN, 144, 339, 379, 390, 391, 225 UP/DN અને 504 પર સાઇડ પાથવે પૂરો પાડવો; **અંદાજીત એનઆઈટી ખર્ચ:** ₹ 18,83,94,566.38/-; **બિડ સુરક્ષા ખર્ચ / EMD:** ₹ 10,92,000.00/-; **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 27/05/2025 ના 15:00 ક્લાકે; ઓફિસનું સરનામું: ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત - 380 016; ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે **વેબસાઈટ:** www.ireps.gov.in 020

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ – ટ્રાન્સપોર્ટ
પૂર્વિય પરાં
નં. EE / Tr. / ES / ૫૯૦ / SWM તા. ૨૪.૦૪.૨૦૨૫
ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (BMC) નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ & ઈ-બીડ નં. | બાના રકમ ડિપોઝીટ (રૂ.) | ટેન્ડર ફી (રૂ.) | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | એક્ષી. એન્જિ. (ટ્રાન્સપોર્ટ) E.S. હેઠળ પંતનગર અને ગેરેજ ખાતે વહીવટી ઓફિસ બિલ્ડિંગની જાળવણી અને હાઉસકીપિંગ. ટેન્ડર ID:- ૨૦૨૫_MCGM_૧૧૭૭૧૩૮ | ૨૬,૦૦૦/- | ૭૨૬૦/- + ૧૮% GST | ૨૬.૦૪.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. | ૦૩.૦૫.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. |
| ૨ | ભૂસ્ખલન આપત્તિમાં હાજરી આપવા માટે ૨૦૨૫ના ચોમાસાની મુદત દરમિયાન બૃહન્મુંબઈના પૂર્વિય પરામાં N.D.R.F. તૈનાત ટીમના ઉપયોગ માટે ભાડાના ધોરણે ક્લોઝ બોડી ટ્રક વાહનોની ૨ નં.ની જમાવટ. ટેન્ડર ID:- ૨૦૨૫_MCGM_૧૧૭૭૧૪૦ | ૨૫,૦૦૦/- | ૩,૬૩૦/- + ૧૮% GST | ૨૬.૦૪.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. | ૦૩.૦૫.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. |

ટેન્ડર નકલ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (https://mahatenders.gov.in/) પરથી ડાઉનલોડ કરી શકાય છે તેમજ ટેન્ડર નકલ BMCની પોર્ટલ વેબસાઈટ (http://portal.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર (Tr.) E/S

PRO/215/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ વિદ્યુત કાર્ય અને પાણીની વ્યવસ્થા, એર-કન્ડિશનિંગની જોગવાઈ અને રૂફટોપ આધારિત સોલાર પ્લાન્ટ્સ ની સ્થાપના**

**ઈ-ટેન્ડર - નોટિસ નં. Sr. DEE/ADI/05 (25-26) તા. 24.04.2025**

| અનુ નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત ખર્ચ | ઈએમડી |
|---|---|---|---|---|
| 1. | EL-50-1-ADI-T-05-2025-26 | અમદાવાદ ડિવિઝન: 05 સ્ટેશનો - તલોદ, નાંદોલ, દહેગામ, પાટણ, માળીયા મીયાણા, અંજાર, ખાતે પ્લેટફોર્મ ઊંચાઈ વધારવી, પાલનપુર રેલવે કોલોની ખાતે પાણી વ્યવસ્થાની આપૂર્તિ, કોલોની રોડ, અંડર ગ્રાઉન્ડ ડ્રેઇન, OH ટાંકી અને સમ્પ ઉપલબ્ધ કરાવવા અને ICD કાંકરિયા ખાતે ટ્રેક પીટ કોલમ્સ, પીટ લાઇન કેટવોક માટે સુધારણા તેમજ કાંકરિયા યાર્ડ ખાતે કેટવોક પીટ લાઈન નં. 1 ને તોડી પાડવું અને પુન:નિર્માણના સંબંધમાં ઇલેક્ટ્રિકલ કામ. | ₹ 1,25,46,202/- | ₹ 2,12,700/- |
| 2. | EL-50-1-ADI-T-06-2025-26 | અમદાવાદ ડિવિઝન - સાબરમતી અને ગાંધીગ્રામ રેલવે કોલોની માં લક્સ લેવલ ની સુધારણા અને કોમ્યુનિટી હોલ - મહેસાણા ખાતે એયર-કન્ડિશનિંગ ની જોગવાઈના સંબંધમાં ઇલેક્ટ્રીકલ કામ. | ₹ 56,99,170/- | ₹ 1,14,000/- |
| 3. | EL-50-1-ADI-T-07-2025-26 | અમદાવાદ ડિવિઝન - વિવિધ સ્થળો ખાતે રૂફટોપ આધારિત સોલાર પ્લાન્ટ્સ ની સ્થાપના કરવાના સંબંધમાં ઇલેક્ટ્રીકલ કામ. | ₹ 14,00,28,226/- | ₹ 8,50,200/- |

**તમામ ટેન્ડર માટે : જમા કરાવવાની તારીખ અને સમય :** તા 20.05.2025 ના 15:00 કલાક સુધી; **ખોલવાની તારીખ અને સમય :** તા. 20.05.2025 ના 15:30 કલાકે; **ઓફિસનું સરનામુ :** સિનિ. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પ.રે.) ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345; વેબસાઈટ વિગત : www.ireps.gov.in 021

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

વિભાગ: ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E.E. મિકે./EI/૪૧૩/મેઈન્ટ. તા. ૨૫/૦૪/૨૦૨૫
ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ / B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખિત છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૧૭૪૧૫૦_૧ | CIDM પરેલ ખાતે હાલના જૂના 3D પ્રોજેકશન લાઈટિંગ/ સાઉન્ડ સિસ્ટમની અપગ્રેડીંગનું કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) અને BMC વેબસાઈટ http://portal.mcgm.gov.in ની મુલાકાત લેવી.

સહી/-
E.E.Mech.(EI) મેઈન્ટ

PRO/238/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્ય**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 05 વર્ષ 2025-26, તારીખ: 24/04/2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001, વેબસાઈટ : www.ireps.gov.in

| અ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT ખર્ચ | અરેન્સ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-06 | રાજકોટ ડિવિઝન: લવાણપુર-ગૂડ્સ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નું અપગ્રેડેશન. | ₹ 4,32,22,821.06 | ₹ 3,66,100.00 |
| 2 | DRM-RJT-2025-26-E-07 | રાજકોટ ડિવિઝન: વાંકાનેર-ગૂડ્સ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નું અપગ્રેડેશન. | ₹ 4,47,22,881.71 | ₹ 3,73,600.00 |
| 3 | DRM-RJT-2025-26-E-08 | રાજકોટ ડિવિઝન : સિની.ડિવિઝનલ એન્જીનીયર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ પી-વે સામગ્રીઓનું પરિવહન. | ₹ 32,35,196.67 | ₹ 64,700.00 |
| 4 | DRM-RJT-2025-26-E-09 | રાજકોટ ડિવિઝન: (I) નવલખી - ગૂડ્સ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નું અપગ્રેડેશન. (II) સિની. સેક્શન એન્જિનિયર(પી.વે) મોરબીના સેક્શન હેઠળ નવલખી અને લવાણપુર માં ડ્રાઈન ની જોગવાઈ. | ₹ 7,41,84,479.60 | ₹ 5,20,900.00 |
| 5 | DRM-RJT-2025-26-E-10 | રાજકોટ ડિવિઝન: સુરેન્દ્રનગર, વાંકાનેર અને રાજકોટ યાર્ડ્સ ની પેસેન્જર રનિંગલાઈનોની સુધારણા અને અપગ્રડેશનના સંબંધમાં ડ્રેઈન ની આપૂર્તિ. | ₹ 9,46,65,077.59 | ₹ 6,23,300.00 |
| 6 | DRM-RJT-2025-26-E-11 | રાજકોટ ડિવિઝન : સિની.ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળો માં ગ્લૂઈડજોઈંટ્સ નું ફેબ્રીકેશન. | ₹ 1,71,66,300.00 | ₹ 2,35,800.00 |
| 7 | DRM-RJT-2025-26-E-12 | રાજકોટ ડિવિઝન : સિની.ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળો પર વેલ્ડિંગ 60/52 Kg (R260/90UTS) આપૂર્તિ અને અમલીકરણ. | ₹ 2,14,01,585.32 | ₹ 2,57,000.00 |

**તમામ ટેન્ડર માટે : ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 19/05/2025, 15:00 કલાકે. 014

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# દરિયાઈ સીમા ભગવાન ભરોસે

## પહલગામ હુમલા પગલે સરહદો પર સલામતી વધારાઈ, પણ વાઢવણ બંદરવાળા પાલઘર કિનારાની રક્ષા માટેની ચારમાંની ત્રણ બોટ બંધ

*યોગેશ સી. પટેલ*

મુંબઈ: કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા પછી મુંબઈ અને આસપાસના ભાગોમાં સુરક્ષા અને દરિયાકિનારાઓની સલામતી વધારવાની સૂચના આપવામાં આવી છે ત્યારે મહત્ત્વના પશ્ચિમ કાંઠાની સલામતીવ્યવસ્થામાં છીંડાં હોવાનું સામે આવ્યું છે. પાલઘર જિલ્લાના વાઢવણને દેશનું સૌથી મોટું બંદર બનાવવાની દિશામાં સરકાર પગલું ભરી રહી છે એવા સમયે ત્યાંના દરિયાકાંઠાની સુરક્ષા માછીમારોને ભરોસે હોવાનું કહેવાય છે. દરિયાઈ સુરક્ષા માટેની પાલઘર પોલીસની ચારમાંથી માત્ર એક જ બોટ અત્યારે કાર્યરત છે, જ્યારે બીજી બગડેલી છે અને અન્ય બે આધુનિકીકરણ માટે મોકલાઈ હોવાનું ખુદ પોલીસ કબૂલે છે. યાદ રહે, ૨૦૦૮માં ૨૬/૧૧નો આતંકી હુમલો દરિયાઈ સીમા ઓળંગીને જ થયો હતો.

પાલઘર પોલીસની અખબારી યાદીમાં જણાવાયું છે કે પહલગામમાં થયેલા આતંકી હુમલાને પગલે દરિયાઈ સુરક્ષા વધારીને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. દરિયાકિનારા અને ખાડી જે પોલીસ સ્ટેશનોની હદમાં આવે છે ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓને ચાંપતી નજર રાખવાનું (જુઓ પાનું ૪) ▶▶

# મંત્રાલયમાં કોર્પોરેટ કલ્ચર

## કર્મચારીઓનાં કામનું મૂલ્યાંકન હવે કી પરફોર્મન્સ ઈન્ડિકેટરને આધારે!

*વિપુલ વૈદ્ય*

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના લોકોનાં જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. આના ભાગ રૂપે, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટે 'કોર્પોરેટ' શૈલીની જેમ જ કર્મચારીઓનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેટ્સમાં કી રિઝલ્ટ એરિયા (કેઆરએ) સિસ્ટમની જેમ, સરકારી કર્મચારીઓનું મૂલ્યાંકન કી પરફોર્મન્સ ઈન્ડિકેટર (કેપીઆઈ)ના આધારે કરવામાં આવશે.

સરકારના નીતિગત પગલાંમાં સામાન્ય નાગરિકોની જરૂરિયાતોને સમજવા અને તે મુજબ વહીવટી પ્રક્રિયાઓમાં સુધારો કરવાના રસ્તાઓ સૂચવવાનો સમાવેશ થાય છે. આ વખતે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશો અનુસાર, સરકારે મહેસૂલ વિભાગ સ્તરે દરેક વિભાગીય કમિશનરની અધ્યક્ષતામાં કુલ છ વિષયવાર અભ્યાસ સમિતિઓની રચના કરવાનો નિર્ણય લીધો છે.

સરકારે કોર્પોરેટ કંપનીઓની જેમ કર્મચારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય લીધો છે અને આ સંદર્ભમાં નિયમો ઘડવા માટે અમરાવતી વિભાગીય કમિશનરની અધ્યક્ષતામાં એક અલગ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ કર્મચારીઓ અને અધિકારીઓના મુખ્ય પ્રદર્શન સૂચકાંકો (કેપીઆઈ) નક્કી કરશે. આ સમિતિ નીચે મુજબ કાર્ય કરશે: વિભાગીય કમિશનર કચેરી, જિલ્લા કલેક્ટર, સબ-ડિવિઝન, (જુઓ પાનું ૪) ▶▶

## બદલાપુર એન્કાઉન્ટર કેસ

# આવી બેશરમી...

### પાંચ પોલીસ સામે અમારા આદેશ છતાં એફઆઈઆર કેમ નહીં?: ભડકેલી હાઇ કોર્ટ આદેશના અનાદરની કાર્યવાહીની ચેતવણી આપી

મુંબઈ: બદલાપુર જાતીય સતામણી કેસના આરોપી અક્ષય શિંદેનું કસ્ટડીમાં થયેલા મૃત્યુ પ્રકરણે પાંચ પોલીસ સામે એફઆઇઆર નોંધવાનો આદેશ આપવા છતાં પોલીસે આદેશનું પાલન ન કર્યું એ જાણીને આઘાત લાગ્યો છે, એમ બૉમ્બે હાઇ કોર્ટે કહ્યું હતું.

આજે ને આજે (શુક્રવારે) સંબંધિત દસ્તાવેજો વિશેષ તપાસ એજન્સીને સોંપવામાં નહીં આવે તો મહારાષ્ટ્ર સરકાર સામે કોર્ટના આદેશના અનાદરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કોર્ટના આદેશનું બેશરમની જેમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને તેની સામે અનાદરની કાર્યવાહી થવી જ જોઇએ, એમ હાઇ કોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું.

હાઇ કોર્ટે સાતમી એપ્રિલના તેના આદેશમાં જણાવ્યું હતું કે પ્રથમદર્શી ગુનો થયો છે તેથી તપસ એજન્સી માટે એફઆઇઆર નોંધાવવો ફરજિયાત છે. કોર્ટે તે સમયે સુપ્રીમ કોર્ટનો લલિતા કુમારીના કેસનો ચુકાદો પણ ટાંક્યો હતો.

કોર્ટે ત્યાર બાદ જોઇન્ટ પોલીસ કમિશનર લક્ષ્મી ગૌતમના નિરીક્ષણ હેઠળ એક વિશેષ તપાસ ટીમ બનાવવાનો આદેશ આપ્યો હતો તથા તેનું નેતૃત્ત્વ ડેપ્યુટી પોલીસ કમિશનર કરશે, એમ પણ કહ્યું હતું. આ સિવાય કોર્ટે (જુઓ પાનું ૪) ▶▶

# ટ્રેન-બસ-મેટ્રોઃ તમામ ટ્રાન્સપોર્ટ સેવા હવે એક જ ઓથોરિટી હેઠળ લવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે વહીવટીતંત્રને એવો નિર્દેશ આપ્યો હતો આપ્યો હતો કે યુનિફાઈડ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (યુએમટીએ)ની સ્થાપના કરવામાં આવે જેથી શહેરમાં નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે વિવિધ પરિવહનનાં સાધનોનો સંકલિત વિકાસ થઈ શકે.

### મુખ્ય પ્રધાને યુનિફાઈડ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી બનાવવાની જાહેરાત કરી

એક બેઠકને સંબોધતાં તેમણે એવું સૂચન કર્યું હતું કે આ ઓથોરિટી બનાવવાનો અંતિમ નિર્ણય લોકો પાસેથી સૂચનો અને વાંધા-વિરોધ મગાવ્યા બાદ લેવામાં આવશે.

મહાનગરમાં ટ્રાફિક જૅમની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સરકાર વિવિધ સ્તરે કામ કરી રહી છે. નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે નાગરી પરિવહન સેવાઓમાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા છે, એમ જણાવતાં તેમણે યુએમટીએની સ્થાપનાની ભલામણ કરી હતી.

અત્યારે શહેરના વિવિધ ભાગોમાં પરિવહન સેવાઓ મહાનગરપાલિકા, રાજ્ય પરિવહન નિગમ, રેલવે અને મેટ્રો રેલ ઓથોરિટી દ્વારા ચલાવવામાં આવી રહી છે.

પ્રવાસી કેન્દ્રિત પરિવહન સેવાની આવશ્યકતા છે અને મહાનગરોમાં પરિવહન સેવાના વિકાસ અને વિસ્તરણ માટે યુએમટીએના ગઠનની આવશ્યકતા છે. આ ઓથોરિટીના માધ્યમથી વિવિધ પરિવહન સેવામાં સમાન દરો નિર્ધારિત કરવાની સરળતા રહેશે એમ તેમણે કહ્યું હતું. ■

# બેસ્ટના ડેપોમાં મરાઠી ફિલ્મ માટે થિયેટર બનાવવાની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પાલિકા સંચાલિત બેસ્ટ ઉપક્રમને આવકનાં નવાં સ્ત્રોતો તૈયાર કરવલાની સલાહ આપી હતી, જેમાં પાંચ બસ ડેપોમાં મરાઠી ફિલ્મો માટે થિયેટર બાંધવાનો પણ સમાવેશ થતો હતો.

બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ ઉપક્રમની સમીક્ષા બેઠકમાં હાજરી આપીને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પ્રવાસીઓને અત્યાધુનિક બસ ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેથી પ્રવાસીઓ આરામદાયક પ્રવાસ કરી શકે.

તેમણે કહ્યું હતું કે દેવનાર, દિંડોશી અને બાંદ્રાના બસ ડેપોનું રિડેવલપમેન્ટ કરતી વખતે જગ્યા ભાડેથી આપવાની નીતિ ઘડી કાઢવી જોઈએ. બેસ્ટે આવકનાં સ્ત્રોત ઊભાં કરવા (જુઓ પાનું ૪) ▶▶

# કોમન ટિકિટિંગ ઍપ મુંબઇ વન મોદી પહેલી મેએ લૉન્ચ કરશે?

મુંબઈ: જો બધું નક્કી થયા અનુસાર બનશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલી મેના રોજ શહેરમાં જાહેર પરિવહનના તમામ માધ્યમો માટે એક કોમન ટિકિટિંગ એપ મુંબઈ વન લોન્ચ કરશે. મોદી મુંબઈમાં વૅવ્ઝ સમિટનું ઉદ્ઘાટન કરવા આવવાના છે.

આ એપ્લિકેશનનું હાલમાં બીટા ટેસ્ટિંગ થઈ રહ્યું છે. ભારતીય રેલવે, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અમલદારોની બનેલી આંતર-મંત્રાલયની ટીમ એપની ખામીઓને દૂર કરવામાં વ્યસ્ત છે.

એપ્લિકેશનના પરીક્ષણ કરી રહેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઇ વનનો ઉપયોગ શહેરમાં જાહેર પરિવહનના લગભગ ૧.૦૫ કરાયું વપરાશકર્તાઓ કરી શકશે. આ સુવિધામાં ઉપનગરીય લોકલ ટ્રેન,, મેટ્રો રેલ, મોનોરેલ અને બસના મુસાફરોનો સમાવેશ થાય છે. લોકો ફોનની મદદથી ટિકિટ ખરીદી શકશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર હોમ પેજ યુઝર્સને પ્રવાસનું પ્લાનિંગ કરવાની, ટિકિટ ખરીદવાની કે મેપ્સ જોવાની સુવિધા (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

અઝરબૈજાન (બાકુ-ગબાલા-સદાગ) ગ્રુપ ટુર
યમુનોત્રી-ગંગોત્રી-કેદારનાથ-બદ્રીનાથ
ચારધામ- તીર્થ થી વિશેષ નૈસર્ગિક સૌંદર્યનું પ્રતિક
સ્પીટીવેલી-નારખંડા સાંગલા-કલ્પા-ચંદ્રતાલ By Air 19, 31 May & 12 June
દાર્જીલીંગ-ગેંગટોક લાચુમ-પેલીંગ Rs.65000 By Air
લેહ-લદાખ Rs. 29000/- Air May to Aug
નૈનીતાલ મસુરી-ઔલી By Air 9 & 17 May
અરૂણાચલ-મેઘાલય-આસામ By Air Rs. 75000 7 May, 26 June
સુ-મન ટુર 9224139889 9930096560 www.su-mantours.com
દુબઈ સાથે અબુધાબી-49999 થી
બાલી - હોંગકોંગ - મકાઉ
સિંગાપુર-સાથે/વગર ક્રુઝ-સૌથી સસ્તુ અને સુંદર થાઈલેન્ડ

# ૪૮ કલાક પછી પણ પાકિસ્તાનીઓ મહારાષ્ટ્રમાં દેખાયા તો કડક કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કર્યા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં વધુ સમય રોકાતા પાકિસ્તાની નાગરિકો સામે કડક કાર્યવાહીની જાહેરાત કરી હતી. જિલ્લા પોલીસ એકમોને કડક દેખરેખ રાખવા અને પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે, જેમાં ૪૮ કલાકની મર્યાદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાનૂની કાર્યવાહીની ધમકી ઉચ્ચારવામાં આવી છે.

ભારત સરકારે ભારતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કર્યા છે અને તેમને તાત્કાલિક અહીંથી ચાલ્યા (જુઓ પાનું ૪) ▶▶

## પુણેમાંના ૧૧૧ પાકિસ્તાનીને તત્કાળ ભારત છોડવા આદેશ

પુણે: પુણે વહીવટીતંત્રે જિલ્લામાં રહેતા ૧૧૧ પાકિસ્તાની નાગરિકની ઓળખ કરી હતી અને તેમને ૨૭મી એપ્રિલ સુધી ભારત છોડી દેવાનો નિર્દેશ કર્યો હતો. પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા તમામ પ્રકારના વિઝા રદ કરવામાં આવ્યા છે જેના હેઠળ ઉક્ત આદેશ આપવામાં આવ્યો હતો. તેમ છતાં મેડિકલ વિઝાને વધુ બે દિવસનો સમય વધારી આપવામાં આવ્યો છે. પાકિસ્તાની (જુઓ પાનું ૪) ▶▶

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

સ્વ.ઋષિલ આશિષ શાહ
સ્વ. તા. ૨૬-૦૪-૨૦૨૩
હે પ્રભુ અમારે જેની જરૂર હતી તેની તમારે શી જરૂર પડી ?
તમારા ખજાનામાં ક્યાં ખોટ હતી કે અમારા ખજાનામાં લૂંટ કરી ?
રડી રહી છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી,
જયાં કુદરત રૂઠી ત્યાં કોને ફરીયાદ કરવી ?
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના..
સુરેશ બી. શાહ (દાદા)
સ્વ. મોહિની એસ. શાહ (દાદી)
વિરલ શાહ (ફુઆ)
શ્રેયા શાહ (ફઈ)
લિ. આશિષ એસ. શાહ
સપના આશિષ શાહ
તથા સમસ્ત પરિવાર

# આ વર્ષે ગણેશોત્સવમાં માત્ર શાડૂ માટીની જ મૂર્તિઓ હશે

## કોર્ટના આદેશ મુજબ પીઓપી પરના પ્રતિબંધનો કડકાઈથી અમલ કરશે સુધરાઈઃ મૂર્તિકારો સાથેની બેઠકમાં અપાઈ ગયું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાઈ કોર્ટના આદેશ તથા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સૂચના મુજબ આ વર્ષે ગણેશોત્સવ પર્યાવરણને નુકસાન ન થાય એવી પદ્ધતિએ ઉજવવામાં આવે તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ તૈયારીઓ ચાલુ કરી દીધી છે, જે અંતર્ગત શુક્રવારે મૂર્તિકારો સાથે બેઠક લઈને પીઓપીની મૂર્તિ નહીં બનાતા શાડૂ માટીની મૂર્તિ બનાવવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો હતો. તે માટે વહેલા તે પહેલાના ધોરણે મૂર્તિકારોને મૂર્તિ માટે માટી આપવાનું આશ્વાસન પ્રશાસને આપ્યું હતું.

ગણેશોત્સવ ૨૦૨૫ની ઉજવણી સંપૂર્ણપણે પર્યાવરણને અનુરૂપ કરવા માટે પાલિકાએ મૂર્તિકારોને મંડપ વહેલા તે પહેલાને ધોરણે મફતમાં જગ્યા ઉપલબ્ધ (જુઓ પાનું ૪) ▶▶

# કામરાની ધરપકડ ન કરતા, તપાસ ચાલુ રાખોઃ હાઈ કોર્ટ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સામેની વાંધાજનક ટિપ્પણી માટે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામેની પોલીસ તપાસ ચાલુ રાખી શકાય છે, પરંતુ તેની ધરપકડ કરવાની જરૂર નથી, એમ બૉમ્બે હાઇ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું.

વાણી સ્વતંત્ર્ય પરના પ્રતિબંધ (જુઓ પાનું ૪) ▶▶

# દીકરાઓના ડ્રગ્સના ધંધાથી કંટાળી બિલ્ડર પિતાનો આપઘાત

મુંબઈ: નવી મુંબઈમાં બનેલી આંચકાજનક ઘટનામાં ડ્રગ્સ સિન્ડિકેટ સાથે સંકળાયેલા આરોપીના પિતાએ પોતાના જ લમણે ગોળી મારી લીધી હતી. ફરાર બન્ને પુત્ર સંબંધી પૂછપરછ માટે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી) અને બેલાપુર પોલીસ દ્વારા વારંવાર સમન્સ મોકલવામાં આવતા હોવાથી માનસિક તાણમાં પિતાએ જીવન ટૂંકાવ્યું હોવાનો દાવો પરિવારજનોએ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સવારે ૬.૩૦ વાગ્યા પછી નવી મુંબઈના બેલાપુર ફોર્ટ નજીક બની હતી. બિલ્ડર ગુરુનાથે ચિચકર (૫૦) બેલાપુર ફોર્ટ નજીક કિલ્લે ગાંવઠણ ખાતેની એક સોસાયટીના (જુઓ પાનું ૪) ▶▶



# અંધેરીના ગોખલે પુલને ખુલ્લો મુકવા માટે મેનું મૂરત

## ટ્રાફિક પોલીસની મંજૂરીની જોવાતી રાહઃ વિક્રોલી બ્રિજનું ૯૫ ટકા કામ પૂરું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડનારા મહત્ત્વના ગોપાલકૃષ્ણ ગોખલે પુલનું ૧૦૦ ટકા કામ પૂરું થઈ ગયું છે અને ટ્રાફિક ડિપાર્ટમેન્ટની મંજૂરી મળવાની સાથે જ તેને વાહનવ્યહાર માટે ખોલી મૂકવામાં આવવાનો છે, તો વિક્રોલીનો રેલવે ઓવર બ્રિજનું ૯૫ ટકા કામ પૂરું થઈ ગયું છે અને બાકીનું કામ ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં પૂરું કરીને તેને ચોમાસા પહેલા ખુલ્લો મૂકી દેવામાં આવશે એવું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

અંધેરીનો ગોપાલકૃષ્ણ ગોખલે બ્રિજના બીજા તબક્કામાં મુખ્ય કામ લગભગ ૧૦૦ ટકા પૂરું થઈ ગયું છે, તેમાં રેલવેની હદનું (જુઓ પાનું ૪) ▶▶

માણો યાદગાર વિદેશ પ્રવાસો શાહ હોલીડેઝ સંગાથે...
SOUTH KOREA 10 DAYS

SOUTH AFRICA 13 DAYS

BAKU WITH GEORGIA 12 DAYS

TURKEY 12 DAYS

PACKAGE INCLUSIONS :-
• Economy Class Group Airfare
• Luxurious Hotels
• શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનજર ની સેવા.
• એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.